-: ફક્ત શીયા ઈમામી ઈસ્માઈલીઓ માટે જ :-

હઝરત શાહ તુરેલ (તાજદીન) પછીના પીર

# પીર પંદિયાતે જવાંમર્દી

યાને

હક મૌલાના ઈમામ મુસ્તનસિરબિલ્લાહના

## ફરમાન મુબારક

ગુજરાતી તરજુમો

એ. એ. ગીલાની

ઈસ્માઈલી પ્રીન્ટીંગ પ્રેસ મુંબઈ

ઈ.સ. ૧૯૦૧

-: ટ્રાન્સક્રીપ્ટ રજુ કરતા :-

🌹અલી ઈલ્મ ગ્રુપ હુશ્ટન. યુ.એસ.એ.🌹

આવૃત્તિ ૧૧મી જુલાઈ ૨૦૧૮

-: ફક્ત શીયા ઈમામી ઈસ્માઈલીઓ માટે જ :-

### હઝરત શાહ તુરેલ (તાજદીન) પછીના પીર

# પીર પંદિયાતે જવાંમર્દી

યાને

## હક મૌલાના ઈમામ મુસ્તનસિરબિલ્લાહના

# ફરમાન મુબારક

ગુજરાતી તરજુમો

એ. એ. ગીલાની

ઈસ્માઈલી પ્રીન્ટીંગ પ્રેસ મુંબઈ

ઈ.સ. ૧૯૦૧

-: ટ્રાન્સક્રીપ્ટ રજુ કરતા :-

**અલી ઈલ્મ ગ્રુપ હુશ્ટન. યુ.એસ.એ.**

આવૃત્તિ ૧૧મી જુલાઈ ૨૦૧૮

# કલામે મૌલા અલી

*અવ્વલ ઝીકર અલ્લાહકા, જો હએ રહીમ રહેમાન;
દુયુમ કલમા મહમદકા, જો હએ દીન ઈમાન;*
*સિયુમ કલમા મઉલાકા, જો યેહ કલામ સુનાયા હએ;
યે ખજાના ઝવાહેરકા હય, સો ઝાહેર કર બતાયા હય.*

*સાચા દીન તો નબી ચલાયા, શરાઅ ચલાયા સીધી રાહ;
આલી હિંમતસે સબ દીનું પર, ફતેહ પાએ બ ફજલે અલ્લાહ;*
*નુર ઈલાહી અવ્વલ થા, સો આખર જગમેં પાયા ઝહુર;
ઈસી દીનકે તાબે હોવે, ઉસમેં રોશન હોવે રબકા નુર.*

*મરતબા ઈલમ કેરા, સબ હુન્નર ઉપર હએ આલા;
કે ઈલમસે તો રબ પહેચાના, જીને અપના દિલ ઉજાલા;*
*ઓર હુન્નર કમાઈ સબ ફના હોવે, પહેચાન ખુદાકી રહેવે બાકી;
એ સુનો સમજો યાદજ રાખો, ફરમાયા કઉસરે સાકી.*

(કલામે મૌલા અલી)

| નંબર | અનુક્રમણિકા | પાના નંબર |
|---|---|---|
| ૧ | હકીકી મોમનનાં ગુણો | ૧ |
| ૨ | ખુદાનો સાચો બંદો | ૧૫ |
| ૩ | સખાવત અને કંજુસી | ૨૬ |
| ૪ | બદનજરી | ૪૦ |
| ૫ | ઝિકર અને ફિકર | ૪૫ |
| ૬ | મુનાફિકની ઈલ્મની દુશ્મની | ૫૩ |
| ૭ | દિદારને માટે કુરબાનીઓ - ૧ | ૫૯ |
| ૮ | ખુદાનો મહેલ અને તખ્ત | ૬૫ |
| ૯ | હાઝર અને નાઝરનો મતલબ | ૬૭ |
| ૧૦ | હકીકી મોમનનો દરજ્જો | ૭૧ |
| ૧૧ | પીર અને શિક્ષક | ૭૫ |
| ૧૨ | નજાતની કિશ્તી | ૮૫ |
| ૧૩ | સાચી ખુશીનું સ્થાન | ૯૧ |
| ૧૪ | બુરાઈનો અંજામ | ૯૪ |

| | | |
|---|---|---|
| ૧૫ | ઝિન્દા સમુદ્ર | ૯૬ |
| ૧૬ | દિદારને માટે કુર્બાનીઓ - ૨ | ૯૯ |
| ૧૭ | ઈસરારે ઈમામત | ૧૦૩ |
| ૧૮ | પરસ્પર ભાઈચારો | ૧૦૪ |
| ૧૯ | આખરતની ખેતી | ૧૧૧ |
| ૨૦ | ખુદાની મારેફ્ત | ૧૧૩ |
| ૨૧ | અનુકરણના પરિણામો | ૧૨૩ |
| ૨૨ | સૌથી મોટી દૌલત | ૧૨૯ |
| ૨૩ | માલે વાજબાત | ૧૩૨ |
| ૨૪ | ઈમામની શનાખ્ત | ૧૩૩ |
| ૨૫ | નુરાની દિદાર | ૧૩૫ |
| ૨૬ | બુનિયાદી ગલતી | ૧૩૭ |
| ૨૭ | ફરમાંબરદારીની બરકતો | ૧૪૦ |
| ૨૮ | હલાલ ભોજન અને લિબાસ | ૧૪૪ |
| ૨૯ | નાફરમાનીનું પરીણામ | ૧૪૮ |
| ૩૦ | આખેરત પર યકીન | ૧૫૫ |

| | | |
|---|---|---|
| ૩૧ | રૂહાની તરક્કીનો ભેદ | ૧૬૧ |
| ૩૨ | બાર જવાંમર્દીઓ | ૧૬૩ |
| ૩૩ | દિલની પવિત્રતા | ૧૬૪ |
| ૩૪ | દશોંદ | ૧૬૬ |
| ૩૫ | કબુલાત અને પ્રસન્નતા | ૧૭૩ |
| ૩૬ | હકને જોવાવાળી આંખ | ૧૭૩ |
| ૩૭ | ન્યામત અને તેની પડતી | ૧૭૬ |
| ૩૮ | ખુદાની પ્રસન્નતા | ૧૭૮ |
| ૩૯ | દીની તથા નૈતિક | ૧૭૯ |
| ૪૦ | ગીબતની દુર્ગંધ | ૧૮૦ |
| ૪૧ | બાતુની રોઝા | ૧૮૩ |
| ૪૨ | હકીકી ઈશ્કની હિકમત | ૧૮૬ |
| ૪૩ | કઈ ચીજ ફખ્ર કરવાની યોગ્ય છે | ૧૮૮ |
| ૪૪ | બાતુની પવિત્રતા | ૧૮૮ |
| ૪૫ | રૂહાની દીદારની શરતો | ૧૯૪ |
| ૪૬ | ફિદીયાતે જવાંમર્દી | ૧૯૫ |
| ૪૭ | ફિંદીઆત નાનો બીજો | ૧૯૬ |

# પીર પંદિયાતે જવાંમર્દી

## બે બોલ

ઉસ્તાદ પીર સદરદીન પછી તેમના સપુત્ર ગુરપીર હસન કબીરદીન સાહેબે ઉપખંડમાં મઝહબે ઈસ્માઈલીયાનો બહોળો ફેલાવો કરવા પછી તેમના ભાઈ પીર તાજદીન (શાહ તુરેલ) ને ઝમાનાના ઈમામ મૌલાના શાહ મુસ્તનસિરબિલ્લાહે પીરાતનનો જોમો ઈનાયત ફરમાવ્યો પણ તેમની વફાત ૨૧ વર્ષની ભરજવાનીમાં થતાં તેમના જોમા વિસર્જન પછી કોઈની પણ પીર તરીકે નીમાણુંક કરવાનું એ વખતના હાઝર જોમાના ધણીને યોગ્ય ન લાગ્યું. કારણ કે પીર હસન કબીરદીન સાહેબના ૧૮ ફરઝંદોમાથી ૧૭ ફરજંદોએ પોતાની જુદી જુદી સ્વતંત્ર મઝહબી દુકાનો માંડી, મુરીદો ને ઉવાટે ચડાવી દીધા હતા.

ફક્ત સૈયદ ઈમામશાહ, મઝહબે ઈસ્માઈલી-યાના પ્રકાશીત પંથ પર મુકમ્મિલ રહ્યા હતા પણ તેમની હૈયાતીમાં કે તેમની વફાત પછી તેમના દીકરા નુરમોહમદ શાહે પોતાને નર (ઈમામ) તરીકે પોતાને ઓળખાવી અલગ ઈમામશાહી પંથની બુન્યાદ નાખી ઈસ્માઈલી દીનમાં "નર" ઈમામને કહેવાય છે અને "ગુર" તેમના સ્થાપેલા પીર સાહેબને કહેવાય છે. એ બંને બુઝુર્ગવારો હ. મૌલા અલી અને હ.નબી મહંમદના જ નુરના મઝહરો હોય છે. મૌલા મુશ્કિલ કુશાની ગાદી પર ઈમામુલ હાજરીન વ કાએમીન બિરાજે છે. અને હઝરત નબી મહંમદ મુસ્તફાના મુસલ્લા પર જોમાના પીર બિરાજે છે. ઈમામનું જાહેર હોવું જરૂરી છે પણ પીરનો જોમો ક્યારેક પ્રગટ હોય છે તો ક્યારેક ઈમામના જોમા સાથે જ સમાવિષ્ટ હોય

છે. આવી રીતે ગુર-નર અથવા શાહ-પીર અથવા અલી-નબી ક્યારેક એક રૂપે તો ક્યારેક બે જુદા જુદા જામામાં હર ઝમાનામાં જલ્વાગર હોય છે. દીને ઈસ્માઈલીની દ્રષ્ટિએ કુરાઆને કરીમની ગવાહીથી ઈમામે ઝમાન ઉલીલઅમ્ર મિન્કુમ હોવાથી તેઓ હુકમના સંપુર્ણ સત્તાધીશ હોવાની હેસીયતથી તેઓ જેને ચાહે તેને પીરનો જામો ઈનાયત ફરમાવી શકે છે. મૌલાના ધણી સલામત દાત્તાર સરકાર નુર મૌલાના શાહ કરીમ હાઝર ઈમામ સુધી કુલ પચાસ પીરો થયા છે તેમાં એક મહિલા, એક બાળક અને એક કિતાબને પણ પીરાતનનો જામો મળેલો છે. મહિલા પીર તે આપણા જપમાં ઈમામ હ. આકા ખલીલ્લાહના પુનિત બીબી સાહેબા પીર માતા સલામત. જે બીબી સરકારના નામથી જાણીતા હતા. બાળક

પીર તે આપણા ૪૭માં ઈમામ આકા અલી શાહના ફરઝંદ પીર શાહાબુદ્દીન શાહ માબાપના ફરઝંદ હ. પીર અબુલ હસન શાહ કે જેમણે ત્રણ કે ચાર મહીનાની નાની ઉમરમાં પીરાતનનો દરજ્જો મળેલો હતો. અને કિતાબ પીરતે આ કિતાબ "પીર પંદિયાતે જવાંમર્દી" છે.

હઝરત સૈયદના પીર તાજદીનના જોમા વિસર્જન પછી જ્યારે મુરીદોએ મૌલા પાસે પીરની માંગણી કરી ત્યારે ખુદાવંદ નુર મૌલાના શાહ આકા મુસ્તનસિરબિલ્લા માં બાપે પોતાના હસ્તમુબારકથી પોતાનાં પવિત્ર ફરમાનોની એક કિતાબ લખી અને એવણ સાહેબના પવિત્ર સુપુત આપણા તેત્રીસમાં ઈમામ હ. મૌલાના શાહ આગા અબ્દુસ્લામ માંબાપે તેને ૨૯માં પીર તરીકે પ્રચલીત કરી

મુરીદોને આપી. તેમાં લખેલી હિદાયત પ્રમાણે સતપંથ સિરાતલમુસ્તકીમ પર ચાલવાનો આદેશ આપ્યો તેથી આ કિતાબમાં મૌલાના શાહ અબદુસ્સલામ માંબાપનું મુબારક નામ પણ નજરે પડે છે.

આશા છે તથા નમ્ર વિનંતી પણ છે કે આ કિતાબ, કે જે એક જમાનામાં પીરનો દરજ્જો ધરાવતી હતી તે "પીર પંદિયાતે જવાંમર્દી"નું મુરબ્બી દીન ભાઈ બહેનો પ્રેમથી અને અકીદતથી વાંચન કરે અને જતનથી સન્માનથી અને અકીદતથી જાળવી રાખે.

શુભેચ્છાઓ સહીત

-પ્રગટકર્તા.

# પીર પંદિયાતે જવાંમર્દી

## હકીકી મોમનના ગુણ

જાણી લ્યો કે આપણા આકા ઈમામે ઝમાન હઝરત મૌલાના શાહ મુસ્તનસિર-બિલ્લાહ અલયહિસ્સલાતો વસ્સલામે પોતાના મુખ મુબારકથી ફરમાવ્યું કે:-

હકીકી મોમન તે છે કે જે પોતાના માલ યાને કમાઈમાંથી દસમો ભાગ, જે ઈમામે હાઝિરનો હક છે તે સિદ્દક દિલથી અને પુરેપુરો અલગ કરીને પોતાના ઈમામે ઝમાનને હવાલે કરીદે છે, તે એ ઉસુલથી કે તે તમામ આર્થિક લાભ તથા કમાઈ જે એને પ્રાપ્ત થાય તેના દસ ભાગ કરે છે અને પોતાની એ રિઝક અને રોજી જે અલ્લાહતઆલા પોતાના બંદાને ઈનાયત ફરમાવે છે અને તે દસ ભાગોમાંથી એક ભાગ ઈમામે ઝમાનની માલીકીનો છે તેને

હકીકી મોમન જુદો કરીદે છે. અને તે હિસ્સો હઝરત શાહે મર્દા મૌલા મુર્તઝાઅલી જે હયાત અને હાઝર છે તેમની હુઝુરપુર નુરમાં જરાએ વધઘટ વગર પહોંચતો કરે છે.

**હકીકી મોમન તે છે જે શરીઅતથી તરીકતમાં અને તરીકતથી હકીકતમાં - જે શરીઅતનું બાતિન છે. તેમાં દાખલ થઈ જાય છે. શરીઅત એક દીવા મીસાલ છે અને તરીકત રસ્તા માફક છે. અને હકીકત તે મંઝીલે મકસુદ માફક છે. મોમનને એવી કોશીશ કરવી જોઈએ કે તે દીવાના અજવાળામાં સીધા રસ્તા પર ચાલી શકે અને હકીકતના ઘરમાં દાખલ થઈ જાય. અને હકીકતની બુનિયાદ ઈમામે ઝમાનને ઓળખે** અને દરેક ચીજનો મકસદ તેની આંતરિક અસલિયત છે. કેમકે ચીજનો

નીચોડ મગજ અને રસ તો એ જ છે. તો શરીઅતથી પયગમ્બર સલઅમની આંતરિક બુઝર્ગી છે જેનું નામ હકીકત છે અને ઈમામે વક્તની ઓળખાણ મારફ્ત પર કાયમ છે.

(દસોંદ તે કુરઆને શરીફ મુજબ "ઉશ્રઅલ્લાહ" યાને અલ્લાહનો દસમો ભાગ અને ઝકાત તે ૪૦મો ભાગ યાને અઢી ટકા એમ મળીને સાડાબાર ટકા થાય છે.) પીરોએ એનો ખુલાસો આ પ્રમાણે ફરમાવેલ છે.

એજી દસોંદ તે દસમી પાંતી કહીયે,
અને કહીયે તે નરજીનો આહાર,
ચાલીસો પીર મુખે આલીયે,
પીરી મુરીદીનો એ છે વહેવાર...ચેતો

એજી તે શાહ પીરની પાંતી અળગી કરો,
અને બીજો કરો પોતાનો આહાર,
તે માહે તો બરકત થાશે ઘણી,
તે માં સેંસો મ આણજો લગાર...ચેતો

મોમન તે છે કે જે બુલંદ હિમ્મતવાળો હોય છે અને તે કરેક વરસના બારેય મહીના યાને આખું વરસ સારા કામ અને નેક આમાલ કરે છે. હંમેશાં હકતઆલાની યાદમાં રહે છે તે સાચી વાત કહે છે અને સાચી વાત જ સાંભળે છે સચ્ચાઈ પર કાયમ રહે છે. સચ્ચાઈ પર ચાલે છે. તેનું અંતર પાક હોય છે અને તેનું દિલ સાચું અને સાફ હોય છે.

મોમન તે છે કે જેનું મન પાક અને સાફ હોય તેમજ તે એવું ઉત્તમ હોય કે હરામખોરીનાં ખરાબ કામો પાછળ ન જાય.

મોમન તે છે કે જે પોતાની આંખોંથી સારૂં અને સાચું જુએ. નાહકની નજર ન કરે, શું પરાયા માલ તરફ કે શું પરાઈ ઔરત તરફ તે બદનજર ન કરે.

મોમન તે છે કે જેની જબાન સત્ય હોય

તે કદી ગાળ ન કાઢે અને ખોટું પણ ન બોલે તેમ ગીબત પણ ન કરે તે જે કાંઈ પોતાને માટે યોગ્ય નથી સમજતો તે બીજાને માટે પણ યોગ્ય ન સમજે.

મોમન તે છે જેનું વચન એકજ હોય તેની વાત સીધી હોય, વાંકુ ન બોલે.

મોમન તે છે કે જે વાયદો કરે તો તેને વાજબ છે કે પોતાનો વાયદો સાચો કરી દેખાડે. તેના પર બરાબર અમલ કરે યાને વાયદા ખીલાફી ન કરે.

મોમન તે છે જે હલાલનું ખાય; મોમન કદી હરામનું ખાવાવાળો ન હોય ને પોતાના મોઢામાં લુકમો હલાલનો ખાય ને હરામનું ન ખાય.**

મોમન તે છે જે દિલનો સાફ હોય અને અદેખાઈ તથા પોતાના દિલમાં દુશ્મની ન

રાખે ને જલ્દી ગરમ ગુસ્સે ન થાય તે પોતાનું દિલ સાચું અને પોતાની દ્રષ્ટી સાફ રાખે.

(**હરામનું ખાવાથી એજ ઘડીએ મોમન મૌલા મુશ્કિલકુશાના દોસ્તોની ગણત્રીમાંથી બાતલ થઈ જાય છે. આ માટે એક મશહુર રિવાયત છે. જે ૪૮મા પીર શાહબુદ્દીન શાહે રિસાલા દર હકિકતે દીનમાં ફરમાવેલ છે કે એક વખત મૌલા મુર્તઝા-અલીની હુઝુરમાં કોઈ બેદીન મુનાફિકે અરજ કરી કે સાહેબ, તમારા શીઆઓ દુનિયામાં ગુનાહનાં કામ કરે છે અને હરામખોરી કરે છે. જવાબમાં મૌલાએ ફરમાવ્યું કે અમારા શીઆઓ (દોસ્તો) કદી પણ હરામખોર નથી હોતા. અલબત તેઓ ક્યારેક નાના મોટા ગુન્હાઓમાં ગિરફતાર થઈ જાય છે. પણ અમારી મોહબ્બતની અમર જ્યોતની જવાળામાં

તેઓના ગુનાહો બળીને ભસ્મ થઈ જાય છે.) હરામખોર તેઓ છે કે જેઓ અમારો હક નથી ઓળખતા અમારો હક ગસબ કરી ગયા છે અને અમારી દુશ્મની કરે છે.)

મોમન તે છે કે જેનું દિલ ચોખ્ખું હોય અને સાચું હોય તેના હાથ પણ સાચા હોય, પરાઈ ઔરત કે પરાયા માલ તરફ તેનો હાથ ક્યારેય નાહકને રસ્તે લાંબો ન કરે.

મોમન તે છે જે પોતાના દિલને પરાઈ ઔરતથી હરામખોરી કરવાથી અટકાવે અને તે તરફ ન જાય. જે કોઈ પરાઈ ઔરત પાસે બદ ઈરાદાથી જાય તો તે પોતાની સગી માતા પાસે ગયો એમ નક્કી સમજવું.

મોમન તે છે જેનો પગ સચ્ચાઈ ઉપર હોય. શું પારકા માલ પાછળ કે શું પારકી ઔરત પાછળ તે ખોટે રસ્તે ન જાય.

હકીકતી મોમન તે છે કે જે માથાથી પગ સુધી સાચો અને સાચો જ હોય અર્થાત તે સાચું બોલનારો, સાચું સાંભળનારો હોય સાચે જ રસ્તે ચાલનારો હોય. સાચી સંગતમાં બેસનારો અને સચ્ચાઈને માટે જ ઉઠનારો હોય છે.

હકીકતી મોમન તે છે કે જે સાચ અને જુઠને ઓળખી શકે છે. હલાલ અને હરામ વચ્ચેના તફાવતને સમજી શકે છે. અને તેઓને તરત એક બીજાથી જુદાં કરી શકે છે.

હકીકતી મોમન તે છે કે જે વધુ પડતો હસતો નથી, કેમ કે ઠઠ્ઠા મશકરી તે ગફલત યાને ખુદાને વિસરી જવાથી પેદા થાય છે. અને અટહાસ્ય એ તો શયતાનની જ સુરત છે અને વગર કારણે હસવું હરામ છે. કોઈ હલાક કરી દેનાર જોખમમાંથી ઉગરી ગયા હો તો એ વખતે હસવું તેમાં વાંધો નથી નહીતર જે માણસને મરી જવું છે અને જે દરવેશ છે તેને તો હસવું

આવેજ શાનું? અને કદાચ તે ભુલમાં હસી પણ લ્યે છે તો એ શા કામનું છે? જેના વિષે ખબર હોય કે તેના પછી ગમગીની આવવાની જ છે, વળી એવા એશ આરામમમાં પણ શો ફાયદો છે જેના પછી પડતી આવવાની જ છે.

હકીકતી મોમન તે છે જે હંમેશા ખુદાની યાદમાં મશ્ગુલ હોય અને હંમેશા ખુદાના ડરથી અથવા તેના દિદારની તમન્નામાં ગિરિયાઝારી યાને અશ્રૂપાત કરતો રહે.

હકીકતી મોમન એ છે કે તે જ્યાં પણ હોય અને જે પણ નેક કામ કરતો હોય તો સૌથી પહેલાં તેણે મહાન દયાવંદ ખુદાવંદતઆલાને યાદ કરવા જોઈએ. હંમેશાં ખુદાવંદતઆલાના ખ્યાલમાં રહેવું જોઈએ લોકોની સ્ત્રીઓ તથા દીકરીઓને પોતાની માતા તથા બહેન સમાન સમજવી જોઈએ.

હકીકતી મોમન તે છે કે જે હંમેશા ઝિકર ફિકર અને ખુદાવંદ ઝુંલજલાલની શનાખ્તને માટે કોશીશો કરવામાં મશ્ગુલ હોય. તે કયામતના દિવસનો ડર રાખે છે અને મહાદનની ભયંકર તકલીફોથી હંમેશા જાણકાર રહે છે અને તેનાથી ડરે છે.

હકીકતી મોમન તે છે કે રોઝે કયામતનો હિસાબ જે હકતઆલા તેનાથી લેવાનો છે તેનાથી બહુ ડરે છે અને એ હિસાબથી પહેલાં દરરોજ તે પોતે પણ પોતાના આમાલનો હિસાબ કરતો રહે છે.

હકીકતી મોમન તેજ છે કે જે હંમેશા પોતાના મોતને યાદ કરે છે અને કયામતના દિવસને પોતાની નજીક જ જુએ છે અને તેનાથી બહુ ડરતો રહે છે.

હકીકતી મોમન તે જ છે કે જે ખુદાથી

ડરે છે એનાથી શરમાય છે કુફ્રની વાતો નથી કરતો અને હકતઆલાની યાદથી જરાપણ ગાફલ નથી રહેતો.

હકીકતી મોમન તે જ છે કે જે આખરતથી જાણકાર રહે છે અને પોતાનું મોત ભુલી જતો નથી.

હકીકતી મોમન તે છે કે જે હંમેશા ઈમામે ઝમાનના ફરમાન અને તેના હુકમની તાબેદારી કરે છે.

**હકીકતી મોમન તે જ છે કે જે ખુદાવંદે ગફફારને હંમેશાં પોતાની સામે હાજર નાજર રૂબરૂ અને પોતાના શરીરથી પણ વધારે નજીક સમજે છે.**

હકીકતી મોમન તે જ છે કે જે કોઈ પણ કામકાજ કરે તેમાં પોતાના ખુદાવંદને તે પોતાની પાસે હાજર સમજે છે.

હકીકતી મોમન તે જ છે કે જે પોતાના ખુદાવંદને ઓળખે છે સચ્ચાઈથી ચાલે છે અને પોતાના દિલ અને જબાનમાં એક વચની હોય છે.

**હકીકતી મોમન તેજ છે કે મોમનોની અને નેક લોકોની સોબતમાં રહીને ઈલ્મની વાતો સાંભળે છે અને તેને યાદ રાખે છે.**

હકીકતી મોમન તે છે કે જે પોતાને મુરદા અને કંઈ નહીં સમજે છે અને સચ્ચાઈ અને કમાલિયત સાથે માથાથી લઈને પગ સુધી પોતાનાં બધાં જ અવયવોને હકતઆલાના ફરમાનમાં રાખે છે.

હકીકતી મોમન તે છે કે જે પોતાના ગુનાહો પર નજર કરી ખુદાથી ડરે છે અને તૌબા કરે છે.

હકીકતી મોમન એ છે કે જફાકશ; મહેનતુ,

ખામોશ અને ઓછું બોલવાવાળો હોય છે.

હકીકતી મોમન એ જ છે કે હંમેશા સાબીર, સાચો અને પરહેઝગાર હોય છે. બુરા કામોથી દૂર રહે છે. તે ચારિત્રશીલ પવીત્ર અને સાફદિલ તથા કિન્ના વગરનો હોય છે.

હકીકતી મોમન તે છે કે જે પોતાના આમાલ અને અહેવાલથી હંમેશા પરિચિત રહે. ગાફ્લ ન રહે. મોતની તકલીફ અને જીવ નીકળવાની પીડાથી હંમેશા સાવધાન રહે. કબરનો આઝાબ અને નકીર મુન્કિરના સવાલ જવાબથી પણ ડરતો રહે અને તેને ભુલી ન જાય.

હકીકતી મોમન તે છે કે જે ઈમામે ઝમાન હાઝર જોમાના ધણીને ઓળખે. કેમ કે એવણ જનાબ આ દુનિયામાં સદાય હાજર છે તેમને ઓળખવા જોઈએ. અને તે મૌલાનો હક

માલેવાજબાત તેમની હુઝુરપુરનુરમાં પહોંચાડી દેવો જોઈએ. તેમને સમર્પણ કરી દેવો જોઈએ અને તેમની મોહબ્બત અખત્યાર કરવી જોઈએ.

હકીકતી મોમન તે છે કે જે હંમેશા રાતદિન ખુદાની યાદમાં રહે અને તેની ઝબાન પર ખુદાના નામના રટણ સિવાય બીજું કંઈ હોતું નથી યાને ઝિક્રે ઈલાહી સિવાય તે બીજી કાંઈ પણ વાત કરતો નથી.

## ખુદાનો સાચો બંદો

હ. મૌલાના ઈમામ મુસ્તનસિરબિલ્લાહ અ. ફરમાવ્યું કે જાણી લ્યો,

ઓ ઈમાન વાળાઓ અને ઓ સદાકત વાળાઓ, જે માણસનું દિલ સાફ અને કિન્ના વગરનું હોય. તે હંમેશા ખુદાના ઝિકર અને ફિકરમાં રહે છે. અને તેની ઝબાન દરેક વખતે

ખુદાની તારીફમાં મશ્ગુલ રહે છે અને ખુદાનો સાચો બંદો એ જ છે જે ખુદાના ડરથી હંમેશા ગિરિયાઝારી વ અશ્રુપાત તથા આધીનતાથી વિનંતી કરતો રહે છે તો ખરેખર તેના ગુનાહ એવી રીતે ખરી પડે છે જેવી રીતે પાનખર રૂતુમાં કોઈ ઝાડનાં પાંદડા ખરી પડે છે અને જેમ આકાશમાંથી બરફ પડે છે અને તે સૂરજના તાપથી પીગળી જાય છે. જે માણસ કયામતથી ડરી જાય છે તો તેના ગુનાહ પણ એવી જ રીતે ઓગળી જાય છે.

જે શખ્સ ઢંગધડા વગરની અને કટાણે તેમજ વગર વિચાર્યે વાત કરે છે, ખરાબ અને ભુંડા શબ્દો તેમજ નકામી વાતો કરે છે, ઠઠા મશકરી તેમજ ગફલત કરતો હોય, અથવા બીજાઓની સ્ત્રીઓની બુરાઈઓ બયાન કરતો હોય અથવા તેના એબો ગણતો હોય અથવા

લોકોની સ્ત્રીઓ તરફ જોયા કરતો હોય યા તેમનો આશિક બનતો હોય અથવા એવી સ્ત્રી કે જે પરાયા મરદ સાથે દોસ્તી રાખતી હોય તો તૌબા નૌઝુબિલ્લાહ એવા શખ્સે પોતાની જિંદગી આખી જે કંઈ ઈબાદત બંદગી કે દુઆ ગુઝારી હશે અને જે કંઈ નેકીઓ કરેલી હશે તે બધી બરબાદ થઈ જશે તે બધું એવી રીતે ખરાબ થઈ જશે કે જેવી રીતે એક સ્વાદીષ્ટ ખાણામાં કોઈ ઉંદરની લીંડી પડી જાય અથવા ગંદકી પડી જાય તો તે ખરાબ થઈ જાય છે તેમ એ નેકી બંદગી બધું બરબાદ થઈ જશે. ખુદાવંદતઆલા એવા શખ્સથી નારાજ થઈ જાય છે અને તે શખ્સના કામમાં નુકશાન થાય છે અને તે દરબદર તથા હેરાન પરેશાન થાય છે. દુનિયા અને આખરતમાં તેને માટે અંધારૂં અને ઝુલ્મતો હશે અને આખરતમાં

તેને માટે આઝાબ હશે. તે દોઝખમાં પડશે અને નિરાશાની આગમાં તે સળગતો રહેશે. બદફેલી તથા ભુંડા કામની એવી જ સજા છે આવા લોકો દુનિયામાં હેરાન પરેશાન દરબદર અને આખરતમાં કાળા મોઢાવાળા તથા દોઝખી થઈ જાય છે.

હકીકતી મોમન હંમેશા સાબીર, ધીરજવાળો, ક્ષમાશીલ, સાચો દીનદાર પરહેઝગાર, સાફ દિલનો અને કિન્ના વગરનો, હસદ વગરનો અને દરેક કામમાં ખુદાવંદને પોતાની સામે હાજર નાજર સમજનાર હોય છે. અને હંમેશા હકતઆલાની યાદમાં રહે છે. જે બંદો એવો હોય તો તેને માટે દુનિયામાં નુર અને ખુશાલી હોય છે. અને આખરતના દિવસે તે બહેશ્તમાં પોતાના આકા મૌલા મુર્તઝા-અલીના દિદારમાં મશ્ગુલ હશે.

હકીકતી મોમન તે છે જેનાં વાણી અને વર્તન એક અને સાચાં હોય છે. એ બંદાના દિલના ખ્યાલ પણ સાચા હોય છે. તેનો વાયદો પણ સાચો હોય છે. તેની મોહબ્બત અને મૌલા ઉપરનો પ્રેમ પણ સાચો હોય છે. અને તે બંદો માથાથી પગ સુધી સાચો હોય છે. તે મધુરભાષી અને વિનયી તેમજ નરમાશથી વાત કરનારો હોય છે. તેનો રૂહ સચ્ચાઈથી શોભાયમાન હોય છે. તેની જબાન પર સતત ઝિકર ચાલુ હોય છે. હંમેશા ખુદાની ઝિકર અને ફિકરમાં રહે છે. તેની સીફત, તારીફ તથા મારફતમાં મસરૂફ હોય છે. તેના આમાલ તથા ચાલચલગત ઉત્તમ હોય છે. તે પોતાના ખુદાવંદ અને પીરની ફરમાબરદારી કરે છે તેની ઝબાન પર પંજતન પાકનાં મુબારક નામ હોય છે. ખુદાની યાદમાં તસ્બીથી તેને

મોહબત હોય છે પોતાના આકા હઝરત સાહેબુલ અમ્ર ઈમામેઝમાનને ઓળખે છે. અને તેમની નઝદીકી, ફરમાબરદારી તથા ઈતાઅતને માટે કોશીશ કરે છે તે પોતાને તથા પોતાનાં તમામ દીની તથા દુન્યવી મામલાઓને મૌલા અલી ઈમામે ઝમાન જેઓ દુનિયા તથા દુન્યાની તમામ ચીજોના માલિક છે. તેમને હવાલે કરી દે છે.

હકીકતી મોમન તે છે કે જે પોતાનો ધંધો રોજગાર તથા આવક જાવક અને નફાનો હિસાબ કરે છે અને તેમાંથી દસમો ભાગ અલગ કાઢીને માલેવાજબાત તરીકે સાચા દિલથી મોહબતથી તથા અકીદતથી દસોંદનો માલ હઝરત સાહેબુઝમાનની હુઝુરપુરનુરમાં પહોંચતો કરે છે તે જો સિદક દિલથી તથા સાચા ઈમાનથી આમ કરે છે તો તેને દુનિયા

તથા આખેરતમાં ખુસનસીબી તથા સુખ સંપત્તિ પ્રાપ્ત થાય છે. ખુદાવંદતઆલા તેનાથી રાજી થાય છે કેમ કે તેણે ખુદાનો હક અદા કરી દીધો હોય છે. અને એ જ મોમન ખુદા દોસ્ત તથા ઈખ્લાસમંદીની નિશાની હોય છે. માત્ર એવો માણસ જ સાચો સાબિર સંસ્કારી પાક સ્વભાવનો, પરહેઝગાર તથા ચારિત્ર્યવાન અને દરવેશ સિફત હોય છે. તે પોતાને કંઈ નથી સમજતો તે પોતાને બહુ ગુનેગાર સમજે છે. તે પોતે અભિમાન કે આપવડાઈ નથી કરતો.

હકીકતી મોમન તે છે જેના દિલમાં કિન્નો ક્રોધ કે અદાવત નથી. હંમેશાં પોતાના પરવરદિગારના ઝિકર ફિકરમાં રહે છે. તેનાં દિલ અને ઝબાન એક જ હોય છે. તમામ મોમિનો સાથે તે મેળમિલાપ અને મોહબ્બત રાખે છે. તે આખરની ફિકરમાં રહે છે અને

ઈલ્મની વાતોને યાદ કરે છે. હકતઆલાની રાહમાં તે રોજ બરોજ આગળ વધતો રહે છે. ખુદાની રાહમાં ચાલવાથી તે ક્યારે થાકતો નથી. સતપંથને રસ્તે ચાલવામાં તેને જે તકલીફો પડે છે તેનાથી તે દિલગીર નથી થતો અને દીનમાં તે નાશુકરી કે સુસ્તી નથી કરતો બલ્કે શોખ અને મોહબ્બતથી દીનના કામો કરતો રહે છે. રોજ બરોજ તેનો પ્રેમ અને શોખ વધતો જાય છે. દિન પ્રતિદિન તેનાં વાણી વિચાર અને વર્તન ઉત્તમ થતાં રહે છે તેમજ તેનું ઈમાન પણ વધુ ને વધુ મજબુત તથા પ્રકાશીત થતું રહે છે. ત્યાં સુધી કે તેનું દિલ અરીસા જેવું સાફ થઈ જાય છે. તે હંમેશા ખુદાની રાહમાં હોશિયાર રહે છે. ખુદાની મોહબ્બતમાં તે રૂદન કરે છે અને ઓછું હસે છે દરેક વખતે તેનું ધ્યાન ખુદામાં

જ લાગેલું રહે છે હકતઆલાને સતત યાદ કરે છે ક્યામતના દિવસથી ડરે છે ખુદાએ ગફ્ફાર તથા પોતાના ઈમામે ઝમાન કે જે સાહેબુલ વક્ત છે તેમને તથા પોતાના પીરને હંમેશા યાદ કરે છે, તેણે પોતાના પીરનો દામન પકડેલો હોય છે કેમ કે એજ પીર કયામતને દિવસે મોમનોની ફરિયાદ સાંભળશે અને મુશ્કેલી આસાન કરશે. બીજું કોઈ દાદ ફરિયાદ નહીં સાંભળે.

ઓ મોમિનો ઓ સત્યવાદીઓ ખાસ બંદાઓને માટે દીનનુ કામ આસાન છે. યાને ખુદાવંદતઆલાની મોહબ્બત અને ઈશ્ક, મોમનોને માટે આસાન અને અત્યંત સુખકારક તથા સ્વાદિષ્ટ છે. ખુદાવંદે બુઝુર્ગનો ઈશ્ક મોમિનોને માટે સહેલો પણ છે, અને આનંદકારિ પણ છે. પરવરદિગારે પોતાના

પ્રેમને પરહેઝગારો તથા પાક મોમિનોને માટે રૂહાની ખોરાક તરીકે નક્કી કર્યા છે. પરતું ગાફિલો અને સુસ્ત લોકો દુનિયવી ઈશ્કમાં ડુબેલા હોય છે. તેઓ કોઈને કોઈ દુન્યવી ચીજની મોહબ્બતમાં પાગલ જેવા બની ગયા હોય છે જો કે દુનિયવી ઈશ્ક હકીકતમાં ઈશ્ક છે જ નહીં તે એક ખરાબ વસ્તુ છે, બલ્કે તે એક હંમેશની બીમારી છે, અને એવો ઈશ્ક માણસને જહન્નમમાં લઈ જાય છે, પણ જે કોઈ પોતાના પરવરદિગારનો ઈચ્છુક તથા તેની મુલાકાતનો આશિક હોય છે તો ખુદાવંદ-તઆલા પોતાના ઝિક્રથી તેની ઝબાન તથા દિલને કરાર આપે છે. અને એવો બંદો હકતઆલા તરફ ધ્યાન ધરનારો બની રહે છે.

**ઓ મોમિનો સતપંથ મઝહબજ સિરાતિલ મુસ્તકીમ છે યાને ઈમામે વક્તની**

મારેફત અને પેરવી એજ સીધો માર્ગ છે. તો જેટલું બની શકે એટલું તમે એ પવિત્ર પંથ પર આગળ વધવાની કોશીશ કરો કે જેથી તમે ઈમામે ઝમાનની મારફતરૂપી મંઝીલે મકસુદને પહોંચી જાઓ તમે જુવાનીમાં જ એવાં કામ કરો કે જેથી તમારો દીન અને તમારૂં ઈમાન મુકમ્મિલ તથા મજબુત બની જાય અને તમે મંઝીલે મકસુદ સુધી પહોંચી જાઓ કેમ કે બુઢાપામાં લોભ લાલચ વધારે અને અક્કલ ઓછી થતી જાય છે. એ વખતે ઘણાખરા લોકો દુનિયાની લાલસામાં ગિરફતાર થઈ જાય છે અને દીન તરફ ગાફલ રહી જાય છે. તો તમે અત્યારે તમારી ફરજ સમજી શકો છો અને તે બજાવી શકો છો પણ એ વખતે તમે તમારી ફરજ સમજવાને કે બજાવવાને લાયક નહીં રહી શકો. પણ જે વખતે તમે તે

સમજવાને લાયક નહી રહી શકો. તો એ વખતે તમે કંઈ પણ કરી નહીં શકો અને કરશો તો પણ તેમાં તમને કંઈ પ્રાપ્તિ નહીં થઈ શકે.

ઓ મોમિનો ખુદા તમને ગફલતથી બચાવે કારણ કે ખુદાથી ગાફલ રહેવું એ મોટી આફત સમાન છે. માટે જ્યાં સુધી બની શકે ત્યાં સુધી તમે ઝીક્રે ઈલાહીથી ગાફલ ન રહેજો અને હકતઆલાની યાદથી ગફલત ન કરતા કેમ કે જેણે ગફલત કરી તે હારી ગયો અને જે માણસ હકતઆલાને ભુલી ગયો તો ખુદા તેની રોઝી તંગ કરી દે છે અને કયામતને દિવસે તેને ભુલી જાય છે માટે ગાફલ ન થતા બલ્કે તમારા બધા કામમાં સાવધાન અને હોશિયાર રહેજો.

## સખાવત અને કંજુસી

ઓ મોમિનો ઓ અઝીઝો સખી અને ઉચ્ચ હિમ્મતવાળા શખ્સ તથા કંજુસ આદમીની નિશાનીઓ સાંભળો અને યાદ

રાખો કે ઉચ્ચ હિમ્મતવાન અને ચારિત્ર્યવાન શખ્સ તે છે કે જે હંમેશા સચ્ચાઈને રસ્તે મક્કમતાથી પગલાં ભરે છે. જેના બાતિનમાં જાહેરના મુકાબલામાં હકીકી મોહબ્બત વધારે હોય છે અને તે દરેક માણસ સાથે દોસ્તી એ માટે રાખે છે કે ખુદાની પ્રસન્નતા તેથી હાંસિલ થાય. દુનિયાના કોઈ લાભ કે સ્વાર્થ માટે નહીં.

ઉચ્ચ હિમ્મતવાન અને બહાદુર શખ્સ તે છે કે જે નેક કામોમાં સૌથી આગળ રહે છે. ભલાઈનાં કામો માટે હંમેશા કોશીશ કરે છે અને ભલાઈનાં કામોને ટેકો આપે છે તે પોતાના કામ ઉપર પોતાના દીનભાઈના કામને સરસાઈ આપે છે યાને પોતાનું કામ પછી કરે છે અને પોતાના દીનભાઈનું કામ પહેલાં કરે છે. અને બીજાના ખાવા પીવાનો તેમજ આરામનો પહેલાં ખ્યાલ કરે છે તે બની શકે

ત્યાં સુધી આપે છે, કોઈનું લેતો નથી અગર તેનો દીનભાઈ ખાય તો તે સમજે છે કે જાણે મેં પોતે જ ખાધું પોતાના મોમિનભાઈની પ્રસન્નતામાં તે રાજી થાય છે અને તેની ગમગીનીમાં ગમગીન રહે છે.

ઉચ્ચ હિમ્મતવાન અને જવાંમર્દ તે છે કે જે દુન્યવી ફાયદાઓથી રાજી નથી થતો તેમ નુકસાનથી દિલગીર નથી થતો. પથ્થર અને હીરા ઝવેરાત તેની નજરમાં એક સરખાં જ હોય છે, તેની નજરમાં ખાવું અને ન ખાવું એ બંન્ને સરખું જ હોય છે કારણ કે તે સમજદાર અને જ્ઞાની હોય છે.

જવાંમર્દ અને ઉદારચરિત્ર શખ્સ તે છે કે જે મહેમાન નવાઝ હોય છે. તે હંમેશા બીજાનો મહેમાન બનવા નથી માગતો પણ સિંહની માફક બીજાઓને પણ પોતાના ભોજનમાંથી ખવડાવીને રાજી થાય છે.

શિયાળની માફક બીજાનું ખાવાવાળો નથી હોતો તે હંમેશા હસમુખો હોય છે. તેના દિલમાં ઝમાનાના ઈમામનો સાચો પ્રેમ અને પુરો ભરોસો હોય છે તે ઈમામે ઝમાનની મારફત રૂપી અમર સંપતિ મેળવવાની કોશીશ કરતો રહે છે. બીજાઓનું ભલુ ઈચ્છનારો અને સદ્દગુણી હોય છે અને જનાબે મૌલા અલીના દોસ્તો અને આશિકોના હકમાં બની શકે એટલી ભલાઈ અને મહેરબાની કરતો રહે છે.

જવાંમર્દી અને ઉદારતાની બરકત એવી હોય છે કે એવા મોમનનાં બધા કામ સમયસર જ પુરાં થાય છે. તમામ બલા આફતો તેનાથી દુર રહે છે. દુશ્મન તેના પર કાબું નથી મેળવી શકતા. રિઝક અને રોઝીના દરવાજા તેને માટે ખુલ્લા રહે છે. તે ભલાઈ અને બરકતથી ભરપુર રહે છે તેના બધા કામ તેની ઈચ્છા

અને ઉમેદ પ્રમાણે પુરાં થાય છે. તેના ફરઝંદો સલામત રહે છે. અને નેક ચારિત્ર્યશીલ હોય છે તેનું ઘર આબાદ રહે છે. દરેક નેક કામને માટે તેને મોકા મળતા રહે છે. અને ખુદાએ ગફ્ફાર તેનો મદદગાર હોય છે. અને ખુદાનું મદદગાર થવું એ છે કે તેના દિલનો અરીસો સાફ અને નુરાની બની જાય છે. તેનું ઈમાન મજબુત અને સંપુર્ણ હોય છે. તેની કમાણી અને આવક હલાલની હોય છે અને હલાલ કમાણીની નિશાની એ છે કે તે ખુદાની રાહમાં ખર્ચાય છે જેનો સવાબ હકીકતી મોમિનો અને પવિત્ર રૂહાનીઓને મળે છે. અને હલાલ માલ મુનાફિકોના નસીબમાં નથી હોતો અને હરામ માલ ખર્ચ કરવાથી તે મુનાફિકોના નાપાક રૂહો ને પહોંચતો નથી ઈમાનવાળા અને હકીકતી મોમિનોનો હલાલ માલ હાઝર ઈમામની

હુઝુરપુરનુરમાં તથા તેમની દરગાહમાં પહોંચી શકે છે. ખુદાવંદે આલમીન એવા બંદાઓથી રાજી હોય છે. અને તે બંદાને બધી રીતે ભલાઈ અને બરકત પ્રાપ્ત થાય છે. મહાન સર્વેશક્તિમાન ખુદાવંદતઆલા એ બંદાથી રાજી રહે છે. એ માણસનો દીન સંપુર્ણ હોય છે. તેના દિલનો અરીસો પ્રકાશીત અને ચમત્કારીક હોય છે. તેનું હ્રદય અને તેનો રૂહ રોશન હોય છે તેમ તેની અક્કલ અને સમજદારી પણ રોશન હોય છે. અને આખરતમાં ઈઝ્ઝતવાન ખુદા તેને પોતાના અઝીઝ દીદાર ઈનાયત ફરમાવે છે.

ઉચ્ચ હિમ્મત અને જવાંમર્દીની સિફાતથી હકીકતી મોમિનોને માટે આટલા દરજ્જા અને સદગુણ સંપત્તિ હાસિલ થાય છે. એવા જવાંમર્દે ઓછું બોલવાનું. સાચું બોલવાનું

અને ધીરજવાન થવું જોઈએ તેને પોતાનાં બધા કામોમાં સબ્ર અને મક્કમતા તેમજ ખુદા ઉપર ભરોસો રાખવો જોઈએ. તેણે બધા કામોમાં ધીરજવાન અને હિમ્મતવાન રહેવું જોઈએ પણ બે કામમાં સબર ન કરવી જોઈએ અને તે જલ્દી પૂરાં કરવા જોઈએ અને તેમાં ઢીલ કે ધીરજ ધરવી ન જોઈએ બલ્કે એ પ્રસંગે સબ્ર કરવો હરામ અને કુફ્ર છે તેમાં પહેલું તો પરવરદિગારના દિદારની તમન્ના અને આરઝુ કરવામાં અને તેની મુલાકાત સુધી પહોંચી જવામાં જે તમામ કામોથી વધુ મહત્વનું અને લાઝમી છે તેમાં સબર કરવો એ કુફ્ર છે. કેમ કે એ કામોમાં સબર કરવો એ મુસીબત અને ગુમરાહીની બુનિયાદ અને હંમેશનું નુકશાન થવાનું કારણ છે. બીજું કે હકતઆલાના મુબારક આદેશ અને ફરમાન

બજાવી લાવવામાં, કેમકે ખુદાની ઈતાઅત વાજિબ છે અને તેમાં સબર ઢીલ કે સુસ્તી કરવી એ કુફ્રની પુંજી છે.

ઉપરોક્ત બંન્ને કામોમાં સબ્ર કરી શકાય એમ નથી અને કરવી પણ ન જોઈએ. તો ઓ બંદે ખુદા, મૌલાની મોહબ્બત પર એકાગ્રતા કરી લે અને તેની મોહબ્બત સિવાયની બધી ચીજોથી તું દૂર થઈ જા. કેમકે બીજી ચીજોની મોહબ્બત ચમત્કારીક રીતે તારા દિલને હકીકત તરફ નથી લઈ જઈ શક્તી જ્યારે હકતઆલાની ઈબાદત અને બંદગીનો વખત આવે તો તું જે કંઈ દુનિયવી કામમાં મશ્ગુલ હો અને જે કંઈ કામ તારા હાથમાં હોય, ચાહે તે જરૂરી હોય કે બિનજરૂરી તરત જ એને છોડીને જલ્દીથી હકતઆલાની બંદગી તરફ ચાલ્યો જા અને જરાય ઢીલ વગર અલ્લાહ-

તઆલાના ઝિક્ર અને ઈબાદતમાં મશ્ગુલ થઈ જા. આ બધી જવાંમર્દીની નિશાનીઓ છે.

હવે કંજુસોની નીશાનીઓ સાંભળો કે જેઓ બખીલ હોય છે તેઓનું દિલ હંમેશા તંગ અંધકાર ભર્યુ અને કાળું હોય છે. બખીલ દુર્ગુણી અને ખરાબ હોય છે તેનું ધ્યાન હંમેશાં ખાવામાં જ હોય છે તે હંમેશા તકલીફો અને મુશ્કેલ કામોમાં સંડોવાયેલો રહે છે તે દરેક વખતે દુન્યવી નફા નુકશાનની ગણતરી કર્યા કરતો હોય છે. હંમેશા તેના દિલનો દીવો ઠરી ગયેલો અને તેનાં દિલ તથા દિમાગ સમજશક્તિ કે પ્રસન્નતા વગરના સાવ કોરાં રહી જાય છે. તેની બુધ્ધિ ટુંકી અને સમજ વેડફાઈ જાય છે અને તે વાસનાના અંધકારમાં જ ગોથા ખાતો રહે છે અને જહાલતના કુવામાં ફસાયેલો રહેછે. તે પૈસા ભેગા કરવા,

કમાવું અને તેને સાચવી રાખવા સિવાય તેમજ દુનિયવી રીતે પોતાને જ જોવા સિવાય બીજું કંઈ જાણતો નથી. તે ફક્ત આજ દુનિયાને જાણે છે બીજી દુનિયાથી સાવ બેખબર હોય છે. તે એક એવા કીડાની માફક છે જે ધૂળ કે ગંદકીમાં રહેતો હોય છે અને તે પોતાની એ મર્યાદિત જગ્યા સિવાય બીજી કોઈ જગ્યાને જાણતો નથી હોતો અને જે રિઝક તે ખાય છે તેના વિષે તે એવું ધારે છે કે બસ આના સિવાય બીજું કંઈ ખાવાનું છે જ નહી. અને બખીલ, કે જેનું દિલ કંટાળેલું અને શોકગ્રસ્ત હોય છે, તે હંમેશા મોઢું બગાડીને અને તોબડો ચડાવીને રહેતો હોય છે તેની દુઆ ખુદાના દરબારમાં કબુલ કે મંજુર નથી થતી. રૂહ અંધકાર અને ઝુલ્મતમાં હોય છે. બખીલના દિલમાં દયા કે મહોબ્બત નથી હોતી. બખીલ

મોમિનથી દોસ્તી નથી રાખતો અને અલ્લાહ-તઆલા એવો સબબ બનાવે છે કે બખીલને ઝાલિમો તથા ભુંડા કામ કરનારાઓ સાથે ભાઈબંધી હોય છે કેમ કે તેની રૂહ ત્યાંથી જ હોય છે.

બખીલ હેરાન પરેશાન અને ખુવાર હોય છે. તેનો ખર્ચ ધાર્યા કરતાં બમણો હોય છે તેને કંઈ સવાબ નહિં મળે ગુનાહ વગર તેનો કોઈ સમય પસાર નથી થતો. કેમ કે ખુદાવંદતઆલા તેનાથી રાજી નહિ પણ નારાજ છે. તેથી તેને જાલિમો સાથે દોસ્તી કરાવી દે છે અને એ બધું એ કારણે છે કે બખીલ પોતાના પરવર-દિગારને નથી ઓળખતો. જ્યારે બખીલના દિલમાં હકીકી મહેર મોહબ્બત અને ઈશ્ક નથી, અને તેનો માલ ખુદાની રાહમાં ખર્ચાતો

કે વપરાતો નથી તો ફરજીયાત તે કોઈ મુનાફિકના રૂહને માટે જ વપરાય છે.

બખીલનું દીલ શયતાનનું ઘર છે અને શયતાન લઈને મુનાફિકના દિલમાં છે. અને જ્યારે મુનાફિક રાજી થાય તો સમજવું કે શયતાન રાજી થયો. કેમ કે મુનાફિક એ ચીજથી ખુશ થાય છે જે ચીજથી શયતાન ખુશ થાય છે. શયતાન અને મુનાફિકના દિલ એક છે. એ બંન્ને એક બીજાના સુખ દુખમાં ભાગીદાર હોય છે. તો જ્યારે પણ તમે કોઈ મુનાફિકને આનંદમાં જુઓ તો સમજવું કે શયતાન પણ ખુશી ખુશી થઈ રહ્યો હશે. અને જે માણસ કોઈ એવું કામ કરે કે જેમાં શયતાનની ખુશી હોય, તો એવા માણસના દિલમાં અંધકાર અને ગુમરાહી પેદા થાય છે અને તેના દિલના મકાનમાં અંધારૂં છવાઈ જાય

છે અને તેની અક્કલ અને સમજદારી પણ અંધારી થઈ જાય છે. અને તેના બધા કામ મુશ્કેલ થઈને તેને પરેશાની અને મુસીબતમાં જ અટવાયેલો રાખે છે તેનું મોઢું ઉદાસ થઈ જાય છે.

મુનાફિક એ માણસ છે જે પોતાના “વલીએ નેમત” યાને બખ્શીશના માલિક ઈમામે ઝમાનને નથી ઓળખતો અને જે માણસ પોતાના સાચા વલીએ નેમતને ન ઓળખતો હોય, લોકોને તકલીફ દેતો હોય, મોમિનોનાં દિલ દુભાવતો હોય અને લોકોનું ભુંડું ઈચ્છતો હોય તો એ જ મુનાફિક છે.

**અગર કોઈ માણસ હજારો નેક કામ કરે અને હંમેશા ખુદાની યાદ અને ફિકર, તારીફ અને સ્તુતિ કરે, હંમેશા તૌબા કરતો રહે અને હજારો ઈબાદતો અદા કરી નાખે પણ જ્યાં**

**સુધી તે પોતાના ઈમામે આલી મુકામને જે દુનિયામાં હાજર નાજર હોય છે તેમને ન ઓળખે તો ન તેની નમાઝ કે ઈબાદત કબુલ થાય છે ન તો તેની નેકી.**

ઓ મોમિનો ઓ સદાકતવાળાઓ તમે મુનાફિકોની નીશાનીઓ સાંભળી લીધી કે મુનાફિકનું રાજી થવું તે તેના અંધકાર અને કાળા મોઢાનું કારણ બની જાય છે, એટલે કે મુનાફિકના ખુશ થવાથી અંધારૂં પેદા થાય છે અને મોમિનની પ્રસન્નતાથી નુર હાંસિલ થાય છે. કેમ કે મુનાફિક શયતાનનો સિપાહી છે અને મોમિનો રહેમાનના સૈનિકો છે.

ઓ મોમિનો, તમો બરાબર ધ્યાન રાખો અને હોશિયાર રહો કે જેથી તમે ખોટે માર્ગે ચઢી ન જાઓ. ઓ મોમિનો ઓ સદ્દભાગીઓ ઓ અઝીઝો બખીલ અને સખીની નિશાનીઓ

એવી છે કે જે ઉપર બયાન કરવામાં આવી અને તે તમે વાંચી કે સાંભળી હવે તમે સાચા રસ્તા પર કે જે સિરાતિલમુસ્તકીમ છે તેના પર સાબીત કદમ રહેવાની કોશીશ કરો કે જેથી તમે તમારો રસ્તો ભુલી ન જાઓ. બખીલ અને મુનાફિક ખુદાના દુશ્મનો છે અને સખી મોમિન ખુદાનો દોસ્ત છે.

## બદનજરી

ઓ મોમિનો, ઓ સાદિકો, બીજાની પત્નીઓ તરફ તાકીને જોનાર માણસ એવો છે કે જાણે તે પોતાની મા બહેન તરફ તાકે છે. અમે કહી ચુક્યા કે જ્યારે કોઈ માણસ બીજાની ઔરતો તરફ ખરાબ નજરથી જુએ છે તે જાણે એવો છે કે તેણે પોતાની મા બહેન તરફ બદનજર કરી નિશંક બીજાની ઔરતો આપણી મા બહેન સમાન છે તેથી તમારે બદનજર ન

કરવી જોઈએ નહીંતર તમારી આંખ ના પાક અને ગંદી થશે. લોકોની ઔરતોને તમારી મા બહેન કરીને સમજો.

બદનજરનો અર્થ એ છે કે તે પર સ્ત્રીને વાસનાની ઈચ્છાથી જુએ છે અને એ નથી જાણતો કે અગર તે બીજાની ઔરતોને બુરી નિગાહથી તાકે છે તો તે એવો છે કે તે જાણે પોતાની મા બહેનને તાકી રહ્યો છે, અને તેના જેવો પાપી અને બેહુદા શખ્સ પેદા થઈ શકે છે જે તેની ઔરતને પણ બુરી નજરથી જોયા કરશે. આ લક્ષણ બદ અમલનું છે. અને બદનજર એને જ કહેવાય છે. હકતઆલા તે નાપાક માણસ પર કહેરની નજરથી જુએ છે. દુનિયામાં તેના કામ તબાહ થતા આખરતમાં તે પોતે કાળા મોઢાં વાળો થશે તે માણસ ગિરફતાર, ઝલીલ અને દરબદર થશે તે હંમેશા

દુનિયામાં તંગદિલનો લોકોની નજરમાં ખુવાર અને શરમીંદો થાય છે. તેનું કામ મનધાર્યું નથી બનતું અને તેનો ચહેરો ઉદાસ અને ઝાંખો થઈ જાય છે. માટે ઓ મોમિનો, તમે હરગીઝ લોકોની સ્ત્રીઓ સામે નફસાની ખ્વાહીશથી ન જુઓ કારણ કે એ બદઅમલી છે. અને તે શયતાનના વસવસાને કારણે થાય છે. એ બધા કામ શયતાનના છે. એવું કરનાર માણસ જન્નમી છે. બદનજર બહુ ખરાબ ચીજ છે. નૌઝુબિલ્લાહ મિન્હા. એ કોમ અને એવું કામ કરનાર માણસથી દુર રહેવું જોઈએ.

ઓ મોમિનો ઓ અઝીઝો અગર કોઈ છોકરી ખરાબ નજરથી પરાયા પુરૂષને જુએ તો તે એવી છે કે જાણે તેણે પોતાના બાપ અથવા ભાઈને બદનજરથી જોયો. કેમકે પરાયો પુરૂષ તેના બાપ અથવા ભાઈ સમાન છે. તેથી

તેના દિલની કેફીયતમાં કોઈ ફરક ન થવો જોઈએ. કેમ કે અગર તેમાં ફેરફાર થશે તો તે નાદાન, હકતઆલાને રસ્તેથી ભટકીને દુર અને બેઈજ્જત થઈ જાય છે અને તે પોતાના દીની મકસદને નથી પહોંચી શકતી. અગર તે મર્દો પર બદનજર કરે છે તો તેણે જાણે પોતાના બાપ અને ભાઈ પર બદનજર કરી અને એવી ઔરત પર ખુદાવંદ કહેરની નજરે જુએ છે અને તે ખુવાર હેરાન અને દરબદર અને મુરખ બની જાય છે. તેના દિલનો અરીસો કાળો અને ઉદાસ બની જાય છે. તે મુફલીસ અને દારિદ્રી થઈ જાય છે તેની કોઈ ઉમેદ પુરી થતી નથી. હંમેશા તેના કામોમાં મુશકેલીઓ ઉભી થાય છે અને તે દુનિયામાં કોઈ મકસદને પહોંચી નથી શકતી. તેને ક્યાંય ચેન કે રાહત નથી મળતી અને આખરતમાં તેનું ઠેકાણું દોઝખમાં થાય

છે. નૌઝુબિલ્લાહ બદનજર અને બદ અમલનો અંજામ આવો જ હોય છે. ચાહે તે કોઈ પુરૂષથી થઈ હોય અથવા સ્ત્રીથી અને જે માણસ બદઅમલી કરે છે. હકતઆલા તેના પર બહુ નારાજ થાય છે. એવા માણસો દુનિયામાં પણ દુ:ખી અને હારેલા હોય છે અને આખરતમાં પણ તેઓ પોતાનુ કાળું મોઢુ લઈને દોઝખમાં જાય છે. ક્યામતની સખ્તીમાં તેઓ સાતમાં દોઝકની આગના આઝાબમાં સપડાઈને સળગતા રહે છે. જે ઘરમાં એવા બદનજરીવાળા સ્ત્રી પુરૂષના પગ પડે છે તો તે ઘર વેરાન અને તેમાં રહેવાવાળા હેરાન પરેશાન થઈ જાય છે. અને તે ઘર ફરી ક્યારેય આબાદ નથી થઈ શકતું.

ઓ મોમિનો, ઓ સાદિકો, ઓ અઝીઝો જાણી લ્યો કે જે ઘરમાં ભુંડાં કામ થાય છે તે

ઘરવાળાઓના સંજોગો અંધકાર ભર્યા અને તબાહ થઈ જાય છે. અને તેઓ બધા ખુવાર, દુખી અને ઝલીલ થઈ જાય છે. તેઓ દુનિયાવાળાઓની નજરમાં તુચ્છ અને ધિક્કાર પાત્ર બની જાય છે અને તેઓ એમ જ ખુવાર થઈ જાય છે.

## ઝીકર અને ફિકર

ઓ મોમિનો ઓ સાદિકો, ઓ અઝીઝો, હકીકતી મોમન એ જ છે કે જે હંમેશા હકતઆલાના ખ્યાલમાં રહે છે અને હંમેશા નેક કામની ફિકરમાં રહે છે.

હકીકી મોમન તે જ છે કે જે ઈલ્મ અને મારેફત રાખે છે. પોતાના ઈમામે ઝમાનની ઈતાઅત કરે છે. ના ફરમાની અને વિરોધ નથી કરતો. હંમેશા નેક ખસ્લત, ખુશ, હસમુખો, ચારીત્ર્યશીલ અને મલતાવડો હોય છે. તે

હંમેશા ખુદાવંદ કરીમની યાદમાં રહે છે અને દરેક વખતે પરવરદિગારના ઝિકર ફિકરમાં રહે છે. ખુદાની સના, સીફત, ગુણગાન અને યાદમાં મશ્ગુલ રહે છે, અને પોતાના ગુનાહોની તૌબા કરી રૂદન કરતો રહે છે તે ખુદાવંદ-તઆલાના દીદારની તમન્નામાં હર વખત બંદગી અને ગિરીયાઝારીમાં લાગ્યો રહે છે. તેનું રૂદન વસંતનો વરસાદ કે જે બાગ બગીચાઓને હરીયાળા કરી દે છે, તેના જેવું હોય છે.

હકીકતી મોમનના દિલમાં હંમેશા ખૌફે ખુદા હોવા જોઈએ અને તેણે જીંદગીના માર્ગે બહુ સંભાળ પુર્વક ચાલવું જોઈએ એમ ન થવું જોઈએ કે તેનાથી કોઈ ગુનાહનું કામ થઈ જાય. અથવા કોઈ ખરાબ વાત કે શબ્દ તેને મોઢેથી બહાર પડી જાય. હકીકી મોમને હંમેશા શયતાનથી બચીને ચાલવું જોઈએ. તેના દિલમાં

વસવસો ન થવો જોઈએ, તેણે આખર ઝમાનાના ફીત્નાથી બહુ ડરવું જોઈએ શયતાનના સાગરીતોથી પણ દૂર રહેવું જોઈએ. અને જે પણ શયતાનની મદદ કરે છે તેને શયાતીનઈન્સમાં ગણવામાં આવે છે કેટલાક શયાતીને જિન્ન અને શયાતીને ઈન્સ એક બીજાને પ્રોત્સાહન આપે છે અને તેથી જહાલતને પ્રોત્સાહન મળે છે. તેથી તેઓ સાથે દોસ્તી કે મોહબ્બત ન રાખવી જોઈએ.

ઘણા લોકો એવા છે જેઓ દેખાવમાં માણસ જેવા લાગે છે પણ બાતુનમાં તેઓ રાક્ષસો એટલે શયતાનો છે અને લોકોનો પીછો કરી રહ્યા છે. એ શયતાનોએ ઘણા લોકોને ગુમરાહ કરી દીધા છે. પણ જે મોમિનો પોતાના પરવરદિગાર અને પયગમ્બર અને પીરને પીછાણે અને તેઓના હક્કો અદા

કરે તથા પોતાની જાતને ખુદા પયગમ્બર તથા પીરને હવાલે કરી દે અને જે કંઈ આદેશ મળે તે પર અમલ કરે તો ડાકુ યાને શૈતાન તેને હરાવી કે ફસાવી નહીં શકે. જે માણસ ખુદાવંદતઆલા, પયગમ્બર અને પોતાના પીરની ફરમાનબરદારીમાં રહે તો હરગીઝ તે ડાકુ અને દુશ્મન યાને શયતાન એવા મોમનોની નજીક નહીં આવી શકે. પરંતુ એ ડાકુઓ એવા લોકોની પાછળ પડેલા છે જેઓ પોતાના ખુદાવંદ, પયગમ્બર અને પીરને પોતાની સમક્ષ નથી દેખતા અને તેઓ જે કંઈ કરે છે તે પીરના અમ્ર અને ફરમાન વગર કરે છે, તો એ ડાકુઓ એવા લોકોનો પીછો પકડે છે.

**ઓ મોમિનો ઓ સદચારિત્રયવાળાઓ હવે એ વખત આવ્યો છે કે તમે દીનની મદદ કરો. એક બીજાની દોસ્તી કરો ઈલ્મ મેળવવા માટે કોશીશ કરતા રહો. દીનની તરક્કીને માટે**

**મહેનત કરો. ઈમાનને મજબુત બનાવવા માટે પ્રયત્ન જારી રાખો અને ઈમાન ઈમામે વક્તની ઈતાઅત તથા પેરવી કરવાથી સંપુર્ણ થાય છે. સારા કામો કરો અને સર્વોત્તમ કામ એ છે કે તમે ઈમામના ફરમાનબરદાર બંદા બની રહો અને જે કંઈ વખતના ઈમામની જબાન મુબારકથી સાંભળો તે જરા પણ ઢીલ વગર બજાવી લાવો તો જ છુટકારો મળશે.**

માટે તમારા પીર અને પયગંમ્બરનો દામન પકડો અને પોતાના પરવરદિગારની ઈતાઅત તથા ઈમામે વક્તનો પવિત્ર પાલવ પકડો કે જેથી ઈમામે ઝમાન તમને પોતાની પનાહમાં રાખીને મદદ તથા ફતેહ અને સફળતા ઈનાયત ફરમાવે અને પોતાના પીરનો દામન પકડો અને પીરની નઝદીકીને ગનીમત સમજો.

**પીર અને ઈમામના ફરમાનને યાદ રાખો અને તેના પર અમલ કરો જ્યાં સુધી પહોંચવું એ મોટી નિયામત છે. એ ફરમાનો દવા માફક છે. પીર મુર્શિદ તથા ઈમામનાં વચનો સાંભળી અમલ કરવાથી તથા તેની તાલીમ હાંસિલ કરવાથી બાતુની બીમારીઓ દુર થાય છે. તંદુરસ્તી મળે છે અને દિલ રોશન થાય છે. અને જ્ઞાનીઓનું શિક્ષણ હ્દયના અરીસાને સાફ તથા રોશન કરી દે છે.**

ઓ મોમિનો, ઓ સદાકતવાળાઓ ઓ અઝીઝો, જ્યારે કોઈ મોમિન ખુદાવંદના ઝિકરમાં મશ્ગુલ થાય છે અથવા પોતાના ઘરમાં અથવા બીજી કોઈ જગ્યાએ ખુદાવંદને યાદ કરવા લાગે છે એ વખતે એક નાદાન, જે ખુદાની ઈબાદતમાં શક લાવનારો હોય તેને એમાં કંઈ રસ પેદા થતો નથી, તે તો કહે છે કે તમે કઈ ચીજમાં મશ્ગુલ છો? એમ કહીને તે

પેલા ઝાકિર બંદાને ઝિકર કરવા નથી દેતો, અથવા મજાકમાં કહે છે કે ફલાણો માણસ તો મોટો ભગત થઈ ગયો છે અથવા ભારે બંદગી કરવા માંડયો છે. આવા મેણાં ટોણાં મારે છે તો એવા કાળા મોઢાવાળા હસદખોર પર ખુદાવંદ ગુસ્સાની નજર નાખશે કેમ કે એવા નાદાન માણસે પેલા અઝીઝ બંદાની ઠેકડી ઉડાડી છે અને ખુદાવંદ એવા નાદાન ગધેડાને માટે કહેર કરે છે અને કહે છે કે ઓ નપાવટ, પાખંડી, ગાફ્લ, મારા વ્હાલા મોમિન બંદાને મારી ઈબાદત કરવામાં તે શા માટે મેણાં માર્યા, અને મારા બંદાના દિલને દુખ પહોંચાડી તેની ઝિકર ઈબાદતમાં શા માટે ભંગ પાડયો? અને જ્યારે તું પોતે ઈબાદત નથી કરતો તથા મુનાફ્ક અને કાળા દિલનો થઈ ગયો છે, તો તારે ખુદાથી ડરવું અને શરમાવું જોઈએ. કેમ કે સર્વ

શક્તિમાન અને મહાન ખુદાવંદ તારા કામથી બહુ નારાજ થાય છે.

હકતઆલા ફરમાવે છે કે મેં લોકોને એ માટે પેદા કર્યા છે કે તેઓ મને યાદ કર્યા કરે અને દિલ તથા ઝબાન પર મારૂં નામ જારી રાખે અને બોલતો રહે.તો તે શા માટે મારા એ બંદાની મઝાક મશ્કરી કરી એ બંદાની ઈબાદતમાં ભંગ પાડયો? જ્યારે તેં મારા એ નિખાલસ બંદાને ઈબાદત માટે તાનું માર્યું તો તું શયતાનનો અવતાર બની ગયો અને તું દોઝખી છે કારણ કે એવાં લક્ષણો શયતાનનાં છે.

આ વર્ણન શયતાનના અનુયાયીઓ વિષે છે જેઓ ખુદાની રાહથી ભટકી ગયા છે અને ગુમરાહ થઈને શયતાનના તાબેદાર થઈ ગયા છે. જેઓ રહેમાનની નેમતો ખાય છે અને

શયતાનની ઈતાઅત કરે છે પણ જે લોકો અલ્લાહવાળા છે તેઓ તો ખુદાવંદને ઓળખે છે.

## મુનાફિકની ઈલ્મની દુશ્મની

ઓ મોમિનો, ઓ અઝીઝો, બીજો બોલ એ છે કે જ્યારે કોઈ આલિમ એક મિજલસમાં વાયઝ કરતો હતો; તેમાં અચાનક કોઈ મુનાફક ભંગ પાડવા ઊભો થયો, એ જાહેલ મુનાફિક ખુદા અને તેના ઈલ્મથી બેખબર હતો, તેણે કંઈ પુરૂં સાંભળ્યું નહોતું. વળી તેને ભલા બુરાની કંઈ પણ તમીઝ નહોતી એવો શયતાન સિફત અને ગુમરાહ શખ્સ મજલિસમાંથી બહાર નીકળી ગયા પછી પોતાની તરફથી થોડું જુઠું મિલાવીને પછી તે આલીમને નામે ચઢાવી ગેરસમજુતી ફેલાવવા અને એમ કરીને તે આલિમની મઝાક ઉડાવવા માંગતો હતો,

જો કે પેલો આલીમ તો નિખાલસ દિલે ઈલ્મની વાતો સંભળાવતો અને બયાન કરતો હતો. તેને પેલા શયતાન, મુનાફિક અને મુન્કર શખ્સના બદ ઈરાદાની કંઈ ખબર નહીં હતી.

અગર તે મુનાફિકે એ જ વખતે ઈલ્મનો કોયડો તે આલિમને પુછી લેત કે ગિનાનમાં આમ કહેવામાં આવ્યું છે તેનો શો અર્થ થાય છે? તો વધુ સારૂં થાત અને પેલો આલિમ, તે નાદાનને તરત તેના પ્રશ્નનો ઉત્તર આપી દેત અને તે ગુમરાહ શખ્સના દિલને ઈલ્મથી રોશન કરી દેત. પણ એ માણસ બેવકુફ, નાદાન દ્વેષી અને ગધેડો હતો, તેથી તેણે કોઈ વાત આલિમને પુછવાને બદલે મિજલસ પૂરી થઈ ગયા પછી પોતાના જેવા જ બીજા કેટલાક નાદાન અને મૂર્ખ ગધેડાઓ ક્યાંક બેસીને બીજા કેટલાક નાદાન ગધેડાઓને

પોતાની આસપાસ એકઠા કરીને પેલા આલિમની નિંદા કરવા લાગ્યા.

ઓ મોમિનો ઓ અઝીઝો, જે માણસ વિધ્વાનોની નિંદા કરે છે તે એવો છે કે જાણે તેણે ખુદ ખુદાની બદગોઈ કરી અને એ કામ ગુનાહે કબીરામાં ગણાય છે. અને જે માણસ શ્રધ્ધાથી તે આલિમની વાણી સાંભળે છે તે જાણે ખુદાની વાણી સાંભળે છે અને જે માણસ આલિમની સાથે શત્રુવટ ધરાવે છે તેમજ દુશ્મનીથી તેની નિંદા બદગોઈ કરે છે એવા શખ્સો પર ખુદાની લાનત ઉતરે છે કારણ કે તેઓ શયતાનના જેવા લાનતી છે.

ઓ અઝીઝો, અગર એ નાદાન અને બેવકુફ દિલમાં હસદ ન રાખતે અને સચ્ચાઈ તરફ આગળ વધતે તો એજ ઘડિએ વિધ્વાનને ઈલ્મની હકીકત પુછી લેત અને માલુમ કરી

લેતે, અને તેનો ખુલાસો સાંભળી એ નાદાન મૂર્ખ દ્વેષી મુનાફ઼ીકનું દિલ રોશન, મુલાયમ અને સત્ય શોધક બની જતે અને તે હકીકતથી જાણકાર થઈ જાત. તેના દિલને તસલ્લી અને શાંતી થઈ જતે અને તે સાચો હકીકતી મોમન બની જાત. પણ એ તો નાદાન ગધેડો હતો. તેને કંઈ ભાન નહોતું, તેમ હકીકત વિષે કંઈ સાંભળ્યું ન હોતું તેથી તેણે આલિમના ચાલ્યા જવા પછી તેની ગીબત શરૂ કરી દીધી અને તે દિલમાં હકીકતી પંથની દુશ્મની તથા કિન્નો રાખતો હતો, એ કારણે એવા લોકો ગુનાહે કબીરામાં ગીરફ઼તાર થઈ દોઝખ તરફ઼ દોટ મુકનારા હોય છે. એ લોકો નાદાન અને ગધેડા હતા અને જહાલતને કારણે સતપંથથી ભટકી ગયા હતા. નહીંતર શરૂ શરૂમાં બધા લોકો સાચા માર્ગ પર હતા પણ જહાલતને કારણે

દરેક જમાનામાં એક એક ફિરકો અલગ અલગ થઈને અવળે માર્ગે આથડવા માટે ભટકી ગયો. હ. ખાતેમુન્નબી (સ.અ.)ના પહેલાં અને પછી અત્યાર સુધી પણ એવા લોકો સીધા રસ્તાથી ભટકી ગયા છે. તેનું કારણ જહાલત, હસદ અને દુશ્મની છે. તેઓ કેટલીયે વખતે સાચા ઈમામે ઝમાનને છોડીને કોઈ ભળતા જ માણસને માનવા લાગ્યા અને કેટલાય ફિરકા ફિરકાઓ વચ્ચે વહેચાઈ ગયા. એ લોકો હજી પણ આવી જહાલતમાં ગોથાં ખાધા કરે છે.

તેઓ સચ્ચાઈને છોડીને જુઠના મુરીદ થઈ ગયા અને એ ડાહ્યા લોકોનો માર્ગ નથી. સમજદાર માણસો તો ઈમામને જ માર્ગે ચાલે છે, તે એ કે **તમે પોતાના ઈમામે વક્તના હુકમ અને ફરમાનની તાબેદારી કરો ઈમામે વક્તની મારેફત હાંસિલ કરો વળી ઈલ્મની હકીકત**

**જાણો, દીનની વાતો તમારા મઝહબી આલિમોને પૂછતા રહો. અને ઈલ્મની મજલિસમાં બેસતા રહો. બુઝુર્ગોને પૂછો, સાંભળો અને તેના પર અમલ કરો, ત્યારે ઈલ્મની હકીકત જાણનારાઓ તમને જણાવી શકે છે સમજાવી શકે છે અને કામ ધાર્યા પ્રમાણે થાય છે અને કોઈ ગુમરાહ થતું નથી.**

ઓ મોમિનો ઓ અઝીઝો ઓ સાદીકો તમારે ગાફ્લ ન થવું જોઈએ સાચી વાત તરફ ધ્યાન આપો સીધો રસ્તો અને સાચી વાતના તલબતગાર રહો યકીન અને ખાતરી કરી સાચા રસ્તાને કબુલ કરો. સાચી અને સરળ વાતોમાં વાદ ન કરો. કુરાઆનનો અર્થ તથા તેની હકીકત સમજી લીધા કરો અને તેની તાલીમ લીયો સાંભળો અને શીખો.

ઓ મોમિનો ઓ અઝીઝો જેઓ ઈમાનમાં પૂરા હોય છે તેઓ દીનદારીને લગતાં

કામો કરે છે. તેમની બોલચાલ, વાણી વિચાર અને વર્તન ઉમદા પ્રકારનાં હોય છે. આ બધું તેઓ સાચા દીની આલિમો પાસેથી શીખે છે કારણ કે પહેલાં ઈલ્મ અને પછી અમલ છે. અને જેઓ હકના માર્ગના તલબગાર હોય છે તેઓ રોજ બરોજ સત્યપંથથી વધુને વધુ વળગતા જાય છે અને આગળ વધતા જાય છે.

## દીદારને માટે કુરબાનીઓ - ૧

ઓ મોમિનો, જેઓ મોમિન છે તેઓ આખરતને માટે જાુલ્મ અને કઠણાઈ સહન કરે છે. મોમિનો પર આ જાુલ્મ અને સખ્તી મુનાફિકો તરફથી આવે છે. મોમિન મુનાફિક લોકોની વચ્ચે બહુ દુ:ખી અને હેરાન પરેશાન થાય છે દીનના દુશ્મનો મોમિનોને ત્રાસ આપે છે પણ મોમિનો હર હાલતમાં ધીરજ ધારણ કરે છે. તેઓ ન તો તકલીફથી ગમગીન થાય

છે કે ન હિમાયતથી ખુશ થાય છે. તેઓ પર દુનિયાના ગમ અને આનંદની અસર નથી થતી કેમ કે દુનિયાનો ગમ હંમેશા રહેવાવાળો નથી તેમ દુનિયવી ખુશી પણ હંમેશા રહેવાવાળી નથી. મોમિન તો માત્ર પરવરદિગારની પ્રસન્નતાનો જ તલબગાર હોય છે. મોમિનોએ આખરત અને નજાત માટે મહેનત મશક્કત અને તકલીફો ઉપાડી છે અને ગિરિયા વ ઝારી કરી છે.

મોમિનોએ ખુદાવંદના દિદારને ખાતર પોતાની આવકમાંથી દસમો ભાગ જે ઈમામ અ.નો હક છે તેને વાજબ સમજીને જરાયે ઓછું કર્યા વગર તે પુરેપુરો, મૌલાની હુઝુર પુરનુરમાં પહોંચાડયો છે, મોમિનોએ ઈમામ અ.ના દીદારને ખાતર પોતાના માલ, ઔલાદ અને જીંદગી સુધ્ધાંનો ત્યાગ કરી દીધો છે.

મોમિનોએ દિદારને ખાતર પોતાનું માથું, પોતાની ઔલાદ, માલ મિલ્કત કે મુલ્કને પણ મૌલાની રાહમાં કુરબાન કરી દીધાં છે. મોમિનોએ દીદાર મેળવવાને માટે દૂર દરાજના ખુશ્ક અને દરિયાઈ માર્ગો પર મુસાફરીઓ કરી, તેઓ તોફાનોમાંથી પસાર થયા, મોટા ખર્ચા અને દુ:ખો બરદાસ્ત કર્યા ત્યાં સુધી કે છેવટે મૌલાના દીદારને પહોંચી ગયા. મોમિનો પોતાના મૌલાના દીદારને માટે કેવી કેવી રીતે દુર દેશાવરો ખેડીને આવ્યા, કેવી તકલીફો ઉઠાવી. કેટલા કેટલા ખર્ચ અને દુ:ખો બરદાસ્ત કરતા કરતા આવ્યા અને સાથે માલેવાજબાત પણ લેતા આવ્યા! મોમિનોએ દિદારને ખાતર નેક કામો અખત્યાર કર્યા અને શુભેચ્છાઓ કરી. મોમિનોએ દીદારને ખાતર નેકી, સચ્ચાઈ, સાદગી, પ્રમાણીકતા, પાક

નજરી, સાફ દિલી, અને દીનદારી અખત્યાર કરી.

મોમનોએ દીદારને ખાતર ઈબાદત, બંદગી, અને રિયાઝતો કરી. તપ કર્યા. જેથી તેઓ મકસદને પહોંચી ગયા.

મોમિનોએ દિદારને ખાતર ખુદાવંદની યાદમાં કોશીશો કરી. સતત ઝિક્ર જાગૃત રાખ્યાં, તેઓ દિનરાત એક પળવારને માટે પણ ખુદાની યાદથી ગાફેલ ન રહ્યા અને પુરા ઉમંગ તથા ઉત્સાહથી બંદગી કરી. મોમીનોએ દીદારને ખાતર પોતાના મસ્તક અને પ્રાણની કંઈ પરવા ન કરી.

મોમીનોએ દીદારને ખાતર હકતઆલાના હુકમ અને ફરમાન પર અમલ કર્યો **મોમીનોએ દીદારને માટે હકીકતી મોમનોની મજલિસમાં હાજરી આપી અને દીની**

**આલિમોથી જ્ઞાનની વાતો પુછી અને સાંભળીને તેના પર અમલ કર્યા.** મોમિનોએ દીદારને ખાતર પોતાના ગરીબ દીનભાઈઓની આર્થીક મદદ કરી તેઓને તવંગર બનાવ્યા. મોમિનોએ દીદારને ખાતર ભલમનસાઈ તથા ઉદારતા અપનાવી અને દીનની રાહમાં કેટલાંય સખાવતી કામો કર્યા મોમિનોએ દિદારને ખાતર પોતાના માલમાંથી પોતાના મોમિન ભાઈને ભાગ આપ્યો. તેની સાથે ભાઈ જેવો વર્તાવ કર્યા, તેને સ્નેહભાવે જોયો, મોહતાજ મોમનોને માટે સખાવતના દરવાજા ખોલી દીધા અને તેમના પર કોઈ દુનિયવી સ્વાર્થ કે લોભ લાલચ વગર મહેરબાની કરી અને મોમિનોએ દીદારને ખાતર મોમિનો અને ગરીબ દીનભાઈઓનાં દિલ રાજી કર્યા.

ઓ મોમિનો! હકીકતના રસ્તાની કદરદાની કરો કે આ નજાતનો રસ્તો છે. જે માણસ આ રસ્તા પર ચાલે છે તે મંઝીલે મકસુદ પર પહોચી જાય છે, જે દીદારની ભુમિકા છે, તો જ્યાં સુધી તમે બની શકે ત્યાં સુધી પ્રયાસો કરતા રહો કે જેથી તમે મંઝીલે મકસુદ પર પહોંચી શકો જે હાઝર ઈમામના પાક દીદાર છે અને જે માણસ હાઝર ઈમામનો તલબગાર હોય તો હાઝર ઈમામ પણ તેના તલબગાર હોય છે. અને **જે કોઈ ઈમામે ઝમાનને આખી દુનિયા કરતાં વધારે પ્યારા ગણે તો હાઝર ઈમામ પણ તેને સર્વશ્રેષ્ઠ કરી દે છે.** જે માણસ હાઝર ઈમામને માટે કબુલ કરે છે તો હાઝર ઈમામ પણ તેને કબુલ કરે છે. પણ જે માણસ હાઝર ઈમામને કબુલ ન કરે તો હાઝર ઈમામ પણ તેની

લોકપ્રિયતા કરતા નથી ન દુનિયામાં કે ન આખરતમાં. અને જે માણસનું દિલ અને આંખ પાક હોય તે હાઝર ઈમામના દીદારનો તલબગાર હોય અને તેની ઈચ્છાને કારણે તમામ દુનિયવી ખ્વાહિશોને છોડી દે તો હાઝર ઈમામ તેને દીદાર આપે છે ચાહે તે દુનિયામાં કયાંય પણ હોય.

## ખુદાનો મહેલ અને તખ્ત

હઝરત મૌલાના ઈમામ મુસ્તનસિર-બિલ્લાહ એ ફરમાવ્યું, ઓ મોમિનો તે ઉપરાંત એ પણ જાણી લ્યો કે જ્યારે કોઈ મોમન દીનદારનું દિલ પ્રસન્ન, આનંદી અને રાજી થઈ જાય છે તો સમજી લ્યો કે ખુદા પણ રાજી થઈ ગયો. કેમ કે મોમનનું દિલ ખુદાનું ઘર છે અને ખુદાવંદ કરીમની નજર કરવાની જગ્યા છે.

**ઓ મોમિનો ઓ પરહેઝગારો, ખુદાવંદ એવા દરેક પાકબાઝ મોમનના દિલમાં બિરાજે છે. કે જેના દિલમાં દ્વેષ દુશ્મની કે દુન્યવી તૃષ્ણા ન હોય.**

ઓ મોમિનો, જે દિલમાં કિન્નો અને ગંદકી ભરી હોય, જેનું કારણ અંધકાર અને ખોટા વિચાર દ્વારા શંકા પેદા થવાનું છે. એવાં દિલોમાં શયતાન અને જિન્નાતની જગ્યા છે, તેનાથી ઉલ્ટું જે દિલ પવિત્ર અને હકીકી મોહબ્બતવાળા છે જેના દિલમાં કોઈ પ્રત્યે દ્વેષ, દુશ્મની કે દુનયવી મોહબ્બત નથી અને ખુદાના ખ્યાલ સિવાય બીજો કોઈ પણ ખ્યાલ નથી તો એવું દિલ અર્શે ઈલાહી અને મુકામે મલાએકા યાને ફિરશ્તાઓનું સ્થળ છે.

હે મોમિનો! તમારા દિલમાં જ ખુદાનો દીદાર કરતા રહો. પોતાના દિલને હંમેશા પાક અને સાફ રાખ્યા કરો. દિલના અરીસા પરથી

શક અને કુશંકાના કાટ તથા ધુળને યકીનના ઝાડુ વડે ઝાપટીને લૂછી નાખો અને ઈલ્મ તથા હિકમતના પાણી વડે તેને ધોતા રહો, કે જેથી તમે તમારા દિલના અરીસામાં ખુદાને જોઈ શકો.

અગર તમે ખુદાથી દોસ્તી કરવા માગતા હો તો તમે કાળા દિલના મુનાફિકો તરફ ખેંચાઈ ન જાઓ. એવું ન થાય કે ક્યાંક મુનાફિકો તમને તેમનાં પોતાના જેવા બનાવી દે અને અલ્લાહતઆલાએ મુનાફિકોથી પોતાનું મોઢું ફેરવી લીધું છે.

## હાઝર અને નાઝરનો મતલબ

જે કોઈ ખુદા સાથે દોસ્તી રાખે છે તેણે બેઈમાન મુનાફિકોથી દૂર રહેવું જોઈએ. જેવી રીતે મોમનો ખુદાથી દોસ્તી રાખે છે તેમ ખુદા પણ તે મોમિનોથી દોસ્તી કરે છે તથા તેમને

મદદ કરે છે. અને જે કોઈ ખુદા સાથે દોસ્તી કરતો હોય અને તેને ઓળખતો હોય, અને ઈબાદત કરતો હોય તો ખુદાવંદ તેને બધી આફતોથી સુરક્ષીત રાખે છે અને દુનિયામાં ખુદાનો ખાસ બંદો તથા હકીકી મોમન બની જાય છે કેમ કે તે દરેક જગ્યાએ ખુદાને હાઝર નાજર જાણે છે અને ગાફલ નથી રહેતો અને તે જાણે છે કે તેની તમામ પરિસ્થિતિને જાણે છે તે છૂપી હોય કે જાહેર, તેનાથી મહેરબાન ખુદાવંદ વાકેફ છે. તે જે પણ કામમાં ગુંથાયેલો હોય ત્યારે તેને ખાત્રી હોય છે કે તે ખુદાની હુઝુરમાં અને તેની સન્મુખ છે અને ખુદા તેના છૂપા જાહેર કામોથી તેના દિલમાં ચાલતા વિચારોથી તેમજ તેની નિયતથી સારી પેઠે જાણકાર છે. તેની રજેરજ હકીકતને જાણે છે જો કે તું ખુદાને નથી દેખતો પણ ખુદા તને

જોઈ રહ્યો છે. બંદાએ યકીન કરવું જોઈએ કે તે જે કંઈ કામ કરી રહ્યો છે દરેક સારો અથવા નરસો ખ્યાલ જે દિલમાં રાખતો હોય તેનાથી ખુદાએ આદિલ સિવાય બીજું કોઈ જાણકાર નથી અને ખુદાવંદતઆલા દરેક જગ્યાએ હાઝર નાજર છે.

ઓ બંદે ખુદા તું ગાફ઼લ અને બેખબર છે અને જે માણસ બેખબર હોય તો તે ડરતો નથી અને ખુદાને ભૂલી જાય છે અને શયતાન તેના દિલમાં બૂરાં કામનો વસવસો નાખે છે એ વખતે તે ગાફ઼લ ખુદાની નજર સામે જ કોઈ ખરાબ કામમાં મશ્ગુલ થઈ જાય છે. અથવા કોઈને તકલીફ઼ આપે છે યા કોઈની ગીબત કરે છે એવો માણસ આખરતમાં રૂસ્વા (બદનામ) થશે હઝરતે બારીતઆલા ફ઼રમાવે છે કે, મારો મુખ્લિસ બંદો તે છે કે જે કોઈ

પણ કામ કરે અને ક્યાંય પણ જાય, તે અમને પોતાની સામે હાઝર અને નાઝર જાણે છે અને અમારાથી શરમાયા કરે છે. અગર કોઈ માણસના દિલમાં કોઈ બુરો ખ્યાલ પેદા થાય અથવા તે હરામખોરી તરફ આગળ વધે અને એ વખતે તે અમારી તરફ આજીજી કરીને મદદ માંગે તો અમે તેને એ શયતાની વસવસાથી અને તેને માટે આખરતના આઝાબનું કારણ બનનાર પાપ કર્મથી બચાવી લઈશું, અને તેના દિલમાં નેક કામની નિયત પેદા કરી દઈશું જેથી કરીને તે સારાં કામ તથા નેક આમાલ કરવા પ્રેરાય અને તે ખુશીથી દુનિયામાં જીદગી ગુજારી શકે તેમજ આખરતમાં પણ ખુશહાલ રહી શકે.

## હકીકતી મોમનનો દરજ્જો

મોમનને હંમેશા ખુદાના ખ્યાલમાં રહેવું

જોઈએ અને મોતને હંમેશા નજીક સમજવું જોઈએ તે આખરતની ફિકર તથા નેક કામમાં મશ્ગુલ રહે છે. તેનું ધ્યાન હંમેશા એ વાત તરફ હોય કે તે પોતાની આખરતને આબાદ કરે અને હંમેશા દુનિયા આબાદ કરવાની જંજાલમાં ન હોય. અલબત્ત શરીર ટકાવી રાખવા માટેની જરૂરત મુજબ દુનિયામાં કમાઈ કરે કે જેથી લોકોની વચ્ચે દીનદારી કરી શકે અને તે પોતાના દીનને મુકમ્મિલ કરે, ન કે દુનિયાને.

મોમનની ફરજ છે કે તે પોતાના વખતના પીરની પૈરવી કરે અને તેમનો દામન પકડે. ખુદાવંદ ઝુલજલાલે ફરમાવ્યું છે કે જે માણસ મને દુનિયામાં પોતાનો વડીલ અને મહેરબાન નિગેહબાન સમજે તો તેને હું આખરતમાં મારો નાનો ભાઈ ગણીશ અને

તેને મારો દિદાર ઈનાયત કરીશ તે મારા નુરાની દીદારને જોઈ શકશે.

ઓ મોમિનો તમારી કદર અને કિંમત સમજો કે તમે કાલે ભૂતકાળના મોમિનો તથા નેક શખ્સોની સમાન થઈ જશો. હુરોની મહોબ્બતમાં બહેશ્તની નિયામતોનો સ્વાદ લઈ શકશો અને તેમના સાથી બની જશો અને તમને તમારા મૌલાની દોસ્તી તથા મહેરબાની હાંસિલ થશે અને તે દરેક સ્થળે તમારો રક્ષણ હાર તથા મદદગાર રહેશે.

ઓ મોમિનો મેં તમને પેદા કર્યા છે અને એ માટે પેદા કર્યા છે કે તમે હંમેશા મારી જ યાદમાં રહો. એ હાલતમાં બીજા કોઈની યાદ તમારા માટે વાજબી નથી અને દરેક જાતની મુસીબતોમાં મારી જ તરફ આજીજી કરો અને મારી પાસે મદદ માંગો કેમ કે મારા સિવાય

કોઈની પાસે આજીજી કરવી અને બીજા કોઈથી જરૂરત માંગવી યોગ્ય નથી. તમારે પૂરી રીતે બા અદબ રહેવું જોઈએ કે જેથી તમારાથી કોઈ ગલતી ન થઈ જાય અને મારૂં નામ તમારા દિલ અને તમારી ઝબાન પર જપવાનું ચાલુ રાખો કે જેથી હું તમારા પર રાજી રહું.

મેં મારી રહેમાની સિફતથી તમને નેસ્તીના વમળમાંથી છોડાવીને વજુદના કિનારા પર પહોંચાડી દીધા. જીંદગીના તમામ સાધનો પૂરાં પાડયા અને તમારી સગવડને માટે મેં તમને રાહત અને આરામ બખ્શ્યાં કે જેથી તમે મારી ઈબાદત કરી શકો અને જે કામોનો મેં હુકમ કર્યા છે તેના પર અમલ કરી શકો અને જેની મેં તમને મનાઈ કરી છે તેનો ત્યાગ કરી શકો, કે જેથી તમે પણ મારા જેવા થઈ જશો અને જીવંત તથા અમર બની જશો

અને હું તમને ઈલ્મ અને કુદરત ઈનાયત કરીશ. તો અગર તમે જો મારી ફરમાંબરદારી કરશો તો તેનો ફાયદો તમને જ મળશે મને નહીં. કેમ કે હું તો બેનિયાઝ છું અને તમે મોહતાજ છો. વળી તમે એ પણ જોઈ લ્યો અને વિચાર કરો કે હું તમારાથી પણ વધારે તમારો શુભેચ્છક છું તમે જેટલી તમારી કાળજી અને સંભાળ લ્યો છો તેથી પણ વધારે હું તમારી કાળજી અને ખ્યાલ રાખું છું તો અગર જેમ તમે ક્યારેય તમારા પોતાના દુશ્મન નથી બનતા અને તમારી કાયમી રાહતને માટે તલબગાર હો તો મને યાદ કરતા રહો અને મારી દોસ્તી કરો કેમ કે કોઈ બીજો માણસ તમને જોખમ અથવા મુશ્કેલીમાંથી ઉગારી શકવાનો નથી બલ્કે એ પોતે તો તમારા કરતાંયે વધારે લાચાર છે.

**ઓ મોમિનનો, જે કોઈ મારા દિદાર કરવા માંગતો હોય તો તેની ફરજ છે કે તે મને તેની પોતાની જાત કરતાં પણ વધારે નજીક સમજે અને મને હાજર તથા નાજર સમજે. દરેક હાલતમાં અને દરેક સ્થળે મને હાજર અને મૌજુદ જાણે.** રોઝે કયામતના હિસાબનો ડર રાખે અને પોતાના મોતથી ગાફલ ન થઈ જાય અને જે માણસ મારી ફિકરમાં રહે તો હું પણ તેની ફિકર કરતો રહું છું.

## પીર અને શિક્ષક

ઓ અઝીઝો! સાંભળો તમને જ્ઞાન મેળવવા માટે કોશીશો કરવી જોઈએ. તને જ્ઞાનીઓની વાતો ગ્રહણ કરો અને દિમાગમાં તેમજ દિલમાં જાળવી રાખો. ખુદાવંદે કરીમના ઈલ્મની હકીકત તમારા ઉસ્તાદ (શિક્ષક) પાસેથી શીખો અને તેના પર અમલ કરતા

રહો કે જેથી તમે કમાલિયતના દરજ્જા સુધી પહોંચી જાઓ અને દુનિયા તથા આખરતની ભલાઈઓ તથા બરકતો હાંસિલ કરી શકો. શિક્ષક તમને જે કાંઈ તાલીમ આપે છે તે અમલમાં મુકતા રહો અને જુઓ કે ઈલ્મના મકામ પર પીરે શું ફરમાવ્યું છે. શક્ષક તમને પીર શનાશી તેમજ દીન શનાશી શીખવે છે અને મારફતની મંઝીલો સુધી પહોંચાડી દે છે. ઈમામે વક્ત જે કંઈ ફરમાવે છે તેના પર મક્કમ પણે અમલ કરો અને એવણ સરકારનાં ફરમાનો સંપૂર્ણ પણે લક્ષમાં રાખો. દરેક પળે તેમના આદેશની ઈન્તેઝારી કરો અને હરદમ તેમની ઈનાયતના ઉમેદવાર રહો.

ઓ મોમિનો! અગર તમે ખુદા શનાસીમાં કામિલ થવા માંગતા હો અને ખુદાની મારેફત હાંસિલ કરવા ઈચ્છતા હો તો તમારા ઝમાનાના

પીરનો હુકમ કબુલ કરો તેના પર અમલ કરો તેનાથી મોઢું ન ફેરવો હંમેશા ફરમાંબરદાર રહો કે જેથી એહલે કશફ (મુક્ત અને દીદારી) લોકોમાં શામેલ થઈ જાઓ.

પીર એ છે કે જેમને ઈમામે ઝમાને એવો દરજ્જો ઈનાયત ફરમાવ્યો છે કે જેનાથી તે લોકોમાં સર્વોત્તમ અને સર્વશ્રેષ્ઠ થઈ જાય છે.અને જ્યારે પણ ઈમામે ઝમાન કોઈ પીરની નીમાણુંક ફરમાવે છે તો એ વખતે તેની ઝીણવટભરી ઓળખાણ જરૂરી થઈ પડે છે અને તમારે એજ પીરના દરજ્જા મારફત ઈમામ શનાસી સંપુર્ણ કરવી જોઈએ. અને જ્યારે ઈમામ પીરની નિમાણુંક ન કરે એ સંજોગોમાં ઈમામ વિધ્વાનોમાંથી જેને પણ હિદાયત અથવા દાવત માટે મુકરર કરે તો તમારે એ માણસ દ્વારા ઈમામની દાવત તથા દોરવણી

અનુસાર ઈમામની મારફત હાંસિલ કરવી જોઈએ, કે જેથી તમે ગુમરાહીમાં ન રહો અને એ માણસના જ્ઞાનની રોશનીમાં તમે ઈમામની નઝદીક પહોંચી જાઓ અને પીરની મૌજુદગી વખતે એમ થાય છે કે પીર અને ઈમામના અમ્ર અને ફરમાન મુજબ અને પીરની પરવાનગીથી દીનની તાલીમ આપનારાઓ દાવતમાં મશ્ગુલ રહે છે.

તો ઓ મોમિનો તમારા પર લાઝમ છે કે પીરની પેરવી કરતા રહો તેમની ફરમાં-બરદારીથી દૂર ન જાઓ અને પીર તમને જે કંઈ આદેશ ફરમાવે તેના પાબંદ રહો અને તેના પર અમલ કરતા રહો. પીર તમારી પાસેથી કોઈ ઈનામ કે બદલો નથી માગતા અને હું પોતે તેમને બદલો આપતો રહું છું અને તમે પીરની જેટલી પણ તાબેદારી કરતા રહેશો,

ઈન્શાઅલ્લાહ, પીર ક્યામતને દિવસે તમારી સિફારિશ કરશે.

ક્યામતને દિવસે આગલા અને પાછલા તમામ લોકોનો હિસાબ મૌલાના અલી ઝિક્રીહિસ્શફાના હાથમાં હશે અને એવણ જનાબ જ પોતાના બંદાઓને તેડાવશે, તેમની ઈન્તેઝારી કરશે, પુછપરછ કરશે અને સાચા મોમિનો પર નવાજિશ ફરમાવશે અને નાફરમાન મુનાફિકો એ વખતે ક્યામતના ધગધગતા રણમાં અને ધોમધિખતા તડકામાં ત્રાહિ ત્રાહિ પોકારશે. તેઓ ત્યાં કાળા મોઢાના અને શરમિંદા થશે. આઝાબ ભોગવશે અને દુઃખના આર્તનાદો કરશે. દરેક મુનાફિક ખુદ બખુદ ગિરફતાર થશે અને જે કોઈ દુનિયામાં પીરના ફરમાંબરદાર રહ્યા હશે તે એ ભયંકર સમયમાં પોતાના પીરની છત્ર છાયામાં રહેશે અને ખુશી

મનાવશે.

રોઝે ક્યામત, દરેક માણસને માટે બેશુમાર લોકોની સામે પોતાનાં કર્તવ્યો જાહેર કરવાનો દિવસ છે. જે માણસ જે કંઈ સારી વસ્તુ એટલે નેકી કે સદ્દગુણો રાખતો હશે. તે પોતાનો માલ લઈને મહેશરની બજારમાં હાજર થશે અને એ બજારમાં ખુદ અલ્લાહ-તઆલા જ એ ચીજનો ઘરાક હશે. તો હવે તમે સમજી લીધું અને હિસાબ વિષે જાણી લીધું કે તમારો ખરીદનાર યાને ઘરાક કોણ છે, તો એવી ઉમદા વસ્તુઓ ભેગી કરવાની કોશીશ કરો તાકે ક્યામતના બજારમાં બહોળો નફો મેળવી શકો. ઉમદા અને અણમુલ વસ્તુઓ કઈ કઈ છે? પાક રૂહ, પવિત્ર દિલ, ઈમામે ઝમાનનો ઈશ્ક, તેમની સંપૂર્ણ ઓળખાણ, તેમની બીક અને ઉમેદમાં જીવ

આપી દેવો અને તેમની પ્રસન્નતા માગવી વગેરે ઉમદા માલ અને ઉત્તમ આમાલ છે.

ઓ મોમિનો, ક્યામતને દિવસે પીર કામિલ સિવાયના બીજા બધા પીર ફકીર અમીરો અને એવા જ લોકો થરથર ધ્રુજતા ઊભા રહેશે કોઈને બોલવાની હિંમત નહિં થાય કે પોતાની વાતને જાહેર કરી નહીં શકે, પણ તમારો પીર જ જેણે દુનિયામાં તમારો હાથ પકડયો છે તે આખરતમાં પણ તમારો હાથ પકડશે અને તમારી સિફારશ કરશે તો તેમનો દામન હાથમાંથી છોડી ન દેતા કેમ કે તમે ખરી રીતે પેલી દુનિયાવાળા છો. તો ખરેખર તમે પેલી દુનિયામાં ખુશીઓ મનાવશો અને સુખ વૈભવ તથા શાંતિમાં રહેશો. માટે દુનિયાની ખુશી, દૌલત, ઈઝઝત, માન મરતબો વગેરેમાં તમે બંધાયેલા ન રહો તમે રોજ

બરોજ વધુને વધુ એકબીજાની પોતાના પીરની તથા ઈમામે ઝમાનની મોહબ્બત તથા ખિદમત કરતા રહો અને આ દુનિયામાં ફસાઈ ન જાઓ કેમ કે આ દુનિયા તો ફાની અને કંઈ કદર કે કિંમત વગરની છે. તમે દુન્યવી ગંદકીઓથી બચતા રહો કેમ કે એ તમને ગફલતમાં નાખી દેનાર છે. જ્યારે તમે ગફલતમાં પડો છો ત્યારે આપસમાં ઝઘડા ફિસાદ કરીને મરતાં દમ સુધી એક બીજાથી વેર વાળવા તૈયાર થઈ જાવ છો એ વખતે મુફલીસ, શરમિંદા અને હેરાન પરેશાન થઈ જાઓ છો. સારાંશ કે કોઈ ચીજ આખરતમાં કામ નથી આવતી માત્ર એટલું જ કે જો તમારાથી થઈ શકે તો તમારા માલનો તમારા ઈમામની પ્રસન્નતામાં ઉપયોગ કરતા રહો કેમ કે દુન્યવી રીતે તમે જે કંઈ ખર્ચ કરો છો અથવા ખજાનો ભેગો કરી રાખો છો તેને

તમે બીજીવાર જોઈ શકવાના નથી બલ્કે એ તમારે માટે મહા દુ:ખનું કારણ થઈ પડશે અને જે કંઈ તમે મૌલાની રાહમાં ખર્ચ કરો છો તે તમારે માટે આખરતમાં બાકી રહેનાર છે. એની મિસાલ ઘઉં જેવી છે કે તેનો ઉપયોગ કરવામાં આવે છે તે ખતમ અને ખલાસ થઈ જાય છે પણ જે તમે બીજ તરીકે વાવો છો તે ખલાસ થઈ જવાને બદલે એકના અનેક થઈને ફળે છે. તેમ આખરતમાં તમારે માટે તમારા વખતના પીર તમને ઉપયોગી તથા હમદર્દ સાબીત થશે જે માણસ પોતાના જમાનાના પીરની ફરમાંબરદારી નથી કરતો અને તેમનો હુકમ નથી સાંભળતો તો તેને માટે અફસોસ કે તે દુનિયા તથા આખરતમાં હંમેશા પતિત અને ખુવાર થશે. માટે તમોને લાઝમ છે કે તમે પીરનો દામન પકડો, કારણ કે પીર જ તમને

હાઝર ઈમામની સંપુર્ણ મારિફત સમજાવી શકે છે.

અગર તમે તમારા દિલને હકતઆલાના ઈશ્ક અને મોહબ્બતમાં જીવતું અને પ્રસન્ન રાખવા માગતા હો અને **ખુદાવંદે આલમીનનો ઈશ્ક હંમેશાં તમારા હ્રદયમાં તાજો ને તાજો રાખવા ઈચ્છતા હો, એવો ઈશ્ક કે જે તમને તમારા પરવરદિગારની મુલાકાત માટે બેકરાર અને તેના દીદારનો તલબગાર કરતો રહે (એવું તમે ઈચ્છતા હો) તો તમે તમારૂં દિલ બધી વસ્તુઓથી ફેરવી દો માત્ર ખુદા તરફ જ તમારૂં ધ્યાન લગાવી દો.** પરવરદિગાર, પીર અને હાદીએ બરહકથી વિનંતી કરીને મદદ માંગો. બાતલ અને જૂઠા ખ્યાલો તજી દો અને દુનિયાની મોહબ્બતને સંપૂર્ણ પણે દિલમાંથી દૂર કરી દો. ત્યારેજ ખુદાવંદતઆલાનો ઈશ્ક

તમારા દિલમાં જામી શકશે અને તમને હકીકી દીદાર માટે આકુળ વ્યાકુળ કરી દેશે.

## નજાતની કિશ્તી

ઓ મોમિનો! તમારા જમાનાના નૂહની નૌકામાં સવાર થઈ જાઓ કેમ કે એ સિવાયની બીજી બધી કિશ્તીઓ ગરક થઈ જનારી છે. માટે તમે તમારા આકા અને સરદારનો દામન પકડી રાખો અને હકીકતના ઘરમાં રહો. અને તમારા નુહે ઝમાનની કિશ્તીમાં દાખલ થઈ જાઓ કે જેથી તમે સહી સલામતીથી નજાતના કિનારા પર પહોંચી જાઓ અને એ આકા તથા નૂહે ઝમાન તમારા વખતના ઈમામની શનાખ્ત હાંસલ કરી લ્યો અને કિશ્તીએ નૂહમાં દાખલ થઈ જાવ યાને કે તેમના દાવતના તરીકા પર અમલ કરો. કે જેથી તમારૂં ઈમાન મુકમ્મિલ થઈ જાય અને તમારો રૂહ આફતોથી બચી શકે.

જે ઘર અજવાળિયાં અને બારીઓ વગરનું હોય તે અંધકારવાળું હોય છે. એ પ્રમાણે જે માણસનુ દિલ ઈમામે ઝમાન રૂપી સૂરજના તેજ વગરનું હોય તેમાં પણ અજ્ઞાનતાનું ઘોર અંધારૂં છવાયેલું હોય છે. એ અંધારામાં કોઈ ચીજ સાથે અથડાઈ પડવાનું અથવા ભટકીને ભૂલા પડી જવાનું જ થાય છે.

**જે માણસ સીધે રસ્તેથી ભટકી ગયો તો એ પછી ચાલે કે ઊભો રહે એ બધું સરખું જ છે તે પોતાને ઠેકાણે પહોંચી શકતો નથી અગર તમે તેને સીધો રસ્તો બતાવશો તો પણ તે કબુલ નહી કરે કારણ કે તે શક અને વસવસામાં પડી ગયો હોય છે, રાન્યો ગયો છે. તે સાચું ખોટું પારખી નથી શકતો. જો કે એ માને છે કે હું સાચા રસ્તા પર છું. પણ તે**

**અનુમાનના પડદામાં જ ફાંફાં મારે છે તેવા લોકો ખુવાર થાય છે અને જાણતા નથી કે સીધો રસ્તો કયો છે. તેઓને ભાન નથી કે સીધો રસ્તો તો એને કહેવાય છે કે જે દીનના માલિક ઈમામ હૈયાત અને હાઝર નાઝર છે.**

પયગમ્બરોના જમાનામાં પણ જે માણસ પોતાના જમાનાના નબીના તરીકા પર ચાલ્યો તો તે નજાત પામ્યો પણ જે માણસ આગલા નબીની શરિયતને વળગી રહ્યો અને જમાનાના પયગમ્બરની ફરમાંબરદારી ન કરી તો એવા લોકો પતિત થયા અને ભટકી ગયા. જો કે તેઓએ એ શરીયત પ્રમાણે ખુદાના આદેશો અને ભૂતકાલીન નબીઓના ફતવા પ્રમાણે અમલ કર્યા હતો, છતા તેઓ ભટકી ગયા અને અત્યારે દૌરે વિલાયતમાં પણ એવા લોકો ભટકી જાય છે.

**જ્યારે કોઈ માણસ પોતાના જમાનાના વલી યાને ઈમામે ઝમાનને નથી માનતો અને તેમના ફરમાનોની શરીયતના જાહેરી અર્થ સાથે તુલના કરે છે અને ઈમામ સાહેબની ઈમામત વિષે શરીઅતી મૌલવીઓને પોતાની શંકા કુશંકા પુછતો ફરે છે અને તેઓના કહેવા પર ક્યાસ બાંધીને અમલ કરતો રહે છે તો તેનો એ અમલ બાતિલ અને વ્યર્થ છે. છેવટે તે માણસ દોઝખમાં જશે. કેમ કે કુરઆન અને હદીસોના સહી અર્થ ઈમામ પાસે છે.**

પયગમ્બરે ફરમાવ્યું છે કે જે માણસ મારી ઈતરત (આલ) અને ખુદાની કિતાબને પકડી રાખશે તે કદી પણ ગુમરાહ થશે નહીં. અને મારી ઈતરત તે ઈમામે ઝમાન છે. આ હકીકત બઅઝોહા મિમ્બ અઝ સંબંધે છે વળી ઈમામ દ્વારા જ ઈમામને ઓળખી શકાય છે.

ઈમામ પોતે જ પોતાની ઓૌલાદમાંથી જેને ઈમામ તરીકે નીમે તે જ ઈમામ થાય છે. તેમના સિવાય બીજો કોઈ ઈમામ થઈ શકતો નથી. લોકો ઈમામની નીમાણુંક નથી કરી શકતા, બલ્કે આગલા ઈમામ જ પોતાની ઓૌલાદમાંથી જેને ઈમામતના નુરને માટે મુકરર કરે અને જેને ઈમામતના રહસ્યો સોંપે તેજ ઈમામ થાય છે અને એજ આલે નબી કહેવાય છે. અને બાકીના ફરઝંદો અગર ઈમામની ઈતાઅત કરે, તો તેઓ અહલે નજાત ગણાય છે.

ઈમામે ઝમાનની પૈરવી કરો કે જેથી તમે વંશ પરંપરા ઈમામના પંથ પર કાયમ રહી શકો અને જે લોકો ઈમામના પંથ પર નથી ચાલતા તેનું કારણ એજ છે કે તેઓ ઈમામની વિરૂદ્ધતા પર કમર બાંધી છે અને તેવણ

સાહેબની અદાવત કરી છે તેથી ઈમામે પોતાને તેઓથી પડદામાં રાખ્યા છે, એવા લોકોએ જાહેરી મુલ્લા મૌલવીઓની પૈરવી કરી, એજ કારણે તેઓ ગુમરાહ થઈ ગયા અને એજ જાહેરી મુલ્લાઓની સાથે રહ્યા. એ લોકો અનુકરણની પધ્ધતીએ ઈબાદત તથા દીનદારી કરે છે. એટલે સુધી કે એ અનુકરણને જ તેઓ પોતાનો દીન બનાવી બેઠા છે, જેવું કે પયગમ્બર સલ્અમ પહેલાંના જહાલતના જમાનામાં થતું હતું.

જાહેરી મુલ્લાઓ પણ જાણે છે કે દુનિયા ઈમામ વગર એક ક્ષણવાર પણ ખાલી રહી શકતી નથી કેમ કે અગર એક ક્ષણવાર પણ ઈમામે ઝમાન મૌજુદ ન હોય, તો જમીન અને તેના પર રહેતા તમામ પ્રાણીમાત્ર, જડ ચેતન સૃષ્ટી નાબુદ થઈ જાય. આ બધું જાણતા

હોવા છતાં દુનિયાની લોભ લાલસાને કારણે તેઓ તમામ ઈમામે ઝમાનની શાનને છુપાવી મૌલાના મુન્કર થઈ ગયા છે. કેટલાક લોકોએ અંબિયા અને ઓલિયાનો વિરોધ કર્યો તેનું કારણ પણ એજ હતું કે તેઓ (વિરોધીઓ) લોકોમાં માન મોભો પામવા મથામણ કરી રહ્યા હતા.

## સાચી ખુશીનું સ્થાન

ઓ મોમિનો! તાજુબ છે એ લોકો પર જેઓ ઈમામના રસ્તા પર નહીં હોવા છતાં હશી ખુશી કરી રહ્યા છે. અને એથી પણ વધારે તાજુબી એ લોકો પર થાય છે કે જેઓ ઈમામે વક્તથી ઈન્કાર અને દુશ્મની કરી રહ્યા છે. તેઓની મિસાલ એવાં નાના છોકરા જેવી છે કે જે કોઈ ચક્કીના થાળા પર અથવા ઘરના છાપરાને કિનારે અથવા હાથમાં સાપ

લઈને ઉભા ઉભા ખુશ થઈ રહ્યા હોય. આ કટાણાનું હસવું અને પ્રસંગ વગરની ખુશાલી જે સર્વે સામાન્ય લોકો કરે છે તે એકાએક હલાકત, આઝાબ અને ગમગીનીનું કારણ બનનાર છે.

ઓ મોમિનો, ઓ સદાકત વાળાઓ હસી ખુશી એ વખતે કરો કે જ્યારે તમે ખતરા અને આફતોમાંથી નજાત મેળવી લીધી હોય અને ડુબી મરવાથી બચીને કિનારા પર અને સફરથી સલામતી સહિત મંઝિલ પર પહોંચી ચુક્યા હો. આમ ત્યારે થઈ શકે છે કે જ્યારે તમે તમારા ઝમાનાના ઈમામની મારફતમાં પહોંચી ચુક્યા હો, ઈમામની બંદગી ગુલામી અને ફરમાંબરદારી કરી રહ્યા હો, આ જનાબની ફરમાંબરદારી અને યાદથી તમે પળવારને માટે પણ ગાફલ ન રહેતા હો અને

આ જનાબ ઈમામે ઝમાનની મારફતથી તમારૂં દિલ રોશન થઈ ચુક્યું હોય, એવો વખત જ તમારે માટે આનંદ અને ઉત્સવનો પ્રસંગ છે.

માટે અટ્ટહાસ્ય કરીને હસવું જે તકલાદી અને વ્યર્થ વસ્તુઓથી ઉત્પન્ન થાય છે. તેની મિસાલ બાળકોના તકલાદી રમકડાં જેવી છે માટે અલ્લાહથી બહુ ડરતા રહો કેમ કે એવું હસવું એ શયતાનની સુરત છે અને એ હસવું બેઈમાન શખ્સનું કામ છે. એવું હાસ્ય પોતાના કર્તા ને ખ્વાર કરી દે છે. તે માણસને લોકોની નજરમાં હલકટ અને બે આબરૂં કરે છે. એ હાસ્ય ગફલતથી પેદા થાય છે અને ગફલત બેવકુફીથી પેદા થાય છે. અગર હસવાવાળો બેવકુફ ન હોત તો તેને આ વાત સમજાઈ જાત કે અમીર ઉમરાવ અથવા હાકેમ સત્તાધીશો કે મોભાદાર માણસ સામે લોકો

હસી નથી શકતા તો પછી અલ્લાહતઆલાની હુઝુરમાં યાને તેની હાજરીમાં હસી મજાક, બેઅદબી, બદકામ, ગીબત અનં પાપનાં કામો કરતો રહે છે તેને પોતાનાં કર્તુતોની સજા જરૂર ભોગવવી પડશે દુનિયામાં પણ અને આખરતમાં પણ.

## બુરાઈનો અંજામ

**ઓ મોમિનો! તમે તમારી વાણી વર્તન અને વ્યહારમાં સાચા રહો અને હરગીઝ જુઠી નકામી કે મુર્ખાઈ ભરી વાતો ન કરો. ઓછું બોલવાની ટેવ પાડો જે વાતો તમને પુછવામાં ન આવે તે સંબંધે કંઈ ન બોલો.** હંમેશા ખુદાની રાહમાં રહો ખુદાના પંથથી દૂર થઈ ન જાઓ અને જે કંઈ હઝરતે ખુદાવંદ અને પીર ફરમાવે છે તે સાંભળો અને અમલમાં મુકો. અગર તમે હકતઆલાથી રહેમત ચાહતા હો

તો ખુદાવંદતઆલાનાં કામમાં મશગુલ રહો દીનદારીમાં ઉત્સાહથી આગળ વધતા રહો કેમ કે તમારા માટે હકતઆલાના અદલ અને ઈન્સાફનો એક વખત આવશે અને ફસલ લણવાનો વખત આવવાનો છે જેમાં દરેક માણસને પોતાનાં વાવેલા બીજનાં ફળ પ્રાપ્ત થશે. અને દરેકને પોતાના કર્મોના ફળ મળશે. માટે આખરતના હિસાબની તૈયારીમાં રહો. જો કે ઘણાં કામ એવાં હોય છે કે જેનો બદલો લોકોને માત્ર કયામતના દિવસે જ મળશે તો પણ બદી યાને ગુનાહ દુનિયામાં પણ આ ત્રણમાંથી કોઈ પણ એકનો નાશ કરી નાખે છે એક તો માલ, બીજું ઉમર અને ત્રીજું ઈમાન, માટે બુરાં કામથી બહુજ સંભાળજો બહુ પરહેજી રાખો કારણ કે બૂરાઈ બહુ ભયંકર વસ્તુ છે અને એક બુરાઈમાંથી બીજી કેટલીયે

બુરાઈઓ પેદા થઈ જાય છે.

## ઝિન્દા સમુદ્ર

હકીકત મોમનને સમુદ્ર મિસાલ થવું જોઈએ. જેમાં ભરતી ઓટ થવા છતાં કયારેય પાણી ઓછું અદકું થતું નથી. વળી તેમાં ગંદુગોબરૂં પાણી આવીને ભળે છે અથવા તેમાં ગંદકી નાખે છે તો પણ તેના પાણીના રંગ અને વાસમાં કે સફાઈમાં કંઈ ફરક પડતો નથી. એમ મોમને પણ દુન્યવી માલના વધારા ઘટાડા અથવા આવક કે જાવક અથવા તેની નિંદા કે તારીફ, કોઈનું સદવર્તન કે બદવર્તન નફો કે નુકશાન દરેક હાલતમાં સમતા રાખવી જોઈએ. તેનું દિલ તો પોતાના મૌલાની મોહબ્બતમાં બરકરાર લાગી રહ્યું હોય અને લોકોની બુરાઈ અથવા ભલાઈ પોતાની પરીક્ષા માટે હોય છે એમ સમજીને મોમન વધુ ઉદાર

ક્ષમાશીલ અને વધુ વિશાળ દ્રષ્ટિનો થતો જાય છે. મોમન ક્યારેય ગાળ નથી દેતો.

મોમન ગંદી ગલીચ વાતો ક્યારેય નથી કરતો તે કોઈનું ભુંડું ઈચ્છતો નથી. તેમ ભુંડું બોલતો પણ નથી. મોમન ક્યારેય ચારીત્ર્યહીન નથી હોતો. મોમન ક્યારેય બખીલ નથી હોતો અને ઈમામે ઝમાનની યાદથી ક્યારેય ગાફ્લ નથી હોતો. હંમેશા તે પોતાના ઈમામનો ફ્રમાનબરદાર અને તેમની ખુશનુદીનો તલબગાર હોય છે મોમન ગીબત નથી કરતો તે લોકોના માલ તથા પરાઈ સ્ત્રી તરફ્ બદનઝર નથી કરતો અને તે શરમ સંકોચ તથા લજ્જાના ગુણ ધરાવતો હોય છે.

ઓ મોમિનો! ભુંડી વાત કરવાથી ડરો, કેમ કે બુરાઈ માણસને બેઈમાન બનાવી દે છે બુરાઈ લોકોનાં ઈમાનને ખરાબ કરી નાખે છે

અને તેઓને દોઝખી તથા બદનામ કરી દે છે.

ઓ મોમિનો, જે માણસના સ્વભાવમાં ગુસ્સો વધારે હોય તેના દિલમાં એક જાતની બળતરા થાય છે જ્યારે તે ગુસ્સામાં આવીને બહુ ગરમ થઈ જાય છે તો તેની ગરમીથી તેની હસ્તીમાં આગ લાગી જાય છે જેમાં તેનું ઈમાન, તેની નેકીઓ, સવાબ, બંદગી, દિલની રોશની, ચહેરાની રોનક, સમજદારી અને શાંતિ એ બધું બળીને ભસ્મ થઈ જાય છે. વળી આ આગની સાથો સાથ તેના મનોવિકારની આગ પણ ભડકી ઉઠે છે જે સ્વાદિષ્ટ ખાણાંઓ માલ, ઈઝઝત, સત્તા, પરસ્ત્રીગમનની ઈચ્છા સારાં વસ્ત્રો પહેરવાની લાલસામાં પરિણમે છે. અને એ બધી દોઝખ ની સામગ્રી છે જે તેને ખુવાર અને હેરાન પરેશાન કરી નાખે છે. અને અધોગતિનાં કૂવામાં ઉંધે માથે નાખી દે છે.

માટે જેટલું બની શકે તેટલું તમારો ગુસ્સો અને વિષય વાસના કાબુમાં રાખો કે જેથી તે તમને છેતરીને દુ:ખદ પરિણામો તરફ દોરી ન જાય. જે વખતે માણસ કામ અને ક્રોધને આધીન થઈ જાય છે ત્યારે એ માણસ જનાવર અને બેઈમાન બની જાય છે.

## દીદારને માટે કુરબાનીઓ - ૨

ઓ મોમિનો, ઓ અઝીઝો, હકીકતી મોમન આખેરતને માટે ખોટા રસ્તાનો ત્યાગ કરીને સાચો માર્ગ પકડે છે અને આડા માર્ગને છોડીને સીધા રસ્તા પર ચાલતો રહે છે એવા મોમનો આખરતને ખાતર દીનદાર મોમન-ભાઈની ખિદમત કરતો રહે છે અને શુદ્ધ બુદ્ધિધન ધરાવતા પ્રકાશીત પીરોની ખિદમત કરતા રહે છે અને પોતાના ઉસ્તાદને ઈલ્મની વાતો પૂછીને તેના પર અમલ કર છે. નેક

લોકોએ આખરતને ખાતર અને ઈમામે વક્તના દીદારને માટે હુકુમતના તાજો તખ્તને પણ છોડી દીધાં. આ બધું તેઓને માટે સ્વભાગવત હતું કેમ કે કેટલાક માણસોની બુદ્ધિ અને સમજદારી એટલી વિશાળ હોય છે કે તેઓ દુનિયવી થોડા દિવસની બાદશાહી સત્તા સંપત્તિ અને સરદારી અને ઈઝઝતનો ત્યાગ કરી શકે છે. અને એવા નેક લોકો ઈમામના દીદારને ખાતર જાહેરી માન મોભા વગેરેનો ત્યાગ કરીને સાચી અને કાયમી આખરતની સરદારી તથા મોટાઈ પર પહોંચી જાય છે, વળી કેટલીક ભુડી પ્રકૃતિઓ પણ હોય છે જે ઈમામ અલયહિસ્સલામના દીદારને છોડીને દુનિયવી સરદારીની લાલસા ધરાવે છે. એવા લોકો નૂરને છોડીને અંધકાર ઈચ્છનારા હોય છે અને પાણી છોડીને આગમાં ચાલ્યા જાય છે.

નેક લોકો એ દીદારને માટે પોતાના સગા સ્વજનો, નાત જાત બધું છોડી દીધું. તેઓએ દીદારને ખાતર માલ મિલ્કત, સ્ત્રી બાળકો ઈઝઝત અને સત્તા બધું છોડી દીધુ અને નેક લોકોના પગમાં ઈમામ અલયહિસ્સલામના ઈશ્ક અને દીદારની તલાશમાં ફરફોલા પડીને ફુટી ગયા આટલી પીડા તેઓએ સહન કરી. વળી તેઓએ **દીદારને માટે હકીકતીઓની મિજલસમાં આવી પોતાના દીનભાઈઓની ખિદમત કરી અને નેક લોકોએ પોતાના ઈમાન પરિપુર્ણ કરવા માટે મોમિનોની મજલિસમાં હાજરી આપી, ઈબાદત બંદગી અને દીનદારી કરી પોતાના વિધ્વાનોને હકીકતી ઈલ્મ સંબંધે સવાલો કર્યા, ઈલ્મ સાંભળ્યું, ઈલ્મ યાદ કર્યુ. સારી રીતે જ્ઞાન હાંસલ કર્યુ. અને તેના પર અમલ કર્યો આવા લોકો હકના દીનના આશિક હતા.**

ઓ મોમિનો, તમે બધા ઈમામના પાક દીનના આશક બનો. કલામ અને ગિનાન ઈલ્મથી વાકેફ થઈ જાઓ અને પોતાના સમય અને સંજોગો ધ્યાનમાં રાખો ખુદાથી ગાફેલ ન થઈ જાઓ કેમકે ખુદાને ભૂલી જવો એ આફત સમાન છે.

## ઈસરારે ઈમામત

ઓ હકીકી મોમિનો જ્યાં સુધી થઈ શકે ત્યાં સુધી પોતાના ખુદાવંદના ભેદ તથા રહસ્યને ગુપ્ત રાખો કે જેથી નાલાયક માણસો તે જાણી ન શકે કારણ કે જવાહિરોને નાદાન લોકોથી છુપા રાખવા જોઈએ. ખુદાવંદ-તઆલાએ પયગમ્બર સલ્અમને ફરમાવ્યું કે હકીકતનાં રહસ્યો ઝમાનાના જાહિલો સામે જાહેર ન કરો.

ઓ હકીકતી મોમનો, તમે મારૂં અને

તમારા ભવિષ્યના ઈમામનું નામ બેઈમાન જાહિલો પાસે તમારી જબાનથી જાહેર ન કરો કે જેમને રિસાલત અને ઈમામત સાથે સ્વભાવિક દુશ્મની છે. તમારે અમારૂં નામ મનમાં અથવા બહું ધીમેથી પડવું જોઈએ અને અમારા ભેદ બિનધર્મિઓથી છુપા રાખવા જોઈએ કે જેથી તમે ફેઝ અને પવિત્ર જિંદગીના કમાલિયતના દરજ્જા પર પહોંચી શકો અને ખુદાવંદ કરીમ તમો ઈખ્લાસવાળાઓ પર પ્રસન્ન થશે તમારા દિલો રોશન અને નુરાની થશે અને તમે આનંદમાં રહેશો.

## પરસ્પર મદદ અને ભાઈચારો

ઓ મોમિનો, હકીકી દીનદાર એ છે કે જે આખરતની નજાત ઈચ્છતો હોય તો તેણે પોતાના હકીકી દીનદાર ભાઈઓની મદદ કરવી જોઈએ. કે જેથી તે નજાતવાળાઓમાંથી

થાય. હકીકી મોમિનો તે છે કે જે પોતાના દીનભાઈઓમાં પરસ્પર મદદ કરતા હોય. એક બીજાની યારી કરે છે અને જે કંઈ મળે તે ભેગા મળીને ખાય છે. એક બીજાનાં દુખ સુખમાં ભાગ લ્યે છે. તેઓનાં દિલોમાં જરા પણ કિન્નો કે અદાવત નથી હોતી તેમનાં જાહેર અને બાતિન એક હોય છે. અગર પોતાના દીનભાઈનું પેટ ભરેલું હોય તો તે પોતાનું પણ પેટ ભરેલું સમજે છે અને જો પોતાનો દીનભાઈ ભૂખ્યો હોય, તો તે પોતાને પણ ભૂખ્યો સમજે છે. જ્યારે પેલો ખાય ત્યારે તે રાજી થાય છે અને જ્યારે એ ખાય તો પેલો ખુશ થાય છે. એવા મોમન દુનિયામાં તથા આખરતમાં સંગઠિત હોય છે અને પોતાના ખુદાવંદતઆલાની હુઝરપૂરનૂરમાં એકઠા જ હોય છે.

જે માણસ ઈન્સાન છે તે પોતાના દીનભાઈઓ સાથે દોસ્તી ભાઈચારો અને મોહબ્બત રાખે છે કારણ કે ઈન્સાનની રૂહ સંગઠિત છે અને હેવાનની રૂહ વિખરાયેલી હોય છે અને હઠાગ્રહ તથા વિરોધ એ જનાવરની ખસ્લતો છે હેવાની રૂહની જીંદગી ખોરાક પર આધાર રાખે છે તેને જો થોડો વખત ખાવાનું ન મળે તો તે થોડી વારમાં મરી જાય છે. અને ઈન્સાની રૂહ ઈમામે ઝમાનની મારેફત અને સંતપૂરૂષોની મોહબ્બત તથા દોસ્તીથી જીવંત રહે છે. અગર તેને આ ચીજો ન મળે તો તે હલાક થઈ જાય છે.

**ઓ મોમિનો, અગર તમે બન્ને જહાનમાં જીવંત રહેવા માંગતા હો તો તમારા ઈમાનને મુકમ્મિલ કરી લ્યો. કેમ કે તમે ઈમાનના અજવાવાળા મારફત જ અમર જીંદગી સુધી**

**પહોંચી શકશો. અને ઈમાન ઈમામે વક્તની શનાખ્તત તથા મારેફત અને ફરમાંબરદારી તથા એવણ જનાબના મુરીદોની મહોબ્બત તથા દોસ્તીથી પ્રાપ્ત અને પરિપૂર્ણ થાય છે. માટે તમારા ઈમામની પયરવી કરો એક બીજાથી રાજી અને સંગઠિત રહો કે જેથી તમે બન્ને જહાનમાં જીવંત રહી શકો** અને આખરતમાં તમને નેક લોકો તથા અંબીયા તથા ઓલિયાની સાથે અને ઈમામની હુઝુરમાં ઉઠાડવામાં આવે અને અત્યંત આનંદથી એક બીજાને જોશો.

ઓ મોમિનો, આખરતનાં કામ ચાહે સારા હોય કે ખરાબ દુનિયામાં જ પરિપુર્ણ થાય છે, માટે તમારે દુનિયામાં પરસ્પર નિખાલસ તથા મોહબ્બતથી વર્તવું જોઈએ અને એકબીજા સાથે દોસ્તી રાખવી જોઈએ કે જેથી કાલે ક્યામતને દિવસે તમે ઈમામે ઝમાન

સાહેબુલ અમ્રના મુકદ્દસ હુઝુર પુરનુરમાં અને એવણ જનાબના તખ્તની નજીક અત્યંત આનંદ તથા ખુશાલી સહિત એક બીજાની સાથે બેઠેલા હશો.

ઓ મોમિનો, જરાય શરમ રાખ્યા વગર એકબીજાની ખિદમત કરતા રહો અને તેમાં લાજ મોણું ન ગણો. કેમ કે વિના કારણે સંકોચ રાખવાને કારણે તમે ભલાઈથી વંચિત રહી જશો તમે એક બીજાના ખબર અંતર પૂછતા રહો. એક બીજાને ઘેર આવજા કરતા રહો પણ તમારો ખ્યાલ એકબીજાનો માલ ખાવાનો ન હોવો જોઈએ. એવું ન થાય કે તમે મુનાફિકો માફક એક બીજાની બુરાઈ કરતા રહો બલ્કે તમારે તમારા ભોજનમાંથી તમારા મોમિન ભાઈઓને ભાગ આપવો જોઈએ અને એનો પણ એવો ખ્યાલ હોય કે તે પોતાનું

ભોજન તમને ખવડાવે અગર તમારાથી બની શકે તો પોતાના કામ પર પોતાના મોમિન ભાઈના કામને સરસાઈ આપો હંમેશા તમે જે કામ અથવા જે મામલામાં હો તેમાં જો તમારા મોમિન ભાઈને સંતોષ થાય તો જ તમે સંતોષ પામો. અગર તમારૂં કામ થઈ ગયું હોય અને મોમિન ભાઈનું કામ ન થયું હોય તો તમે પણ ચેનથી ન બેસજો તમે એમ સમજો કે તમારૂં પોતાનું કામ અધુરૂં રહી ગયું અગર તે મોમિન ભાઈનું કામ બની જાય અથવા તેના વેપારના માલનો સારો ભાવ ઉપજે તો તમે વધુ રાજી થાઓ અગર તે મોમિન ભાઈને ફાયદો થાય તો સમજો કે જાણે તમને ફાયદો થયો. આમ કરવાથી તમને બધાને બરકત સલામતી અને ખુશહાલી હાંસિલ થશે. તમારૂં દિલ રોજ રોજ વધુ પ્રકાશિત અને પાક થતું રહેશે. તમારી

ખુશી વધતી જશે. તમારો ઈત્તકાદ પરિપૂર્ણ થતો જશે અને અગર તમે તમારા કામને તમારા મોમિન ભાઈના કામ પર સરસાઈ આપશો અને એ વિચારમાં રહ્યા કે તમારો પોતાનો નફો વધારે થાય અથવા દીનભાઈના માલને ખાવા અથવા લઈ જવાને તમે ગનીમત સમજો અને તેનો માલ લઈ તમારા માલમાં વધારો કરવા માગતા હો, તો તમારા માલમાંથી ખૈર અને બરકત ઉડી જશે અને તમે ખુદાની રહેમતથી પણ વંચિત રહી જશો.

જ્યારે પણ તમે દીન ભાઈઓ એકબીજાના દોસ્તો તથા શુભેચ્છક થાઓ છો ત્યારે ખુદા પણ તમારાથી રાજી અને ખુશ રહે છે. અને તમે ખરાબી જરાપણ નહીં જુઓ. અગર તમે એકબીજાના દુશ્મન તથા બુરૂં ઈચ્છનારા હશો તો ખુદા પણ તમારાથી

નારાજ હશે અને અગર બદી ફક્ત એક તરફી જ હોય તો માત્ર એ જ માણસ બુરાઈમાં ગિરફતાર અને ખુવાર તથા દુ:ખી થશે.

## આખેરતની ખેતી

ઓ ભાઈઓ, ઓ અઝીઝો અગર કોઈ માણસ બીજ નહીં વાવે તો તે શું ફળ મેળવી શકશે? તમે જે કાંઈ વાવો છો તે જ ઉગે છે. માટે ભલાઈનાં બીજ વાવો યાને નેક કામ કરો કે જેથી આખરતમાં તમને સારો ફાયદો હાંસિલ થાય, તમે દુનિયાના મામલામાં જે કંઈ ખરચ કરો છો તે ફના અને ખતમ થઈ જાય છે અને રાહે ખુદામાં જે કંઈ આપો છો તો એનાથી જ આખરતમાં તમને આધાર મળે છે. જે કંઈ તમે પોતાના મૌલાને નામે આપો છો, તેનો બદલો દુનિયામાં સો ગણો અને આખેરતમાં હજાર ગણો તમને પ્રાપ્ત થાય છે.

કોઈ ખેતી કે કોઈ વેપાર એનાથી ઉત્તમ નથી કે તમે તમારી હલાલ કમાઈમાંથી મૌલાને નામે ખર્ચ કરો અને એનાથી વધારે બીજી કોઈ દોલત નથી (એ જ તમારી સાચી અને સર્વોત્તમ સંપતિ છે.) અને તેમ કરવાથી જ તમે તમારા ઈમામે ઝમાનનો માર્ગ મેળવી શકશો.

**તમે હંમેશા તમારા ઈમામે ઝમાનના ઝિકરમાં મશગુલ રહો. એથી વધારે ઉચીં કોઈ ઈબાદત નથી.** એ માણસ કેવો સદ્દભાગી છે, જે એનો અર્થ સમજે અને તે અમર સંપત્તિ ને પામે અને તેને આવી બખ્તાર ન્યામત નસીબ થાય.

જે માણસનું દિલ અને ઝબાન એક હોય તો માત્ર એને જ ખુદાની હુઝુરમાં માન અને નઝદીકી હાંસિલ થઈ શકે છે. જેનું દિલ તથા

ઝબાન એક ન હોય, તો તે કોઈ મુકામે પહોંચી શકતો નથી.

**હકીકી મોમન તેજ છે જેનું દિલ અને ઝબાન એક જ હોય.**

દીનદાર મોમન તેજ છે જે હંમેશા ખુદાવંદતઆલાના ઝિકરમાં લાગ્યો રહે. તેનું દિલ ખુદાતઆલાના ઈશ્કમાં અને તેની ઝબાન હકતઆલાની તારીફ અને સ્તુતિ કરવામાં મશ્ગુલ હોય. તે સતપંથના ભોમિયાઓની નસીહતો સાંભળતો રહે અને તેના પર અમલ કરતો રહે પહેલાં તો નેક કામ પર પોતે અમલ કરે અને પછી બીજાઓને તેની શિખામણ આપતો રહે.

## ખુદાની મારેફત

**ઈન્સાનને પોતાના પરવરદિગારની મારફત ત્યારે હાંસિલ થાય છે કે જ્યારે તેણે**

**પોતે પોતાને ઓળખી લીધો હોય.** પહેલાં તો તું તારા શરીરનાં અંગે અંગનો અભ્યાસ કરીલે. એ પછી તારે જાણવું જોઈએ કે તું ખુદ બ ખુદ પેદા નથી થયો. કોઈ બીજાએ તને પેદા કર્યો છે. પછી તારે વિચાર કરવો જોઈએ કે કોણે તને પેદા કર્યો? અને આ દુનિયામાં શા માટે મોકલવામાં આવ્યો છે? અને તે તને ક્યાં લઈ જવા માગે છે?

એ પછી તને ખબર પડશે કે અગર તારૂં શરીર બરાબર નિયમિત છે તો તે બિમારીઓથી સલામત રહી શકે છે અગર નિયમિત નથી, તો તું બિમાર પડે છે. એ વખતે ઈન્સાનને માફક ન આવે એવા ખાનપાનથી બચતો રહે છે તેણે પોતાને અનિયમિતતા તથા બેદરકારીથી બચવું જોઈએ તાકે તેનાં દરેક કામ નિયમિત થઈ જાય અને તેણે **પોતાને જાહેરથી બાતુન તરફ લઈ**

**જવો જોઈએ યાને જિસ્મથી રૂહની મિસાલ લેવી જોઈએ. તેણે રૂહને તંદુરસ્ત રાખવા માટે પોતાના ચારીત્ર્યની સુધારણા કરવી જોઈએ. એટલે સુધી કે તેની જાતમાંથી હેવાની સ્વભાવ અને પશુભાવ બિલકુલ નીકળી જાય અને તેનામાં સાચા ઈન્સાની સદ્દગુણો પ્રગટ થાય. તેણે પોતાના નફસને પાક અને સાફ કરી દેવો જોઈએ.**

જ્યારે તેનું દિલ પાક અને સાફ થશે શક અને વસવસા દિલમાંથી નીકળી જશે, પોતાના ઈમામે ઝમાનની મારફત પર યકીન કરશે અને દરેક સ્થળે પોતાની સામે મૌલાના હાઝર ઈમામને હાજર અને નાઝર દેખશે તે વખતે એ ઈલ્મુલ યકીનમાં પહોંચશે.

અને હક્કુલ યકીનના મરતબા પર ત્યારે પહોંચશે કે જ્યારે તેનું દિલ યકીનના નૂરથી

પ્રકાશીત  થઈ જશે અને તે પોતાના જીવને નૂરૂલયકીનની રોશનીમાં જોવા લાગે છે એ પછી જે મરતબામાં તેનો પરવરદિગાર છે તેને તે હક્કુલ યકીન (યકીનની આંખ) થી જોઈ શકશે.

આ તને બધું ત્યારે પ્રાપ્ત થાય છે કે **જ્યારે તું તારા પીર અને ઈમામની આજ્ઞા પર અમલ કરે અને એવા લોકોની પૈરવી કરે કે જેઓ સાચા રસ્તા પર ચાલનારા છે. આ એવા રાહનુમાં છે જેઓ ઈમામના માર્ગ સિવાય પોતા તરફથી બીજો કોઈ રસ્તો નથી દેખાડતા. તેઓ હકીકતના પંથમાં સાચા અને જાણકાર છે. તેઓ દુનિયવી તૃષ્ણાથી મુક્ત હોય છે** અને મૌલાના ઈમામે ઝમાન પી ર અને ઉસ્તાદની દોરવણીમાં દોઢ ડહાપણ કે શંકા કુશંકા નથી કરતા. કેમ કે **દીની બુઝુર્ગો**

**અને જાણકાર સત્ય પુરૂષ યાને ઈમામે ઝમાન, હુજ્જત તથા દાઈઓ અને સત્યપંથના શિક્ષકોનું દ્રષ્ટાંત તબીબો, વિદ્વાનો અને ઉસ્તાદો જેવું હોય છે. અને બાકીના લોકો બીમાર અથવા નાનાં દુધ પલ બચ્ચાંઓ જેવા હોય છે. દર્દીઓ અને બચ્ચાઓએ પોતાના તબીબ અથવા પાલક માતાને શરણે રહેવું જોઈએ અને તેઓનો સૌથી મોટો ફાયદો એમાં જ છે. અગર તેઓ વિરોધ કરે, ઈન્કાર કરે તો એમ કરવાથી તેઓને ધાણું નુકશાન થાય છે અને છેવટે તેઓ હલાક થઈ જાય છે.**

જેમ પંથે ચાલનારાઓની ફરજ છે કે તેઓ ભોમિયાની પયરવી કરે, કે જેથી તેઓ સલામતીથી પોતાની મંઝીલે મકસુદ પર પહોંચી જાય. એજ પ્રમાણે જે લોકો અમારી મહોબ્બતમાં રહેવા માગે છે તો તેઓની

ઝબાન સાચી હોવી જોઈએ અને તેઓ જુઠું બોલવાવાળા અને ગીબત કરવાળા ન હોવા જોઈએ. તેઓની આંખો પાક હોવી જોઈએ, પરાઈ ઔરત કે પરાયા માલ તરફ તેઓએ વાસના કે ખયાનત ભરી નજરે ન જોવું જોઈએ. તેઓનું દીલ પાક હોવું જોઈએ. તેઓના દિલમાં દુનિયા અને માલમત્તાની મોહબ્બત, ઈઝઝત કે પદવીની આરઝુ કે મિષ્ટાન ખાવાનો શોખ ન હોવો જોઈએ. તેઓ અમલમાં સાચા હોય અને તેઓનું મોઢું પવિત્ર હોય. હરામ લુકમો ખાવાથી અને દશોંદ, જે ઈમામે ઝમાનનો માલ છે તે ન આપવાથી અને યતીમના માલ પર કબ્જો કરી લેવાથી તેઓએ પોતાના મોઢાને ગંદું ન કરવું જોઈએ. તેઓ ખામોશ રહેવાવાળા હોય. તેઓનો ખ્યાલ દુનિયવી તૃષ્ણા તરફ ન હોય, બલ્કે

પોતાના આકા અને મૌલા, ઈમામે ઝમાનના દીદાર સિવાય બીજી કોઈ ચીજ યા કોઈ તમન્ના તેઓનાં દિલોમાં કે નજરમાં ન હોય.

વળી તેઓનો ખ્યાલ દુનિયા કે આખરત એ બેમાંથી એકેય તરફ ન હોય બલ્કે ઈમામે ઝમાનના દીદાર અને એવણ જનાબની પ્રસન્નતા તરફ જ હોય. તેઓ સચ્ચાઈથી હકીકતને રસ્તે ચાલે અને પાકિઝા તથા પરહેઝગાર રહે યાને તમામ ચીજો તરફ દુર્લક્ષ કરી ઈમામે ઝમાનની મારેફત તરફ આગળ વધી જાય. એટલા માટે કે ઈમામની મહોબ્બત વગરની દરેક ચીજ ભલે તે સારી હોય કે નરસી આગ જેક્ષી દુઃખ દાયક છે.

જેવી રીતે તમે કાંટાની ઝાડી અથવા હિંસક જનાવરથી દૂર ભાગો છો અને બીજી બલાઓથી પોતાને બચાવો છો, એવી જ રીતે

તમારે દુનિયા અને દુનિયાવાળાઓથી બચતા રહેવું જોઈએ. અને દુનિયાના માલિકની હુઝુરપુરનૂરમાં આશરો લેવો જોઈએ કેમ કે સંપુર્ણ અમનો અમાન તથા નિરાંતનું સ્થળ એ જ છે.

ઓ મોમિનો, હકીકી મોમન એ જ છે જે પોતાનું મ્હોં નાફરમાનીઓથી ફેરવી લ્યે અને હકીકી બાદશાહની ઈતાઅત કરતો રહે. હકતઆલા તરફ ધ્યાન આપે, પીરના આદેશ પર અમલ કરે. જેવી રીતે પીર, મૌલાના હુકમને આધીન રહે છે અને તેમાં જરા પણ ગફલત નથી કરતા એજ રીતે મોમિનોએ પણ પીરના આદેશ મુજબ ચાલવું જોઈએ તેમની આજ્ઞામાં રહેવું જોઈએ. તેમાં જરા પણ ગફલત ન કરવી જોઈએ કે જેથી તે પોતાની મુરાદને પહોંચી જાય. તેઓએ પીર દ્વારા ઈમામની

મારેફત અને દીનના સિધ્ધાંતો શીખી તેના પર અમલ કરવો જોઈએ. મુર્શિદ અને રહેબર જે કંઈ તમને તાલીમ આપે છે, જે કંઈ ઉપદેશ આજ્ઞા કે શિખામણ આપે છે તે તમને સહી સલામત ઈમામુલ હાઝિરની હકીકત તથા મારેફતમાં પહોંચાડી દે છે. તમે દિલોજાનથી એ ઉપદેશ કબુલ કરો અને એ નિયામત બદલ શુક્રાના અદા કરો કે અગર ઈન્સાન એક સીધા માર્ગે ચાલી રહ્યો હોય અને વળી સાથે એક પ્રકાશીત દીવો પણ હોય હોય, તો તે બહુ સહેલાઈ અને સલામતીથી પોતાના વતનમાં પહોંચી જાય છે.

માટે દરેક કામ અને દરેક મામલામાં જ્યારે કોઈ ડાહ્યા કે અનુભવી માણસ મૌજુદ હોય તો તે જ ખામી કે ખુબીવાળા માલની પરખ કરી શકે છે. અસલી અને નકલીને

પારખી શકે છે તે એમાં છેતરાતો નથી અને ખૂબીવાળી અસલી ચીજ ખરીદ કરે છે. તે ખોટા માર્ગથી પાછા વળીને સાચે રસ્તે દોરી જાય છે. ગુમરાહીના કૂંવામાંથી કાઢીને, સર્વ-નાશના જંગલમાંથી કાઢીને સલામત આબાદી તરફ લઈ જાય છે તેઓ ગુમરાહીના તોફાની દરિયામાંથી બચાવીને નજાતના કિનારા પર પહોંચાડી દે છે. અને આફતભરી જગ્યાએથી તેમજ હિંસક જનાવરો, પશુઓ અને જિન્નાતના સકંજામાંથી છોડાવીને શાંતિભર્યા સ્થાનમાં કે જે ઈમામે ઝમાનની શનાખત છે ત્યાં લઈ જાય છે.

ઓ મોમિનો, જ્યારે કોઈ માણસ મઝાક અને વાહિયાત વાતો કરે છે અને કોઈની હાંસી ઉડાવે છે અને બીજા માણસો તેની સામે ઉભા ઉભા યા બેઠા બેઠા હસી રહ્યા હોય

તો તે તમામે તમામ શયતાનો છે.

## અનુકરણના પરિણામો

ઓ મોમિનો, સાંભળો અને સાચી વાતને તમારા દીલ તથા દિમાગમાં સાચવી રાખો હકતઆલાના ફરમાનને યાદ રાખો અને હકીકી ઈલ્મની વાતો સાંભળતા રહો કેમ કે ઘણા લોકો આપવડાઈ અને આપમતીલાપણું તેમજ અજ્ઞાનતાને કારણે ગુમરાહ થઈ ગયા છે. તેઓ જુઠા વાદવિવાદમાં અને ફલાણો આલીમ આમ કહી ગયો છે ને ફલાણો આલીમ આમ કહી ગયો છે એવી ખેંચતાણમાં અથવા કોઈ કોઈના અનુંકરણ અને દેખા દેખીમાં અટવાઈ ગયા છે. તેઓ આંખો મીંચીને એકબીજાની પાછળ ચાલ્યા જાય છે, પણ ખબર નથી કે અમે ક્યાં જઈ પહોંચીશું. આવા લોકોની સરદારી તેમજ

કહેવાતી હોશિયારી તથા દુન્યવી સંપત્તિથી મગરૂર થઈ ગયા છે. કયામતના દિવસે ઉભો ને ઉભો સળગાવી દેનારો સૂરજ જ્યારે તેઓની માથે આવીને ઉભો રહેશે અને સખતમાં સખત હિસાબની જગ્યાએ જ્યારે તેઓને ઉભા રાખવામાં આવશે ત્યારે તેઓની હોંશિયારી, મોટાઈ, પદવી કે સંપત્તિ કે દેખા દેખી તેઓને કંઈ કામ નહીં આવે. **કારણ કે એ લોકો હકીકી ઈલ્મથી કેટલાય દૂર છે. તેઓ પોતાની રીતે માની લીધેલા મોટેરા મુલ્લા મોલવીઓનું આંધળું અનુકરણ કરીને કુમાર્ગે ચઢી ભટકીને ભૂલા પડી જાય છે.** તેઓની નકીલ અથવા લગામ વાટપાડુઓ અથવા ભૂતપલીતના હાથમાં હોય છે અને છેવટે એ બધાં ગુમરાહીના ઉંડા દરીયામાં ડૂબી મરે છે. પણ તેઓને પોતાની ગુમરાહીનું કંઈ ભાન નથી

હોતું. બધા ફિરકાબાજીમાં પડી જાય છે તેઓ પોતાના ખોટા કામથી બેખબર છે તેઓ નથી જાણતા કે તેઓનાં કામોનુ શું પરિણામ આવવાનું છે, બધા ગફલતમાં પડેલા છે. પણ મરવા પછી તેઓને ખબર પડશે, પણ એ વખતે ખબર પડવાથી કંઈ ફાયદો નથી અને ત્યાં દુખ, વેદના, અફસોસ અને સંતાપ સિવાય બીજું કંઈ નથી.

મોમનને તો દુનિયામાં જ કયામતથી અને પોતાના કામના પરિણામથી જાણકાર રહેવું જોઈએ, સામાન્ય લોકો અને તેઓના સરદારની મિસાલ ઘરડી ગાયો. અને ખાટકી જેવી છે જેમ ખાટકી છેવટે પોતાના છુરાથી એ ગાયોને કાપી તેમનાં ચામડાં ચીરી નાખે છે, એજ પ્રમાણે બીજા દીની આગેવાનો પોતાની તકલીદ કરનારાઓનાં ચામડાં ચીરી

નાખે છે અને એ ગાયોને પોતાના અંજામનું કંઈ ભાન નથી હોતું તેઓ તો ખાટકીને પોતાનો ગોવાળ સમજીને તેની પાછળ પાછળ ચાલી જાય છે.

ઓ મોમિનો તમે હરગીઝ કોઈ અન્ય મઝહબના મુલ્લા કે પેશવાની તકલીદ (અનુકરણ) માં અટવાઈ ન રહેતા અને **મુલ્લા મૌલવીઓ પાછળ ભમવા નીકળી ન પડતા કારણ કે તેઓ જાહેરી ઈલ્મમાં જ અટવાઈ ગયા છે. તેઓ ઈમામે વક્તની મૌજુદગીના તથા એવણ જનાબના પંથના અને તેમની હુઝુર પુરનુરના સદભાગ્યના મુન્કર** છે અને અગર કો ઈ માણસ કહે કે ઈમામ હૈયાત અને હાઝર છે. તારે તેનો માર્ગ પકડવો જોઈએ. તો પેલા મુલ્લાઓ એમ કહેનારને બિચારાને કુફ્રનો ફત્વો આપી દે છે અને પછી તેને સંગસાર યાને

પથ્થરથી મારવાની સજા કરે છે.

આવા ખુદપરસ્ત મુલ્લાઓથી ખુદા બચાવે. તેઓએ પોતાને માટે વિચિત્ર જાતનો ખ્યાલી ખીચડો પકાવી રાખ્યો છે. અને વિચિત્ર પ્રકારનું પાણી નહેરમાં વહેવડાવી દીધું છે. તેઓએ આ એક જ વાક્યથી લોકોની ઝબાન બંધ કરી દીધી છે. હરી ફરીને તેઓ બસ એક જ વાત કરે છે કે બસ તમે કુફ્રના શબ્દો બોલો છો! વળી તેઓએ કોઈ સામાન્ય અજ્ઞાન શખ્સને પોતાનો પીર બનાવી દીધો છે. માટે દરેક પવીત્ર નેક અને સદચરિત્ર મોમિન શખ્સે એવા ઢોંગી લોકોથી દુર રહેવું જોઈએ.

એ રાજપાટ અને સરદારીના ભૂખ્યા લોકોએ જ્યારે ખુદાના નુરને બુઝાવવાની કોશીશોમાં ઈમામે ઝમાન મૌલાના હાઝર ઈમામ સાહેબને ઈજાઓ પહોંચાડી અને

એવણ જનાબ વિરૂધ્ધ લડાઈઓ કરી. પણ દરેક વખતે એ કાફિરોની કોશીશો નિષ્ફળ ગઈ. છેવટે તેઓએ થાકીને જુઠ, ફરેબ અને અફવાબાજી તથા કુફ્રના ફત્વાનો આશરો લીધો અને કિતાબોમાં લખ્યું કે ઈમામ તો ઠેઠ આખર જમાનામાં જાહેર થશે અને કંઈક કહેશે. આથી ઘણા લોકો ઈમામે ઝમાનના માર્ગથી ભટકી ગયા અને ઘણા લોકોએ તે જુઠી વાત માની લીધી ત્યાં સુધી કે એ બધા તકલીદ વાળાઓ ઈમામના દીદારથી બેનસીબ થઈ ગયા. જો કે ઈમામે ઝમાન તો સૂરજની પેઠે જગતમાં જાહેર છે પણ જે લોકો ઈમામના દુશ્મન હોવાથી તેઓ તેમની ઝહુરાતની વાટ જોઈ રહ્યા છે. કારણ કે તેઓએ જાહેરી મુલ્લાઓ મૌલવીઓની ફરમાં-બરદારી કરી અને તકલીદમાં પોતાની જિંદગી

બરબાદ અને ધુળધાણી કરી નાખી.

## સૌથી મોટી દૌલત

ઓ મોમિનો, ઓ સદાકતવાળાઓ હંમેશા શુક્ર કરતા રહો કારણ કે તમને એ ઈમાન તથા દીનની દૌલત મળી છે. અને તમારી ખુશ-નસીબી છે કે તમને બીજા લોકો ગુમરાહ નથી કરી શકતા પણ **તમે સાવચેત રહેજો. અને બહુ સંભાળજો. અમારો ભેદ કોઈ અયોગ્ય અને બિન અધિકારી લોકોથી છૂપો રાખજો અને એવા કે જિન્નાતથી દૂર રહેજો. ક્યાં એવું ન થાય કે તેઓ તમને હલાક કરી નાખે જેમ તેઓ પોતે ભટકી ગયા છે તેમ તમને પણ ક્યાંક બદબખ્તીઓના અંધારા ખાડામાં ન ખેંચી જાય.**

ઓ મોમિનો! ખુદાનો પંથ અખત્યાર કરો અને ખુદાના માર્ગમાં ખેરાત તથા ભેટ

સોગાદો આપતા રહો અને ગરિયાઝારી તથા અશ્રૂપાત અને ઈબાદત કરતા રહો. અને એ ન્યામતની કદરદાની કરતા રહો. હારી ન જતા. તમારે એ બહુમુલ્ય મોતીનું જતન કરવું જોઈએ તમે જુઓ છો કે જે માણસ પાસે કોઈ કિમતી ચીજ હોય અથવા દૌલત હોય તો તે કેવો સાવચેતી રાખે છે? તેમ સત્યપંથ તથા ઈમાન અને મૌલાના હાઝર ઈમામની મારેફતથી મોટી કોઈ દૌલત નથી તેને બરાબર સંભાળજો અને તમારા પીરનો દામન મજબુતીથી પકડજો કે જેથી તમે તોફાનોથી બચી જાઓ અને શયતાનનો હાથ તમારા સુધી પહોંચી ન શકે. વળી હરામ ખોરાકથી પણ બચતા રહેજો કે જેથી તમારૂં દિલ કાળું ન થઈ જાય અને જે **માણસનું દિલ ઝિકર કરતી વખતે ભારી સખત અને કાળું જણાય તો તે તેનો શોખ ન હોવા**

**તથા તેની સુસ્તીની નિશાની છે. જે હરામખોરી અને માલેવાજબાત ખાઈ જવાથી પેદા થાય છે માટે માલેવાજબાત બરાબર અદા કરતા રહો. અને ઈમામે ઝમાનનો હુકમ કબુલ કરતા રહો.** કોઈનું બુરૂં ન કરો, શુભેચ્છા ધારણ કરો, નેક કામો તથા પરહેઝગારીને માટે પરસ્પર સહકાર અને મદદ તથા પ્રોત્સાન આપો તાકે પોતાના મૌલાના ઝિકરથી તમારી બધી મુશ્કેલીઓ આસાન થઈ જાય.

## માલેવાજબાત

ઓ મોમિનો, જે માણસ ઈમામે ઝમાનના માલને અટકાવી રાખે છે અથવા તેને પોતાના માલમાંથી જુદો નથી કરતો અને તેની આંખો તથા દિલને તે માલ સારો લાગે છે તો તેનું દિલ કાળું થઈ જાય છે. અને તે માણસ બદકાર તથા બદઅમલી બની જાય છે અને આખરતમાં પોતાને દોઝખી કરી નાખે છે.

ઓ મોમિનો, સાવધાન રહો, ગફલતી ન કરતા અમારો માલ માલેવાજબાત ખાવો બહુ મુશ્કેલ અને ભારી છે. તે બહુ કઠણ કોળીયો છે. તકલીફ ઉપાડ્યા પછી પણ એ લુકમો હજમ થવાનો નથી. એ બાતીની (રૂહાની) બિમારીઓનું કારણ બની જાય છે. માલેવાજ-બાત ખાનાર માણસ બન્ને જહાનમાં હલાક થઈ જાય છે. અને આ દસમી પાતીમાં ઘણી હિકમતો અને અસંખ્ય પરિક્ષાઓ અજમાઈશો છુપાએલી છે અને ન દેવામાં ઘણી આફતો તથા બલાઓ છુપાએલી છે અને એ માલ હજમ કરી જવાનું બહુ મુશ્કેલ છે. તમે તેને આસાન ન સમજો કેમ કે એ બહુ ભારી અને સંગીન બોજો છે. માલેવાજબાત આપવા અને લેવાવાળાની ફરજ છે કે તે સચ્ચાઈ અને સંપૂર્ણતાથી મૌલા મુર્તઝાઅલી અ. ના દરબારમાં પહોંચાડી દે.

# ઈમામની શનાખ્ત

**ઓ મોમિનો ખબરદાર થાઓ કે જેથી તમે ભૂલ ન કરી બેસો કેમ કે આ માર્ગ પર બહુ જ વિંટબણાઓ છે. માટે તિક્ષણ નજરે ચાલવાની જરૂર છે. આ એ દુર્લભ ન્યામત છે જે આસાનીથી નથી મળતી. જ્યારે જાહેરી ન્યામત પણ મુશ્કેલીએ મળે છે તો બાતુની નેમત કેમ કરીને સહેલાઈથી મળી જાય? બાતુની નેમત કે જે ઈમામની શનાખ્ત છે,** તેને માટે તો જીવ આપી દેવો પડે તો પણ ઓછું છે. માટે તમો આ અમર અને દૈવી ન્યામતનું મુલ્ય સમજો. અને પોતાના મૌલાના શુક્રાના અદા કરતા રહો કે જેણે તમને આ બક્ષીસ આપી છે. અને પોતાની મારેફતની તાલીમ આપી છે. નહિતર એ જિન્નાતો, આફતો અને બલાઓ, ડાકુઓ અને ધીગાણાઓ

વચ્ચે તમે ક્યાંથી એ ચીજ સુધી તમારી મેળે પહોંચી શકતા હતા? કે ઈમામને માર્ગે તમે ચઢી શકો? એ લોકો દીનના દુશ્મનોએ એવી દીવાલો ઉભી કરી દીધી છે કે બિચારા સામાન્ય લોકો એને ઓળંગી શક્તા નથી. તેઓએ એક એવી ગાંઠ લગાવી દીધી છે કે જેને સામાન્ય લોકો ખોલી નથી શક્તા. તેઓને હેરાન પરેશાન થઈને નિરાશા તથા અરમાન ભરેલાં દિલ સહિત માટીમાં મળી જવું પડશે, તો પણ તેઓને ઈમામના દીદાર નસીબ નહિં થાય.

## નુરાની દીદાર

હોશિયાર રહો, કે મેં તમને એક સર્વોત્તમ માર્ગ દેખાડયો છે. અને જે કંઈ તમારી નજાત, આખરતની ભલાઈ અને તમારી દુનિયા તથા આખેરતની ખુશહાલીના સાધનો હતાં તે બધાં

મેં તમને દેખાડી દીધાં છે. તમારી અકલ મુજબ અને તમારી સમજબુજ પ્રમાણે મેં તમારી સાથે વાતો કરી અને તમારી શક્તિ મુજબ મેં તમને અમલ કરવાનો આદેશ આપ્યો. હવે તમારા પર ફરમાંબરદારી લાઝમ છે. તમને સીધે રસ્તે ચઢાવ્યા જે સિરા તિલ મુસ્તકીમ છે માટે તમે પોતાના એ પંથ પર આગળ વધતા રહો. તમારા વખતના ઈમામે હાઝરની પ્રસન્નતાના તલબગાર રહો. તમારા ઈમામને જોયાજ કરો કારણ કે તેઓ સૂરજની માફક પ્રકાશીત અને જાહેર છે. તમે તમારા મૌલાના દિદાર માટે દિલ તથા દિમાગને દુન્યવી ઈર્ષા મોહવાસના અને ગુનાહોની ગંદકીથી પાક અને સાફ રાખ્યા કરો. જેથી તમે મૌલાના હાઝર ઈમામના પવિત્ર નુરનો દીદાર કરી શકો અને તેમના ગાદીવારસને કે જેઓ

ઈમામે ઝમાનના વસી અને આલ છે તેમને કબુલ કરો અને તેમના સંબંધે વાંધો વિરોધ ન ઉઠાવો, જેવું કે ભૂતકાળમાં થયેલું હતું. એ લોકોએ ઈમામ અલયહિસ્લામને છોડી દીધા અને બીજા કોઈ ભળતા સળતા માણસને ઈમામ ઠેરાવ્યા. છેવટે તેઓ ઈમામ વિહોણા થઈ ગયા.

## બુનિયાદી ગલતી

હઝરત મૌલાના ઈમામ મુસ્તનસિર-બિલ્લાહ અ. મે ફરમાવ્યું કે મારા બુઝુર્ગવાર દાદા હઝરત મૌલાના શાહ ઈમામ હુસેન (અ.સ.)ના જમાનામાં કેટલાય લોકો ઈમામે ઝમાનને મૂકીને મોહમ્મદ હનફિયા તરફ થઈ ગયા. હઝરત મૌલાના શાહ ઈમામ ઝૈનુલ આબેદીન અ. ના જમાનામાં કેટલાક લોકો ઈમામે ઝમાનને છોડીને ઝૈદને માનવા લાગ્યા.

મારા બુઝુર્ગવાર દાદા હઝરત મૌલાના શાહ જાફરસાદિક અ. ના જમાના પછી કેટલાય લોકોએ તેમના વસી હઝરત મૌલાના શાહ ઈસ્માઈલ અ. ને છોડીને મુસા કાઝીમની પૈરવી કરી, કેટલાકે તેના ભાઈ અબ્દુલ્લાહને માનવા લાગ્યા એજ પ્રમાણે મારા દાદા હઝરત મૌલાના શાહ મુસ્તનસિરબિલ્લાહ અ. ના જમાનામાં કેટલાક લોકો તેમના વસી ઈમામ શાહ નિઝાર અ. ને મુકીને મુસ્તેઅલીને માનવા લાગ્યા.

છેવટે એ બધા હેરાન પરેશાન થઈ સાચા ઈમામના દીદારથી વંચીત રહી ગયા. આ બધું તેઓની ગફલતને કારણે અને કંઈક તેઓની ખોટી ચાલચલણથી થયું હતું. તેઓએ પોતાના બાતિન અને દિલને સાફ ન રાખ્યું અને મૌલાનું મુલ્ય ન સમજ્યા. તેથી તેઓ

પાસેથી એ ન્યામત ચાલી ગઈ તેઓને માટે એવાં કારણો ઉભાં થયાં. કે જેથી તેઓની એવી હાલત થઈ.

તો નાશુક્રીથી ન્યામત હાથમાંથી ચાલી જાય છે માટે કદરદાની કરો. મૌલાના શુક્રાના અદા કરો અને જે કંઈ ફરમાવવામાં આવ્યું છે તેને જવાહિર માફક ગ્રહણ કરો અને જે કંઈ તમને પીર તરફથી આદેશ મળે તેના પર કાયમ રહો અને તમારા શિક્ષકના હુકમનું પાલન કરો અને હાઝર જેમાની તાબેદારી જે ચલણી સિક્કા જેવી છે અને તે શરિયતની રૂએ તથા તાર્કિક દ્રષ્ટિએ તદ્દન યોગ્ય અને વાજબ સમજો.

આ બધી નેક નસિહતો હઝરત મૌલાના શાહ મુસ્તનસિરબિલ્લાહ અ. એ મજલિસો તથા મહેફિલોમાં જમાતને વાએઝના રૂપમાં

બયાન ફરમાવી છે. અને જમાતો, શુભેચ્છકો તથા વિદ્યાર્થીઓને આ નસીહતો વારંવાર વાંચવી, સાંભળવી તથા યાદ રાખવી જોઈએ. અને તેનું મનન કરી અમલ કરવો જોઈએ. તાકે ભુત કાળના મોમિનોની માફક તેઓ પણ નજાત પામે.

-> મોટી પંદિયાત સંપૂર્ણ <-

# પંદિયાત નાની

## ફરમાનબરદારીની બરકતો

ખુદાવંદે ઝમાન સાહેબે દોજહાન ઈમામે અશ્ર મૌલાના શાહ હઝરત ઈમામ મુસ્તન-સિરબિલ્લાહ હિકમતના ભંડાર અને તાલા શાનાએ અઝીઝે ફરમાવ્યું કે ઓ મોમિનો ઓ સાદિકો! મોમનની ફરજ છે કે હકતઆલાના ફરમાનને તાબે રહે અને જે કંઈ ખુદાના ફરમાન છે તેને બજાવી લાવે અને જે કંઈ

ખુદાના ફરમાનો છે તેને આભારવશ થઈને આંખે લગાડી માથા પર ચડાવે. જે બંદો સાચી વાત સાંભળીને તેના પર અમલ કરે છે તો જુઓ કે તે બંદાને કેવી કેવી ભલાઈઓ આવી મળે છે. તે બંદાની બલા આફતો દફે થઈ જાય છે તેના દુશ્મન આંધળા થઈ જાય છે. તે બંદાને માટે ફત્તેહમંદી અને રોજીના દરવાજા ખુલી જાય છે, ખુદા તરફથી એ બંદાને ફતેહ અને મદદ મળતી રહે છે. તેની નેકી અને ઈબાદત તથા બંદગી કબુલ થઈ જાય છે. તેની નેકીમાં બરકત પેદા થઈ જાય છે તેનાં બધાં કામ તેની ઈચ્છા મુજબ પૂરાં થાય છે તેના ફરઝંદો અને સગાં સંબંધીઓ, આફતો, બલાઓ અને મુસીબતોથી સુરક્ષિત સલામત રહી શકે છે. તેનું ઘર આબાદ થાય છે. તે કદી દુ:ખી કે બેઆબરૂં નથી થતો. બધાં કામમાં

તેને ફુરસત તથા નિરાંત રહે છે તે હંમેશા પ્રસન્ન અને ખુશમિજાજમાં રહે છે. ખુદાએ મહેરબાન તેનો યાર, મદદગાર અને બેલી હોય છે. તે ખુદાની પનાહમાં હોય છે. હકતઆલા તેનો દસ્તગીર યાને હાથ પકડનાર હોય છે. એ માણસ દુનિયા અને આખેરતમાં બહુ સુખી અને સદ્ભાગી હોય છે. તે જાહેરી અને બાતુની અને દુનિયા તેમજ આખરતની દૌલતથી માલા માલ હોય છે.

આખરતની દોલત કે જે તેને મળે છે એની હકીકત સાંભળો. મોમિનો, આખરતમાં પરવરદિગારના દીદાર અને તેની મુલાકાતથી તાલેવંત થશે. હકતઆલા મોમિન બંદાને આકાશી રાજ્ય ઈનાયત ફરમાવશે. તે ત્યાં રંગ બેરંગી નૂરાની પોશાક પહેરશે અને જે બંદાએ ઈબાદત અને ખિદમત ઝાઝી કરી હશે અને

સવાબ તથા ઈનામનો વધુ હકદાર થયો હશે તો તે સાતમા આસમાનમાં ખુશીઓ મનાવશે અને સહેલ મોજમઝા કરશે. એ બંદો બખ્શીશની પાંખો દ્વારા ઉડ્ડયન કરશે. માથા પર કરામતનો તાજ ધારણ કરીને શાંતિ તથા સુખના લિબાસમાં તે હઝરતે અંબિયા તથા ઓલિયા સાથે સહેલ કરતો રહેશે. સાકીએ કૌસર મુશકિલકુશા મૌલા અલીના મુબારક હાથેથી તે શરાબે તહુરનું પાન કરતો રહેશે અને તે ફઝલો કમાલના મહાલયોમાં તસવ્વું-રાતી હુરો સુધી પહોંચી જશે. જન્નતમાં બધા સાફ દિલના અને દિનદાર મોમિનો એક થઈ જશે. ત્યાં વધારો ઘટાડો જરાય નહીં રહે. મોમિનો માટે ત્યાં કોઈ જાતનો શોક સંતાપ કે દુખ દરદ ચિંતા તકલીફ કે મોત પણ નહીં રહે.

**ઓ મોમિનો જે માણસ દુનિયામાં**

**ઈમામના ફરમાન સાંભળે અને સમજે અને તેના પર અમલ કરશે, તેને આખરતમાં એવી એવી ન્યામતો, દૌલતો અને સુખનાં સાધનો મળશે. માટે મોમનોએ હંમેશા ખુદાવંદ-તઆલાના ફરમાનમાં રહેવું જોઈએ અને જે કંઈ તેને માટે આદેશ હોય તે તાત્કાલિક હોંશે હોંશે અમલમાં મુકવા જોઈએ.**

મોમનનું સૌથી પહેલું કામ તો એ છે કે પોતાના ઈમામે વક્તને ઓળખે અને તેની ઈતાઅત, ઈબાદત અને મોહબ્બત કરે.

## હલાલ ભોજન અને લિબાસ

પહેલું ફરમાન જે મોમનને માટે ફરમાવવામાં આવે છે તે એ છે કે પ્રથમ તેનો ખોરાક અને લિબાસ પાક, હલાલ અને જાઈઝ હોય અને એ ચીજોનું હલાલ હોવું એ ઉપરથી છે, કે પ્રથમ તે ઈમાનદારીથી પોતાની તમામ

આવક અને નફાનો હિસાબ કરે અને તેનો દસમો ભાગ જે માલેવાજબાત છે તે સચ્ચાઈ, સફાઈ અને સાફદિલથી ઈમામે ઝમાન કે જેઓ દુનિયા અને આખરતના માલિક છે તેમના દરબારમાં પહોંચાડી દે. અને તું અત્યંત કોશીશ કરી લે કે એ હક પૂરે પૂરો અદા થઈ જાય. એ માલમાંથી હરગીઝ, હરગીઝ ન ખાવું જોઈએ કેમ કે એ ફરજની અદાયગીમાં બહુ જ હિકમતો અને બેશુમાર ફાયદાઓ છે. એ દસમો ભાગ દેવાથી તમે મોટા દરજ્જા પર પહોંચશો અને તે ન દેવાથી તમે ગુમરાહીની ખીણમાં રહી જશો અને દશોંદ દેવાથી તમારી ઈબાદતો કબુલ થઈ જશે અને તેના ન દેવાથી કબુલ થતી નથી.

ઈબાદત ત્યારે જ કબુલ થાય છે જ્યારે ખોરાક અને લિબાસ હલાલ પાક અને જાઈઝ

હોય. તે એવી રીતે કે તું પોતાના ઝમાનાના ઈમામને ઓળખે અને પોતાના માલમાંથી દશોંદ બરાબર અદા કરતો રહે. ત્યારે જ તારો ખોરાક અને પોશાક હલાલ અને જાઈઝ થઈ જાય છે અને એ પછી બીજી તમામ ઈબાદતો મકબુલ થઈ જાય છે. તે ઉપરાંત દોસ્તીની પરીક્ષા દૌલતથી થાય છે. નમાઝથી નહીં નમાઝ તો સહેલી છે. જે દરેક વિધવા ઔરત પણ પઢી શકે છે. માટે નમાઝ પડવી એ તો ઔરતો (શરીયતીઓ) નું કામ અને લક્ષણ છે અને મર્દ (હકીકતીઓ) ની સિફત તથા લક્ષણો એ છે કે તે હકીકી માશુકને માટે માલ અને જાન આપી દેવામાં પાછી પાની ન કરે. માટે **નમાઝ પડવી એ તો ઔરતોનું કામ છે અને માલ આપવો, એ મર્દોનું કામ છે. તેથી ફના થઈ જનારી ચીજોને માટે પણ જ્યાં સુધી તુ**

**કિંમત અદા નથી કરતો તો તેને કોઈ ચીજ આપવામાં નથી આવતી, તો પછી સદા બાકી રહેવાવાળી ન્યામતો, વગર કિંમતે કેમ મળી શકે?** માટે માલેવાજબાતને નિયમિત કરો (આપો) ન નમાઝને. યાને પહેલાં માલેવાઝબાત આપો અને પછી ઈબાદત કરો, કે જેથી તમે કબુલ થઈ જાઓ.

બીજું કે એ પછી તમે લોકોના માલને તમારા માલમાં હરગીઝ શામેલ ન કરો. ગનીમત સમજીને લોકોનો માલ હરગીઝ ન ખાઓ અને ખ્યાનત ન કરો અને લોકોના માલમાંથી એક દોરો પણ પોતાના પોશાકમાં શામેલ ન કરો અને પોતાના માલને કોઈ હરામ ચીજ મીલાવી નાજાઈઝ ન કરી દો અને દુશ્મની કે દંડ તરીકે પણ કોઈ પાસેથી કોઈ ચીજ લીધા ન કરો. અને પોતાના બદનને

કે જે રૂહનો પોશાક છે તેને બાતુની ગંદકીથી પાક કરી રાખે જેમ કે તકબ્બુરી, કિન્નો, અદાવત, હસદ, મોહવાસના શયતાની દુર્ગુણો અને લોકોને દુઃખ પહોંચાડવાની વૃત્તિ વગેરેનો ત્યાગ કરો. કેમ કે એ બધી ગંદકીઓ છે અને તે બાતુનને ગંદું કરી દે છે એ બધી ચીજોથી બચવું અને દૂર રહેવું મોમન પર વાજબ છે.

## નાફરમાનીનું પરિણામ

બીજું એ કે ફરમાનબરદારીમાં ચુસ્ત અને હોંશિયાર રહો. અને ખિદમત બજાવવામાં પણ હાજર અને કાયમ રહો અને ખુદાવંદે વચન આપ્યું છે, કે જે માણસ ખિદમતમાં નિયમિત અને નિસ્વાર્થ રહે છે તે આખેરતમાં અનંત સંપતિ મેળવે છે.

હ. ઈમામ મુસ્તનસિરબિલ્લાહ અ. મે ફરમાવ્યું કે અફસોસ છે એ લોકો પર જેઓ

નાફરમાની અને સુસ્તી કરે છે. અને જે કોઈ ફરમાનબરદારીના મામલામાં ત્રાંસા હોય તો એવા શખ્સોને માટે સખત આઝાબ અને દોઝખની આગમાં ઠેકાણું છે. તેઓ અતિ દુ:ખદ આઝાબમાં ગિરફતાર કાળા મોઢાના અને બહુ જ શરમીંદા થશે અને કયામતની સૌથી મોટી ગભરામણમાં તે ગુનેહગાર તરસની પીડાથી રોશે એ વખતે બરબાદી તથા હલાકતના કુવામાં, જેમાં દોઝખીઓનાં મેલાં અને પરૂં ભરેલાં હશે તેમાંથી દોઝખનો દરોગો તેઓને પીવા માટે આપશે. જેને માએ હમીમ યાને ઉકળતું પાણી કહેવામાં આવે છે, જે દોઝખીઓનાં મેલાં, અને ગંદકી ભરેલું છે. જે દોઝખની અગ્નિથી ઉકળી રહ્યું છે અને જેમાંથી દુર્ગંધ આવે છે તે પાણી પીવા મળશે.

જે કોઈ ઈમામે ઝમાનની ફરમાન બરદારી

નહીં કરે તેના માટે ઘણો આઝાબ છે અને તેને કોઈ જાતની ખુશી નસીબ નહીં થાય. માટે નાફરમાની તકબ્બુરી અને ઘમંડથી દુર રહો અને જુઓ કે તકબ્બુરી અને ઘમંડને કારણે કેવી પડતી દશા, તકલીફો અને ખુવારીઓ તથા મુસીબતો અઝાઝિલ ઉપર આવી?

જે ખુદાવંદેપાકની દરગાહનો આબરૂંદાર અને હુઝુરી ફિરશ્તો હતો અને બધા ફિરશ્તાઓ તેનું સન્માન કરતા હતા અને તે ખુદાની બંદગી તથા ઈબાદતમાં મશ્ગુલ રહેતો હતો અને તે એક ઘડીને માટે પણ ગાફલ નહોતો રહેતો. એ દરમ્યાન એક લાનતનો તોક જોવામાં આવ્યો અને ખુદાવંદ તરફથી બધા ફિરસ્તાઓને અવાજ આવ્યો કે ઓ ફિરશ્તાઓ, આ લાનતનો તોક એ માણસને માટે છે જે ફરમાને ઈલાહીની અવગણના

કરશે. આ કલામ સાંભળી બધા ફિરશ્તાઓ ધ્રુજવા લાગ્યા. ત્યારે અઝાઝિલે બધાને આશ્વાસન આપ્યું અને કહ્યું કે તમારામાંથી જેને પણ આવશે તો હું તેને છોડાવી દઈશ. તે પોતાની ઈબાદત અને મારેફત પર એટલો મગરૂર હતો કે પોતાને માટે તો નાફરમાનીની કલ્પના પણ નહોતો કરતો અને એ ન સમજ્યો કે ન ઓળખનાર લોકો જ અજાણપણામાં નાફરમાની કરે છે. ત્યાં સુધી કે હઝરત અહદીતે આદમ અબુલ બશર અલયહિસ્સલામને પેદા કર્યા અને ફિરરશ્તાઓને આદેશ ફરમાવ્યો કે આદમને સિજદો કરો. ત્યારે બધા ફિરસ્તાઓએ સિજદો કર્યો માત્ર ઈબ્લીસે ન કર્યો તેણે સિજદો કરવા માટે ઘમંડથી ઈન્કાર કરી દીધો. ત્યારે ખુદાવંદે ફરમાવ્યું કે તે સજદો કેમ ન કર્યો? ત્યારે તેણે

અરજ કરી કે તેં પોતેજ ફરમાવ્યું હતું કે તારે મારા સિવાય કોઈને સિજદો ન કરવો. વળી એ પણ છે કે આદમથી હું ઉત્તમ છું. કેમ કે એ માટીમાંથી બનેલ છે અને હું આગમાંથી છું. આમ તકબ્બુરી અને **નાફરમાનીથી તેના તમામ નેક આમાલ અને ઈબાદત બરબાદ થઈ ગઈ અને પરવરદિગારે આલમના કોપ તથા બે નિયાઝીની આગમાં બળીને તેની નેકીઓ તથા બંદગીઓ નાબુદ થઈ ગઈ.**

**આ બધું બનવાનું મુળ કારણ ના ફરમાનીને કારણે ન ઓળખવાનું અંધારૂં હતું તે ઈબાદત જે મારફત વગરની હોય તે એ આબીદને માટે સજાનું કારણ બને છે** અને તેનો કોઈ ખરીદનાર નથી હોતો તો એ ઈબાદત જે કબુલ થઈ જાય છે તે એવી ઈબાદત છે કે જેમાં તું દીનના માલીકને

ઓળખે અને તેના ફરમાન મુજબ ઈબાદત કરે અને જે કંઈ હુકમ થાય તેને કંઈ પણ ચું કે ચાં કર્યા વગર કબુલ કરે. કેમ કે મારફત વગરની ઈબાદત ભુલ અને પાપનું જ અનુસરણ છે.

દરેક ચીજ અને દરેક શખ્સના (તકલીદ) અનુકરણમાં ભુલ થાય છે. અને જે માણસ તકલીદમાં રહે તો તે તૌહીદમાં નથી પહોંચી શકતો.

માટે હકીકી મોમન એ જ છે જે પોતાના ઈમામે વક્તની પૈરવી કરે તેમના હુકમને માટે રાહ જુએ. જે કંઈ ઝમાનાના તથા અમરના માલિક ફરમાવે તેને જ સાંભળે અને અમલ કરે અને તેણે પોતાનો માલેવાજ-બાત બરાબર અદા કરવો જોઈએ અને તે દરેક રાત્રે વિચારે કે મારા પર કંઈ માલેવાજબાત બાકી છે કે નથી? કે મેં બધું દઈને અદા કરી

લીધું છે? અને અગર તેને યાદ આવે કે માલેવાજબાતમાંથી કંઈ તેના માલમાં અને તેના પર બાકી છે તો તેણે તરતજ અદા કરી દેવો જોઈએ અને જ્યારે તમે તમારા માલની દશોંદ આપો છો તો શુક્રગુઝાર રહો અને ખુશીઓ મનાવો કે તમને તૌફીક આપવામાં આવી અને તમે ઈમામે ઝમાનના હકને ઈમામ અ. સુધી પહોંચતો કર્યો.

## આખેરત પર યકીન

ઓ મોમિનો, દુનિયાની ઈતબારી અને બેકદરીના બારામાં જરા વિચારો તો ખરા કે એ કેવી નિરાશાજનક છે તેણે કોઈના દિલની મુરાદ પૂરી કરી નથી બલ્કે તેણે તો પોતાના તલબગારને નિષ્ફળ જ બનાવ્યો છે. તમે હરો ફરો અને જુઓ કે ધરતીના પટ પર કેવા કેવા માણસો હતા જેઓ દુનિયાના તલબગાર થયા

અને તેઓ એ યુધ્ધો કર્યા પણ છેવટે તેઓ પોતે જ ગુજરી ગયા અને ખતમ થઈ ગયા. પણ અંબિયા અને ઔલીયામાંથી કોઈએ પોતાને દુનિયાથી મેલા ન બનાવ્યા અને (તેનાથી ઉલ્ટું) જાહેરી બાદશાહોએ સત્તા અને સરદારી મેળવવા માટે કેટલી કોશીશો કરી. શું શું ન કર્યું પણ છેવટે કેવા નિરાશ થઈને અફસોસ સહિત મરી ગયા અને ખતમ થઈ ગયા અને તમારા બાપદાદાઓ પણ ચાલ્યા ગયા અને હવે તમારો વારો છે.

ઓ મોમિનો! તમે કેમ ગમના પ્રસંગે ગમગીની વગરના થઈને બેઠા છો અને દુનિયાની અંદર ગફલતથી નિંદ્રામાં મદહોંશ અને આખરતથી બેખબર થઈને બેઠા છો અને બેખબરી તથા નાદાનીને કારણે ખ્યાલ કરતા નથી કે કેટલાય લોકો શરીરની પરવરિશ તથા

દેહ બુદ્ધિમાંથી પરવારતા જ નથી અને આખરત તથા (મહાદનના મહા દુઃખથી બેખબરછે.) કે એ લોકો છેવટે પોતાને બહુ જાડા તગડા કરી નાખે છે પણ રૂહને કમજોર કરી નાખે છે. પણ હકીકી મોમન તો એ જ છે જે આખરતની ફિકરમાં રહે છે અને ગમ તથા ગુસ્સો (બરદાસ્ત કરી કરીને) શારીરિક રીતે નિર્બળ અને કમજોર બની જાય છે, તા કે તે બખ્શાઈ જાય અને ધ્યાન રાખજો કે ઈમાનના માર્ગમાં ઘણાં વિઘ્નો અને દુશ્મનો મોજુદ છે માટે તમારે રાત દિવસ આખરતની ફિકરમાં રહેવું જોઈએ. જે માણસ આખેરત પર ઈમાન રાખે છે તે કોઈ ગુનો કરી શકતો નથી. તેનું કારણ એ કે તેને ક્યામત વિષે જરાય શંકા નથી. અને **લોકો મોટા કે નાના ગુનાહોથી દુર નથી રહેતા તો તેનું કારણ એ છે કે તેઓ**

**કયામત વિષે શંકા કરે છે અને ધારે છે કે મરવું અને પાછા સજીવન થવું તે સાચું નથી બલ્કે તેઓ હંમેશને માટે નેસ્તો નાબુત થઈ જવાના છે. તેઓને ખબર નથી કે આઝાદી અને તેના પર યકીન ઈમામ અ. ના પવિત્ર ફરમાનથી જ પ્રાપ્ત થાય છે.** જ્યારે કોઈ માણસ ઈબાદત અને પરહેઝગારી તથા વસ્તુ માત્રની ઉત્પતિનું કારણ તથા જ્ઞાન વિજ્ઞાનની હકીકતો જાણવાની કોશીશ કરે ત્યારે ઈમામે વક્તની શનાખ્ત સુધી પહોંચી જઈ શકે છે.

પણ જાહેરી મુલ્લા મૌલવીઓએ તો સદ્દે સિકંદરી એટલે સિકંદરે ઉભી કરેલી ઈતિહાસિક દિવાલની માફક શરિયતની જાહેરીયત પોતાની સરદારી ટકાવી રાખવા માટે ખડી કરી દીધી છે અને બિચારા સામાન્ય લોકો યાજુજ અને માજુજની પેઠે બધી જાતના બગાડ, ગંદકી તથા પશુની માફક આહાર નિંદ્રા ભય અને વિષય

વાસનાની સાંકળમાં જકડાઈને રહી ગયા છે. તેઓ આ સિવાય બીજું કંઈ જાણતા નથી. એ લોકો તકલીદ (ગાડરીયા પ્રવાહ)ની જાળમાં ફસાઈ પડયા છે અને મોતના વખત સુધી એ વાતથી બેખબર રહે છે. અને માત્ર તકલીદી રીતે એક બીજાની દેખા દેખીએ આખેરતનો ઈકરાર કરે છે.

ઓ મોમિનો, તમે ખરેખર જાણી લ્યો કે તમે ખુદાની હુઝુરથી પાક પવિત્ર આકાશી દુનિયાથી આ ફાની અને ખાકી જગતમાં આવી પડયા છો અને પછી ખુદાવંદતઆલા તરફ પાછા ફરી જવાના છો. માટે કંઈક એવા કામો કરો કે તે દોસ્ત (ખુદા) ની હુઝુરમાં ખાલી હાથે ન જવું પડે. સદ્ભાગી અને સદ્ગુણી બનીને જાઓ. શરમિંદા બનીને નહિ. માટે દુનિયાની લાલચ છોડો અને આખેરતનાં

કામો સંપૂર્ણ કરો.

**જ્યારે ખુદાવંદતઆલા પૂછશે કે મેં તમને દુનિયામાં જે જે ન્યામતો ઈનાયત ફરમાવી હતી તેનો તમે કેવો અને કયે રસ્તે ઉપયોગ કર્યો? મારી શનાખ્ત અને મારી ઈબાદત કરી? કે પછી તમે મારી ન્યામતો ખાઈને તમે મારી મખલુકને દુઃખ આપવામાં મશ્ગુલ રહ્યા? અને શેતાનની તાબેદારી કરતા રહ્યા? મેં તમને આંખો, અક્કલ, હોશ હવસ અને શરીરનાં સાજાં અંગ ઉપાંગો ઈનાયત ફરમાવ્યાં તો એ બધાનો તમે શું ઉપયોગ કર્યો?** કેવાં કેવાં કામ કર્યાં? શુ તમે હાથથી હલાલ કમાણી કરી માટે રસ્તે ખર્ચ કરવા માટે ઉપયોગમાં લીધા? કે લોકોના માલ તથા પરાઈ સ્ત્રી તરફ હાથ લાંબો કરતાં રહ્યાં? કે લોકોને મારપીટ કરતા રહ્યા? શું તમે કાન દ્વારા સાચી

વાતો સાંભળતા રહ્યા હતા કે ગીબત જુઠ અને નિંદાના વાક્યો? શું તમારી ઝબાન મારા ઝિક્રથી તરબોળ રહેતી હતી કે મારા બંદાઓની બદગોઈથી? શું તમારૂં દિલ મારી મોહબ્બતમાં હતુ કે દુનિયાની મોહબ્બતમાં? શું તમારી ઈચ્છા મારા તરફ હતી કે દુનિયાની તરફ? શું તમારી આંખો સત્ય જોવાવાળી હતી કે જુઠ? શું તમે તમારા માટે અહીં ખુશનસીબી લઈને આવ્યા છો કે બદબખ્તી?

**તમારે ત્યાં (આ બધા સવાલોના) જવાબ આપવા પડશે અને પવિત્ર દિલ સિવાય ત્યાં બીજી કોઈ ચીજ તમને કામ નહીં આવે માટે દિલને દુન્યવી મોહબ્બતથી પાક કરી નાખો.**

## રૂહાની તરક્કીનો ભેદ

ઓ મોમિનો! યાહ્યા પયગમ્બર અ. નો

કિસ્સો સાંભળો. તેઓ દિવસ રાત રોયા કરતા હતા અને આરામ લેતા નહીં હતા. એક દિવસ હકતઆલા તરફથી યાહ્યા પયગમ્બર પર હઝરત જિબ્રાઈલ અ. નાઝિલ થયા અને કહ્યું કે અય યાહ્યા પયગમ્બર, પરવરદિગારે આલમીન ફરમાવે છે કે તમે આમ શા માટે રડયા કરો છો મને તમારા પર બહુ દયા આવે છે. અગર તમે બહેશ્તને માટે રૂઓ છો તો મેં તમને એ ઈનાયત કરી દીધી. અગર તમે દોઝખની બીકથી રૂદન કરતા હો તો મેં દોઝખ તમારા પર હરામ કરી દીધી.

એ સાંભળી **યાહ્યા પયગમ્બરે અરજ કરી હું ન તો બહેશ્ત માટે રડુ છું ન દોઝખના ડરથી બલ્કે યા બારીતઆલા, હુ તો તારા દીદાર માટે રૂદન કરૂં છું. ત્યારે પરવરદિગાર આલમીને ફરમાવ્યું કે અગર તમે મારા દીદાર**

**માટે આંસુ વહાવી રહ્યા છો, તો હજુ આનાથી પણ વધુ ગિરિયાઝારી વ રૂદન કરો કે જેથી તમારી આશા પુરી થાય.**

ઓ મોમિનો! જ્યાં સુધી તમે આ દુનિયામાં છો ત્યાં સુધી નિરાંતે ન બેસો પણ બહુજ ગિરિયાઝારી વ અશ્રુપાત કરતા રહો.

ઓ મોમિનો! દીદાર અને જલ્વો જોવો એ મુશ્કેલમાં મુશ્કિલ કામ છે. પણ તમો મોમિનોને માટે હાઝર પીરે, ઈલાહી દીદાર આસાન કરી દીધા છે. ઓ મોમિનો તેની કદર અને કિંમત સમજો. ગાફ઼લ ન થાઓ અને તમારા હાઝર અલીયુઝઝમાનને યાદ કરો કે જેથી તે તમારો હાથ પકડે અને તમારી હિફ઼ાઝતને માટે ખુદાના પાક નામને તમારા દિલ તથા ઝબાનથી સતત સમર્યા કરો. સતત જપ્યા કરો. કે જેથી તમે બધી જાતની

બલાઓથી, ખુદાવંદે ઝમાનના અમનો અમાનમાં રહી શકો.

-> નાનો પંદિયાત સંપૂર્ણ. <-

## બાર જવાંમર્દીઓ

આ બાર જાતની જવાંમર્દીઓ, જે હઝરત સાહેબુઝઝમાન મૌલાના શાહ મુસ્તનસિરબિલ્લાહ અ. પોતાની ઝબાન મુબારકથી ફરમાવી છે તે નીચે મુજબ છે:-

જે માણસ હકીકતી હોય તેના વાણી અને વર્તન સાચાં હોય છે. તેનું ધ્યાન અમારી તરફ રહે છે તે દુનિયામાં જ અમને મારફતની આંખો વડે જુએ છે અને તે આખરતમાં પણ પોતાના પરવરદિગારનો જલ્વો જોવા ભાગ્યશાળી થશે. જે માણસ મને દોસ્ત રાખે છે તેણે આ બાર જવાંમર્દીઓ અપનાવવી જોઈએ કે જેથી આકેબતમાં તેને ભલાઈઓ અને

બરકતો હાંસિલ થાય અને તેના દિલની મુરાદો પુરી થાય.

## ૧. દિલની પવીત્રતા

પહેલી જવાંમર્દીની નસીહત એ છે કે પ્રથમ તે માણસે પોતાના દીન દુનિયાના માલીક ઈમામે ઝમાન અ. ની ફરમાંબરદારીમાં પુરા રહેવું જોઈએ. મૌલાએ વક્તની દોસ્તીમાં સાબીત કદમ મક્કમ અને મજબુત રહેવું જોઈએ. હકતઆલાના હુકમ પર અમલ કરવો જોઈએ. દિલ સાફ અને પાક રાખવું જોઈએ તેમ કંજુસ કે તંગદિલ ન બનવું જોઈએ. કિન્નાા અને અદાવતને દિલમાંથી કાઢી નાખવા જોઈએ કેમ કે ઈમામે ઝમાન જેઓ કલમ, રૂહ અને ઝાહિર તેમજ બાતિનના સ્વામી છે તેઓ બધું જુએ છે. માટે તમે કોઈ એવું કામ હરગીઝ ન કરો કે જેથી તમારા અંતરાત્માને

નુકશાન થાય. દરેક જાતના ગંદા વિચારો તથા ફિત્નાના ખ્યાલોથી દુર રહો. તમે પોતાના દિલને શયતાનનું ઘર બનાવી ન દો બલ્કે તેને હકીકી ઈલ્મના પાણીથી ધોઈને પાક કરી દયો કે જેથી રહેમાનની જગ્યા થઈ શકે. જે દિલમાં રહેમ છે ત્યાં રહેમાનનું સ્થાનક છે અને બેરહેમ તથા કાળું દિલ એ શયતાન તથા ભૂતપ્રેતનું ઠેકાણું છે.

## ૨. દશોંદ

બીજી જવાંમર્દીનો મતલબ એ છે કે જે કામમાં હકતઆલા રાજી હોય એવાં જ કામ તથા એવી જ પ્રવૃતિ કરતા રહો. ખુદાના હુકમનો ભંગ ન કરો અને જે કંઈ તમારી આવક હોય તેમાંથી દશોંદ માલેવાજબાત કાઢી હ. મૌલાના મુર્તઝાઅલી અ. જેઓ દુનિયા તથા આખરતના માલિક છે તેમના દરબારમાં

જરા પણ ઓછું કર્યા વગર બરાબર પહોંચાડતા રહો. અત્યંત સાચા પ્યાર અને મોહબ્બતથી અને હસ્તે મુખડે ઉલ્લાસ તથા અકીદતથી એ માલ મૌલાની હુઝુરપુરનુરમાં પેશ કરવો જોઈએ. કે અમે મૌલાનો હક માલેવાજબાત અદા કરી શક્યા, મૌલા મુર્તઝા-અલીની હુઝુરપુરનુરમાં પહોંચાડવા ભાગ્યશાળી થયા અને મૌલાએ એ અતિ મહેરબાનીની રાહે કબુલ ફરમાવ્યો. આમ કરવાથી તમારી આવકનો બીજો બાકીનો ભાગ તમારે માટે હલાલ થાય છે અને તેમાં તમને ભલાઈ, સુખ, ખુશહાલી અને બરકત નસીબ થશે. દુનિયા તથા આખરેતમાં તમે માલા માલ થશો.

અગર તમે માલેવાજબાત નહીં અદા કરો તો તમારી મિસાલ એક એવા માણસ જેવી થશે જે ખેતરમાં હળ તો ચલાવે છે પણ બીજ

વાવતો નથી. અને અગર તમે તે માલેવાજબાત કોઇ બીજા માણસને આપો છો કે તે એ માલને મૌલા અ.સ.ની હુઝુરેપાકમાં પહોંચાડી દયે અને જો તે શખ્સ નથી પહોંચાડતો તો તેની મિસાલ એવાં બીજ જેવી છે કે જે તમે તમારા ખેતમજુરને આપો છો પણ તે માણસ તેને તમારા ખેતરમાં વાવવાને બદલે પોતે જ ખાઇ જાય છે (એટલે એ પણ વ્યર્થ જાય છે).

માટે તમારા પર લાઝમ અને વાજબ છે કે માલેવાજબાત તરત જ તમારા હાથે જ મૌલાના હાઝર ઈમામના દરબારમાં પહોંચાડી દો અગર કોઈ માણસ દશોંદનો ભાગ પોતાના માલમાંથી નથી કાઢતો તો તે માલ એક એવા ઘેટા માફક છે જેને ઝબ્હે કરીને લોહી વહાવ્યા વગર જ હરામ મુરદાર તથા નાપાક કરીને તેનું ગોશ્ત ખાવામાં આવે. માટે જો તમે

દશોંદ આપશો તો તમારો માલ હલાલ થશે અગર નહીં આપો તો તે દશોંદનો માલ આગ બનીને તમારા બધા માલને બાળીને ભસ્મ કરી દેશે અને તમારા માલમાંથી ખૈર બરકત શાંતિ અને સલામતિ ચાલી જશે. હકતઆલાનો હુકમ છે કે હંમેશાં બંદાઓએ ગાફ્લ થયા વગર, પોતાની હક કમાઈમાંથી હિસાબ કરીને દશોંદનો હક અદા કરવો જોઈએ કે જેથી તેઓ હલાલ ખાવાવાળા કહેવાય. આ દશોંદનો સિધ્ધાંત હઝરત શાહેમર્દાન મૌલા મુર્તઝાઅલી એ નક્કી કર્યો છે અને હકીકતી મોમિનોને માટે ફરમાવ્યું છે કે જે માણસ હકીકતી હોય અને મારા દીદારની આરઝુ રાખતો હોય તે પોતાના માલમાંથી મારો દશોંદનો ભાગ બરાબર અદા કરતો રહે અને મને પહોંચાડતો રહે, કે જેથી એ મારા દીદારને પહોંચી શકે. શરીઅતવાળાઓ

આ રહસ્ય તથા આ હુકમથી બેખબર છે. માટે દરેક ઝમાનામાં જે માણસને ઈમામે ઝમાનનો પંથ નસીબ થાય તો તેના પર વાજબ તથા લાઝમ છે કે ઈમામે ઝમાનનો હક માલેવાજબાત બરાબર અદા કરતો રહે એટલું જ નહીં પણ ઈમામે ઝમાનના ફરમાન પર પોતાના માલ જાન કુરબાન કરી દે.

ખુદાવંદતઆલા ફરમાવે છે કે મારા બંદાઓ મને જેવી રીતે અને જે કંઈ આપે છે તો હું કે જે પાક પરવરદિગાર છું તેને એકના સવા લાખ આપીશ અને મારા દીદાર પણ ઈનાયત કરીશ અને તેમને આકાશોમાં મહેલાત મકાનો, સહેલગાહો સુંદર દ્રશ્યો તથા ખુબસુરત ઈમારતો ઈનાયત કરીશ અને એ માણસ આ દુનિયાથી ગુજરી જાય છે તે માણસ હકીકતમાં પુલસિરાત પરથી પસાર થઈ ગયો ગણાય છે.

જે માણસ હકતઆલાને માટે કામ કરતો હોય, તે હકીકતમાં પોતાને માટે જ કરતો હોય છે અને જે માણસ પોતાને માટે કામ કરે છે તે હકીકતમાં બેકાર છે અને તેનું કંઈ મૂલ્ય નથી કારણ કે લોકોની ખુદી(હું પણુ) અને તેની દરેક ચીજનો સાચો માલિક ખુદા છે. અગર બંદાએ દશોંદ અદા કરી દીધી તો તેની આવકનો બાકીનો ભાગ તેના પર હલાલ થઈ જાય છે અગર દશોંદ નથી આપતો તો તેનો તમામ માલ તેને માટે હરામ થઈ જાય છે.

**હકીકતના બધાં કામો ગુપ્ત રહસ્યો જેવાં છે જે પયગમ્બર અ. વહેદત પસંદ એટલે (અલ્લાહની એક્તામાં શ્રદ્ધા ધરાવનાર) મોમિનોને માટે મએરાજથી તોહફા તરીકે લાવ્યા હતા. આ અર્થો પેલા હજાર ન વર્ણવાયેલાં એવા રહસ્યોમાંથી છે કે જેને માટે**

હકતઆલાએ રસુલિલ્લાહ અ. ને ફરમાવ્યું કે તમે અમારાં આ રહસ્યોને બિનઅધિકારી લોકો પાસે જાહેર ન કરજો અને આ તે નસીહતો છે કે જે પયગમ્બર અ. હકીકતીઓને માટે મએરાજથી લઈ આવ્યા છે અને મોમિનો સિવાય બીજા કોઈને તેની સમજ નથી. પયગમ્બર અ. આ રહસ્યો મોમિનોને હવાલે કરી દીધાં અને (સાથે) તાકીદ પણ ફરમાવી કે આને અયોગ્ય શખ્સોથી ગુપ્ત રાખજો.

આ વાતો પણ તે ગુપ્ત રહસ્યોમાંથી છે કે હકીકતીઓની મિજલસોમાં શામેલ થતા રહેજો અને આ હકીકતી દીન ખુદાવંદ-તઆલાએ પવિત્ર સદ્દગુણી લોકોને માટે ઉતાર્યો છે. જે માણસને આ દીનની તૌફીક આપવામાં આવી છે તો તેણે તેની કદર અને

**કિંમત સમજવાની કોશીશ કરવી જોઈએ અને તમે પીરનો દામન પકડી રાખજો અને દીનના હુકમોનું બરાબર પાલન કરતા રહેજો.**

## ૩. કબુલાત અને પ્રસન્નતા

ત્રીજી જવાંમર્દીનો મતલબ એ છે કે ભલી બતાવનાર અને બુરી તજાવનાર મૌલાની ઈચ્છાને આધીન થવું અને હકતઆલા તરફથી જં કંઈ આગળ આવે તેમાં રાજી રહેવું. જે કામમાં ખુદા રાજી થાય એ કામથી બંદાએ પણ રાજી રહેવું જોઈએ અને જે ચીજથી ખુદા રાજી નથી તો બંદાએ પણ એવી ચીજથી દુર રહેવું જોઈએ. ઈમામે ઝમાનની ફરમાન-બરદારીમાં રહેવું જોઈએ અને પોતાના દિલને ઈમામે ઝમાનના ઈશ્કમાં જીવતું કરી દેવું જોઈએ કે જેથી તે બન્ને જહાનમાં અમર જીવન પ્રાપ્ત કરી શકે.

## ૪. હકને જોવાવાળી આંખ

ચોથી જવાંમર્દીનો અર્થ એ છે કે બંદાએ દરેક જગ્યાએ ખુદાવંદ કરીમને હાજર નાજર જોવા જોઈએ. અને કોઈની પણ બુરાઈ કરવી ન જોઈએ. જે લોકો કોઈ ચીજ અથવા કોઈ માણસની બુરાઈ કરતા હોય છે. તો તેનુ કારણ એ છે કે તેઓ અંધારામાં છે અને તેઓ પર અજ્ઞાનતાનું આવરણ છવાઈ ગયું હોય છે અને તેઓ તે હકીકતથી બેખબર છે. તો **ઓ હકીતતી મોમનો! ખુદાને દરેક જગ્યાએ હાજર અને નાજર સમજો. ખુદાની સૃષ્ટીને સારી સમજો. બધી ચીજોને સાચી નજરથી જોવાની ટેવ પાડો. પોતાની જાતમાં ખુદાને જોવાવાળી આંખ પેદા કરો અને અસત્ય જોવાવાળા ન થાઓ. પોતાના દિલમાં ખુદાવંદની તારીફ અને સ્તુતિ કરતા રહો અને**

**તમારા પર જે કંઈ પ્રસંગો બને તે અગર સારા હોય તો ખુદા તરફથી સમજો અને જે તમારી ટુંકી બુધ્ધીથી ઉપજાવેલા હોય તેથી તે પ્રસંગ ખરાબ થાય તો તે તમારા નફસના અંધકારથી પેદા થયેલો સમજવો. જે કંઈ તકલીફ તમારા ઉપર આવે તો તે તમારા બૂરા આમાલની સજા સમજવી માટે હંમેશા નેક આમાલ કરો અને સજાથી તથા બુરાઈઓથી તમારી જાતને બચાવો કે જેથી આખરતની ભલાઈ તરફ આગળ વધો.** ઓ મોમિનો, તમા રા દિલને પાક અને સાફ રાખો અને મહેરબાન ખુદાવંદે કરીમ સાથે મોહબ્બત કરતા રહો કે જેથી એ મૌલા પણ તમારી સાથે દોસ્તી રાખે અને હંમેશા તમારા ઝમાનાના ઈમામની પ્રીત કાયમ રાખો કે જેથી તમારૂં દિલ મૌલાના નુરથી પ્રકાશીત રહે.

## ૫. ન્યામત અને તેની પડતી

**પાંચમી જવાંમર્દીનો મતલબ એ છે કે તમારે દુન્યવી લાભથી બહુ ખુશી ન થવું જોઈએ અને નુકશાનથી નારાજ ન થવું જોઈએ પણ તમારા દિલની હાલત એક સરખી જ હોવી જોઈએ. અગર તમને કોઈ તકલીફ પહોંચે તો પણ શુકર કરવું કેમ કે એ મુસીબત તમારી ભુલના બદલામાં છે અને તમારાં પાપો દુર થવાનું સાધન છે. તે ખુદાવંદતઆલા તરફથી તેના બંદાઓ પર ઉતરેલી નથી પણ ખુદ તરફથી જ છે.** ખુદાવંદતઆલા જ્યારે કોઈ ન્યામત ઈનાયત ફરમાવે તો એને હડસેલવી અથવા એળે જવા દેવી ન જોઈએ કારણ કે એમ કરવાથી અને નાશુકરી કરવાથી ન્યામત છીનવાઈ જાય છે.

જે માણસ સતપંથનો પ્રવાસી છે તેને

ઈમામની શનાખત કે જે સૌથી મોટી ન્યામત છે તે હાંસિલ થઈ શકે છે. તો તેની કદરદાની કરવી જોઈએ કે જેથી તેને કોઈ હરાવી ન શકે. યાને બધા મેદાનમાં તેને ફતેહ મળે. અને જે કંઈ સુખ કે દુ:ખ આવે તો તેમાં તમારે સબર અને શુકરનો સાથ લઈને સાચા યાર મૌલાના હાઝર ઈમામની નઝદીકી હાંસિલ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. દુનિયાની ભલાઈ કે બુરાઈ તરફ ધ્યાન ન આપો કેમ કે જ્યારે ખુદાવંદતઆલા તમામ બંદાઓની હાલતથી વાકેફ છે તો જે કંઈ તમારી આખરતની ભલાઈનું કામ હોય છે એ જ તમને ઈનાયત કરતો રહે છે તે એવી રીતે કે તમે આખેરતમાં રાજી થઈ જાવ.

## ૬. ખુદાની પ્રસન્નતા

છઠ્ઠી જવાંમર્દી એ છે કે અગર તમે હક-

તઆલાના તલબગાર હો. તો બુઝુર્ગોના તલબગાર રહો કેમ કે ખુદા પોતાના વહાલા બંદાઓના પવીત્ર દિલમાં બિરાજમાન છે. તમારે કોઈનું દિલ ન દુખાવવું કોઈનું દિલ ન તોડો અને કોઈને નારાજ કે દુ:ખી ન કરો કેમ કે મોમિનનું દિલ ખુદાનું ઘર છે. અને નાદાન લોકો આ હકીકતથી અજાણ છે. અગર તમે પોતાની તરફથી ખુદાને રાજી કરવા માગતા હો તો તમારે મોમિનને રાજી કરવા જોઈએ કે મોમિનની પ્રસન્નતા એ ખુદાની પ્રસન્નતા છે. અગર મોમિનને કોઈ તકલીફ પહોંચાડે છે તો ખુદા એ માણસથી રાજી નથી. હકતઆલા એવા ઝાલિમથી કેમ અને ક્યારે રાજી હોઈ શકે? કે જેણે મોમન બંદાને તકલીફ પહોંચાડી હોય. માટે તમારાથી બની શકે ત્યાં સુધી મોમનોને રાઝી કરતા રહો કે જેથી તમને ભલાઈઓ તથા બરકતો પ્રાપ્ત થાય.

# ૭. દીની તથા નૈતિક માતાઓ અને બહેનો

સાતમી જવામર્દી એ છે કે તમારે પરાઈ ઔરતોને તમારી બહેનો સમજવી જોઈએ અને જો કોઈ પરાઈ સ્ત્રી તમારી પાસે આવે તો તમારી હાલત હાલક ડોલક ન થવી જોઈએ. તમારે એમજ સમજવું કે જાણે તમારી માતા અથવા બહેન તમારી પાસે આવી છે. અને અગર કોઈ પુરૂષ તમારી પાસે કોઈ સ્ત્રીનું નામ લઈને તમને કંઈ કહે તો તમારા દિલમાં ખરાબ ખ્યાલો આવવા ન જોઈએ અને તમારા દિલમાં કંઈ ફેરફાર ન થવો જોઈએ. અગર કોઈ જંગલમાં અથવા કોઈ એકાંત મકાનમાં તમે કોઈ પરસ્ત્રીને જોઈ હોય તો એ વખતે પણ તમારા દિલમાં ખરાબ ખ્યાલ ન આવવો જોઈએ. જો કે ત્યાં બીજુ કોઈ હોતું નથી પણ ખુદા તો દરેક જગ્યાએ હાજર નાજર છે. માટે

તમારે એમ સમજવું કે એ તમારી મા અથવા બહેન છે અને **પોતાના દિલને પવિત્ર તથા વશ રાખવું. તેમાં વસવસા પેદા થવા ન દેવા જોઈએ. એમ કરવાથી તમારા ઉપર ખુદાની ઈનાયત અને મહેરબાની ઉતરશે અને તમારૂં દિલ હકતઆલાની વહી ઉતરવાનું ઠેકાણું બની જશે.**

## ૮. ગીબતની દુર્ગંધ

આઠમી જવાંમર્દી એ છે કે બધી જાતના ગુનાહોથી દુર રહેવું જોઈએ. ખાસ કરીને મોમિનની ગીબતથી દૂર રહેવું જોઈએ. જે માણસ મોમિનની ગીબત કરે છે તે જાણે મૈયતનું ગોશ્ત ખાય છે. જે માણસ ગીબત કરે છે તેના ઉકરડા જેવા મોઢામાંથી એવી ભયંકર દુર્ગંધ વછુટે છે કે જેથી ફિરસ્તાઓને ત્રાસ છુટે છે અને એ બદબોથી શયતાનના દિલને કુવ્વત

મળે છે એવા માણસનો આખરેતમાં બહુ બુરો અંજામ આવે છે. તેના મોઢામાંથી દુર્ગંધ અને ગંદકી જાહેર થાય છે બધા નેક લોકો તેનાથી બેઝાર હોય છે. કોઈ તેને નજીક આવવા નથી દેતું. પછી તો એ માણસ પોતે પણ પોતાના મોંઢાની દુર્ગંધથી ત્રાસી ઉઠે છે.

જ્યારે કોઈ માણસ બીજાની નિંદા કરે છે ત્યારે સમજે છે કે ફલાણો માણસ ખરાબ છે, પણ બધા લોકોના બાતુનની ખબર તો માત્ર ખુદાને જ છે અને જેની નિંદા કરવામાં આવી તે જો બાતુનમાં સારો હોય તો નિંદા કરનાર પર બમણા ગુનાહોનો બોજ પડે છે કે તેણે ખોટું આળ ચઢાવ્યું અને નિંદા પણ કરી! એવા માણસ પર અફસોસ છે.

તમારે મોમિનોને માટે સારી જ વાત કરવી જોઈએ અને તેને પોતાની તરફથી રાજી

કરી દેવો જોઈએ અને તમારે પોતાના દિલની હિફાઝત અને સબર કરવી જોઈએ. આમ કરવાથી છેવટે તમે બહુ સુખી થઈ શકશો. **આખરતમાં તમને ખબર પડશે કે જે કામ વિષે દુનિયામાં તમારી એવી ધારણા હતી કે એ કામ થઈ જાત અથવા તો તમે એને કરી શકત તો સારૂં હતું પણ તેનાથી ઉલ્ટું આખરતમાં તમે કહેશો કે બહુ સારૂં થયું કે ફલાણું કામ ન બન્યું અથવા હુ ન કરી શક્યો. માટે તમે સમજી લ્યો કે ખુદાવંદતઆલા તમારી ભલાઈ અને બેહબુદીને તમારા કરતાં વધારે જાણે છે. તમારે પોતાના દિલમાંથી નકામાં ખોટા વસવસા કાઢી નાખવા જોઈએ.**

## ૯. બાતુની રોઝા

નવમી જવાંમર્દી એ છે કે તમારે આખા વરસના રોઝા રાખવા જોઈએ જેવી રીતે જાહેર

શરિયતી લોકો એક મહીનાના રોઝા રાખે છે.

**રોઝાનો ભાવાર્થ રિયાઝત છે એટલે કે બૂરાં કામથી બચવાનો છે. માટે તમારે પોતાની જાત પર ચાંપતી નજર રાખવી જોઈએ. દુર્ગુણો તથા ખરાબ કામોથી બચતા રહેવું જોઈએ અસભ્યતા તથા નીચતાથી પણ દૂર રહેવું જોઈએ કે જેથી ધીમે ધીમે તમારૂં દિલ પાક અને સાફ થઈ શકે.**

બીજું જાણી લ્યો કે જાહેર શરિયતી લોકો જે ત્રીસ દિવસના રોઝા રાખે છે પણ એમાં સાચો રોઝો તો એકજ દિવસનો છે જેમાં શબે કદ્ર છુપાયેલી છે. લોકો તે એક દિવસને માટે ત્રીસ દિવસના રોઝા રાખે છે અને તે દિવસ પણ એક રહસ્ય અને ઈશારો છે. જેમ માણસો એ એક દિવસને હાથ કરવા માટે ૩૦ દિવસના રોઝા રાખે છે એવી જ રીતે તમારે

પણ ખુદાના દીદાર મેળવવા માટે જીંદગીભર મહેનત અને તકલીફ ભરેલી કોશીશો કરવી જોઈએ. સબ્ર અને રિયાઝત કરવી અને પોતાના બાતિનને જીંદગીભર રોઝાથી રાખવું જોઈએ.

બાતુની રોઝાનો ભાવાર્થ એ છે કે માથાનો રોઝો એ છે કે પોતાના માથાને લોકોના પગ સમાન ગણવાનું છે અને પોતાના માથામાંથી વડાઈ, ઘમંડ અને તકબ્બુરીની તમન્ના કાઢી નાખવી જોઈએ કેમ કે મોટાઈ અને અભિમાન માત્ર હકતઆલાની પવિત્ર જાતને જ છાજે છે. કારણ કે ખુદા કાયમ અને બાદશાહીનો માલિક છે.

આંખનો રોઝો એ છે કે પરાઈ સ્ત્રી તરફ બદનજર ન કરવામાં આવે.

કાનનો રોઝો એ છે કે કાનને નીંદા સાંભળવાથી બચાવવામાં આવે.

જીભનો રોઝો એ છે કે ઝબાનને જુઠ તથા ગીબતથી રોકવામાં આવે.

દિલનો રોઝો એ છે કે દિલને શંકા કુશંકાથી બચાવવું જોઈએ.

પગનો રોઝો એ છે કે પગને અયોગ્ય જગ્યાએ જવાથી અટકાવવામાં આવે.

હાથનો રોઝો એ છે કે તેને પરાયા માલ તરફ આગળ વધવા ન દેવામાં આવે.

મોમને પોતાનાં બધાં અવયવોને રોઝાથી રાખવા જોઈએ કે જેથી તે જાલિમ ન થાય.

ખાસ કરીને ઝબાનને જુઠું બોલવાથી બચાવવી જોઈએ અને ઈમામની શાનનો ઈન્કાર કરવાથી વધારે જુઠ બીજું એક પણ નથી કે જે દુનિયા પરસ્ત ઝાલિમોએ બે દિવસની બાદશાહી માટે ઈમામનો હક ગસબ કરીને એ જુઠની પૈરવી કરી છે.

# ૧૦. હકીકી ઈશ્કની હિકમત

દસમી જવાંમર્દી એ છે કે તમે પરહેઝગાર રહો, ગુનાહોથી તૌબા કરતા રહો અને કોઈ દુન્યવી ચીજ પર ભરોસો કે દારોમદાર ન રાખો તેમજ તેના પર ફખ્ર ન કરો પરંતુ પોતાના ઈમામની કૃપાદ્રષ્ટિ પર આધાર રાખો અને ફખ્ર કરો કેમ કે બધી ચીજો તેમને જ આધારે છે. વસ્તુ માત્રને એ મૌલાનો જ આધાર છે અને એ આધાર જ સાચો છે બીજી બધી વસ્તુ ઓ ફના થઈ જનાર છે. માત્ર ઈમામે ઝમાનની ઝાત જ બાકી રહેનાર છે. જે હયાત અને કાયમ યાને હૈયુલ-કૈયુમ છે.

તમને ઈમામે ઝમાન મળ્યા પછી બીજી કોઈ ચીજની તમન્ના ન રાખવી જોઈએ. દુનિયા પર મગરૂર થવું એ અત્યંત બેવકુફી છે. તમે દુનિયાની ચીજો પર મોહબ્બત ધરાવો છો પણ

મોત આવશે તો તમારે દુનિયાથી નિરાશ થઈને ખાલી હાથે જવું પડશે. માટે તમારે એવી ઝાત પર પ્રેમ તથા આધાર રાખવો જોઈએ જે દુનિયા અને આખેરતમાં તમારી સાથે રહી શકે જેનો કદી નાશ થઈ ન શકે વળી જે તમારાથી સૌથી વધારે નઝદીક હોય જે તમારી પોતાની ખુદીથી પણ વધુ નજીક હોય અને વળી જે તમારા પર સૌથી વધારે મહેરબાન હોય તે તમારા ઝમાનાના ઈમામ જ છે. માટે તેમના પર ભરપુર મોહબ્બત રાખો અને તેમને પળવારને માટે પણ ન વિસારો.

## ૧૧. કઈ ચીજ ફખ્ર કરવાને યોગ્ય છે?

અગિયારમી જવાંમર્દી એ છે કે અગર તમને ઈમામનો પંથ મળી ગયો અને તેમની બંદગી તથા મોહબ્બતમાં તમે મશગુલ રહેતા હો તો તમે વાજબી ફખ્ર તથા આનંદના

હકદાર છો. એ સિવાય દુનિયાની કોઈ ચીજ પર ફખ્ર નહીં કરશો કેમ કે છેવટે દુનિયાની દરેક ચીજનો નાશ થઈ જનાર છે અને તે તમારે માટે દુખનું કારણ બનનાર છે.

## ૧૨. બાતુની પવિત્રતા

બારમી જવાંમરર્દી નો મતલબ એ છે કે જે કોઈ મોમન છે તેણે પોતાના જાહેર તેમજ બાતુનને પાક અને સાફ રાખવું જોઈએ કે જેથી તેની સાથે ફિરશ્તાઓ રહી શકે. જો તેનુ જાહેર તેમજ બાતુન નાપાક અને ગંદુ હશે તો તેની સાથે જાગૃત તેમજ નિંદ્રાની હાલતમાં જિન્નાત અને શયતાનો રહે છે. અને તેના દિલમાં ભુત પ્રેતનો વાસો થાય છે માટે તમારે અંદર બહાર બધી રીતે સાફ તથા પવિત્રતાથી રહેવું જરૂરી છે.

જેવી રીતે જાહેરી શરીયતી લોકો, જાહેરી

ઈબાદતને માટે પોતાની જાહેરી પાકીઝગી મેળવવા વઝુ કરે છે એવી રીતે હકીકતી મોમનોએ બાતુની પાકીઝગી કરવા માટે બાતુની વઝુ કરવું જોઈએ. મોમનને બાતુની પવિત્રતા તથા વઝુ કરતાં શીખી લેવું જોઈએ અને તેના પર અમલ કરવો જોઈએ.

ઈમામે ઝમાનની ફરમાનબરદારીમાં માથું ઝુકાવવું મોલાની બયઅતમાં હાથ દેવો, મૌલાની રાહમાં તથા આજ્ઞામાં ચાલવું, ઈમામની મોહબ્બત દિલમાં રાખવી ઈમામના પાક નામના રટણમાં ઝબાન સતત ચાલતી રાખવી, ઈમામની તારીફ તથા સ્તુતિ પ્રેમથી સાંભળવી અને ઈમામના દીદાર કરવા એ ક્રિયાઓ અનુક્રમે માંથાની, હાથની, પગની, દિલની, ઝબાનની, કાનની અને આંખની પવિત્રતાનાં સાધનો છે યાને તે હકીકી મોમનના બાતુનને સાફ કરનાર રૂહાની વઝુ છે.

**જે માણસ ઈમામના ફરમાન તથા કલામને તાબે થાય છે, તેના દરેક અવયવ પાક અને સાફ થઈ જાય છે.**

જે માણસ ઈમામે ઝમાનથી બેખબર હોય છે તે મુન્કર હોય છે અને ઈમામની ઈમામતને કબુલ નથી કરતો, યા તેમની ઈમામત અને સરદારીમાં શંકા આણે છે તો તેની મિસાલ એક ગંદા અને મેલા ઘેલા માણસ જેવી છે. માટે એવા મુન્કર મુનાફીકોથી ખુદાની પનાહ માંગો **જેમણે શરીયતને માત્ર જાહેરી પાકીઝગીમાં જ મર્યાદિત કરી દીધી છે. તેઓ બાતુની પવિત્રતા વિશે કંઈ જાણતા નથી. જો કે તેમણે જાહેરની સાથો સાથ બાતુનમાં પણ પાક અને સાફ રહેવું જોઈએ.**

ઉચ્ચ જવાંમર્દીના બાર સિદ્ધાંતોનું વર્ણન સમાપ્ત થયું. જે માણસ આ સદ્દગુણોને

આપનાવશે તો તે દીનના શહેનશાહનો ખાસ બંદો બની શકશે અને તે હકીકી દરગાહનો હકીકતી મોમન હશે.

આ એજ રહસ્યો છે જે જનાબ પયમ્બરે ખુદા મોમિનોને માટે મએરાજથી લાવેલા હતા અને તેમના આદેશ મુજબ શાહે ઔલીયા મૌલા મુર્તઝાઅલી એ જાહેર કર્યા હતા, કે તમારા ઝમાનાના ઈમામ જે હાજર જેમાના ધણી છે તેમને ઓળખો.

જે માણસ પોતાના હાઝર ઈમામને ઓળખે છે તે જ સાચો વહેદત શનાશ મોમિન છે.

ઓ મોમિનો, મૌલાના શાહ મુસ્તનસિર-બિલ્લાહ અ. ફરમાવે છે કે જે કોઈ માણસ દુનિયામાં પોતાને કંઈ અથવા કોઈ પણ વ્યક્તિ સમજે છે તો તે નાશ પામી જનાર છે અને

તે હસ્તીથી તદ્દન બેખબર છે ઈન્સાનને ન તો કોઈ હસ્તી (being) કહી શકાય કે ન તો નેસ્તી (nothing) કહી શકાય છે, તે ન તો નૂર છે, ન અંધકાર. ઈમામ કે જે સાહેબે વિલાયત છે તેવણ ખુદાવંદ અગર માણસનો હાથ પકડે તો જ તેને હસ્તી અથવા અમર જીવનના નુરથી પ્રકાશીત કહી શકાય. અગર એ માણસ ઈમામનો મુન્કર હોય અને તેણે પોતાના ઝમાનાના ઈમામને બયઅતનો હાથ ન આપ્યો હોય તો તે નેસ્તી યાને નાશવંત તથા અંધકારમય થઈ જાય છે.

ઓ મોમિનો, જે માણસે દુનિયામાં અમારા પંથની હિદાયત પ્રાપ્ત કરી હોય અને એ કારણે તેને દીનના દુશ્મનો તરફથી તકલીફ પહોંચી હોય, દીનની સેવામાં તે મહેનત અને મુસીબત ઉઠાવતો હોય અને અમારી

મોહબ્બતમાં સાચો, નિખાલસ, પ્રમાણિક અને સાફ દિલ હોય તો તેને આખરતમાં અમર શાંતિ અને સુખ નસીબ થશે અને તે પોતાના પરવરદિગારના દિદારમાં મસ્ત, પ્રફુલ્લ અને આનંદિત રહેશે.

**ઓ મોમીનો હ. મૌલાના શાહ ઈમામ મુસ્તનસિરબિલ્લાહ અ.સ. ફરમાવે છે કે જે માણસ દુનિયામાં સતપંથીઓની મિજલસમાં બેસીને દીનનું ઈલ્મ ગ્રહણ કરી તે પ્રમાણે ચાલે તો એ બંદા પર અમારી રહેમતની નજર થાય છે અને મરણ પછી તેનો રૂહ સલામતી અને શાંતિથી અલ્લાહના નુરમાં મળી જાય છે.**

## રૂહાની દીદારની શરતો

ઓ મોમિનો, હઝરત મૌલાના શાહ ઈમામ મુસ્તનસિરબિલ્લાહ અ. ફરમાવે છે કે હકીકતી મોમન તેજ છે જે દ્વેષ દુશ્મની

વગરનો અને સાફ હૃદયવાળો હોય છે. માટે જે માણસ દુનિયા અને આખેરતમાં અમારા દિદાર કરવા માંગતો હોય તો તેણે દરેક જાતના દુર્ગુણ, દુશમની અને બુરાઈઓથી બચતા રહેવું જોઈએ. આ પ્રમાણે જેનું દિલ તદ્દન નિષ્પાપ અને નિર્દોષ તેમજ પાક થયું હોય તે જ દુનિયામાં અને આખરતમાં પોતાના પરવરદિગારના દીદાર કરી શકશે. મોમન પર વાજબ અને લાઝમ છે કે તેનો પરવરદિગાર, જે દુનિયામાં જાહેર છે અને મનુષ્યના રૂપમાં છે તેને ઓળખે અને તેને જુએ કે જેથી તે આખરતમાં પણ દીદાર કરી શકે.

બધા દુર્ગુણો અને ખરાબ કામોથી દુર રહો કેમ કે તમે અહીં જે સ્વભાવ અને જે ચીજની આદતો અપનાવી હશે તો તમારા મરણ પછી તમને એવા આકારમાં ઉઠાડવામાં આવશે.

## ફિદીયાતે જવાંમર્દી

હઝરત મૌલાના શાહ ઈમામ મુસ્તનસિર-બિલ્લાહ અ. ફરમાવે છે કે:

**હાઝર ઈમામના ફરમાનમાં રહો જેથી આખરતમાં આઝાદ થશો.**

જે કોઈ દુનિયામાં પોતાને કાંઈ નહિ લેખે તો તે આખરતમાં આબાદ થયો હશે અને સાતમાં આસમાનમાં હશે.

## ફિંદીઆત નાનો બીજો

આખરતની દૌલતની વાત સાંભળો. મોમનને આખરતમાં હઝરત ખુદાવંદનો દીદાર ને મુલાકાત નશીબ થશે ને મુલકો બક્ષીસ કરશે ને મુલકોની જગ્યા સાતમા આસમાનમાં હશે. તરહ તરહના કપડાં પહેરેશે તરહ તરહના ઘોડા પર સવારી કરશે ને “શરાબે અત” ને “શરાબે તહુરા” પીશે તે તહુરા શરાબનો

પ્યાલો મુર્તઝાઅલીના હાથથી હોઝે-કઉશરમાં પીશે પચાસ હુરાઓ મોમનની નજદીક હશે. મોમન તે ઈમારતમાં મજા ખુશી ને ખુશાલી કરશે તે મોમનની ઈમારતમાં ઈબાદતના ઘર તરહ તરહના હશે એક. લીલા ઝમરૂદના મોતીનો બીઝો લાલયાકુત અને સોનાનો ત્રીજો માણેક ચોથો રૂપાનો હશે ત્યાં દિલગીરી અને ગુસ્સો નથી દુશ્મની અને અદેખાઈ અને વેરભાવના નથી ત્યાં થોડું ને વધારે ને નાનો કે મોટો નથી બધા મોમન એક રીતના હશે.

**ઈલ્મના રસ્તે મારફ્તમાં ચાલ્યા જાવ પીરે ફરમાવ્યું છે કે "ઈલ્મથી ઈમામ ને ઓળખો."**

**અઝાઝીલ ફિરસ્તો ખુદાની દરગાહમાં ઘણો પ્યારો હતો તે ખુદાની ઈબાદત બંદગી રાત અને દીવસ કરતો હતો એક ઘડી પણ**

ઈબાદત બંદગીથી ગાફલ નહી રહેતો હતો. તે વખતમાં લાનતનો તોક ખુદાના હુકમથી પેદા થયો ને ખુદાનું ફરમાન થયું કે આ લાનતનો તોક ના ફરમાની માટે છે. તે વખતે બધા મલાએક ડરતા હતા ત્યારે અઝાઝીલ બધાને સમજુતી દેતો હતો કે અગર તોકની આફત તમારામાંથી કોઈની પણ એક જણ માંથે આવશે તો હું છોડાવીશ તે એટલી મગરૂરી પોતાની ઈબાદત માથે કરતો હતો. એટલામાં હકસુબહાનહુતઆલાએ આદમ સફીઅલ્લાહને ખાકમાંથી પેદા કર્યો ને ઈન્સાન, જીન ને મલાએક પર ખુદાનું ફરમાન થયું કે આદમ ને સુજદો કરો. ત્યારે ખુદાના ફરમાન પર જીન, ઈન્સાન અને મલાએકે આદમને તુરત સુજદો કર્યો પણ તેજ એક શેતાન મલઉને હકના ફરમાનમાંથી માથું બહાર કાઢ્યું ને ઈલાહી ફરમાનમાંથી બહાર નીકળ્યો ને શેતાને બધા

મલાયકોને ભેગા કર્યા ને કહ્યુ કે મને ખબર છે કે ખુદાવંદતઆલાનું આ ફરમાન આવ્યું છે કે આદમના પુતળાને સુજદો કરો અને ખુદાના ફરમાનથી તમોએ સુજીદો કર્યો છે. પછી શેતાને કહ્યું કે મારી પેદાશ અગ્નીની છે ને મારી હૈયાતી નુરની છે. ને આદમની પેદાશ માટીની છે. ને પોતાની મગરૂરીથી કહ્યું કે આવી તેની ફરમાબરદારી હુ નહીં કરૂં એવી રીતે નકામી મગરૂરી કરી, ત્યારે તેજ વખતે ખુદાની જુલ્મની નજરથી જે કાંઈ શેતાને ઈબાદત બંદગી કરી હતી શું જાહેર ને શું ગુપ્ત હતી તે બધી માથેથી પગ સુધી બળી ગઈ ને તાબડતોબ તેની બધી મહેનત બરબાદ થઈ ગઈ ને શેતાનનું નામ ખરાબ કરનાર આણ સમજુમાં લખ્યાણું ને જે કાંઈ નેકીના કામો કર્યા હતા તે બધાં ગુનેહગારની બદીમાં હિસાબ કર્યો ને લાનતનો તોક શેતાનની

ગરદનમાં નાખ્યો તે ઘણીજ મહેનત ખેંચે છે. ને ક્યામતના દિવસ સુધી ખુવાર ને રોતો રહેશે.

**-: સમાપ્ત :-**

આ ફરમાનો હ. ઈમામ મુસ્તનસિરબિલ્લાહ અ. સ. ફરમાવી ને તેને પીરનો દરજ્જો આપવામાં આવેલો છે.